fmpb

# FMPB ફસલ

Volume 15 Issue 5 May 2025

"કેમ કે જેઓને તે અગાઉથી જાણતો હતો, તેઓને વિષે તેણે અગાઉથી ઠરાવ્યું પણ હતું કે, તેઓ તેના દીકરાની પ્રતિમા જેવા થાય, જેથી તે ઘણા ભાઈઓમાં જ્યેષ્ઠ થાય." રોમનોને પત્ર ૮:૨૯

# પવિત્રતા



## ઈશ્વરની પવિત્રતા હજી વધારે ધારણ કરો

Hyssop Flowers





# મુખપૃષ્ઠ...

## તમારા ગાલીચા નીચે શું છે ?

દરેક ખ્રિસ્તી વ્યક્તિનું અંતિમ લક્ષ્ય એ છે કે પવિત્ર જીવન જીવીને દરરોજ વધારે ઈસુના જેવુ બનવું. હોરાટિયસ બોનરે પવિત્રતાનું વર્ણન આ રીતે કર્યું છે : "પવિત્રતા આપણા વ્યક્તિત્વના દરેક ભાગ સુધી વિસ્તરે છે, આપણા જીવનને ભરે છે, આપણા જીવન પર ફેલાય છે, આપણે જે છીએ, અથવા કરીએ છીએ, અથવા વિચારીએ છીએ, અથવા બોલીએ છીએ, અથવા યોજના બનાવીએ છીએ, નાની અથવા મોટી, બાહ્ય અને આંતરિક, નકારાત્મક અથવા સકારાત્મક, આપણો પ્રેમ કરવો, આપણી નફરત, આપણું દુઃખ, આપણો આનંદ, આપણું મનોરંજન, આપણો વ્યવસાય, આપણી મિત્રતા, આપણાં સંબંધો, આપણું મૌન, આપણું બોલવું, આપણું વાંચવું, આપણું લખવું, આપણું બહાર જવું અને આપણું અંદર આવવું – આત્મા, પ્રાણ અને શરીરની દરેક હિલચાલમાં આપણાં સમગ્ર વ્યક્તિત્વમાં વિસ્તરે છે."

એક વખતે એક મજબૂત વૃક્ષ અણધારી રીતે પડી ગયું, અને ખબર પડી કે ઉધઈ અંદરથી તેનો મુખ્ય ભાગ ખાઈ ગઈ હતી. જો કે તે બહારથી ખડતલ લાગતું હતું, તે સમય જતાં પોલુ થઈ ગયું હતું. આ આપણા આત્મિક જીવન માટે શક્તિશાળી રૂપક તરીકે કામ કરે છે. આપણે આત્મિક રીતે મજબૂત, છતાં છુપાયેલા પાપો – જેમ કે આત્મિક પરોપજીવીઓ – આપણને નબળા પાડે છે.

પ્રભુના બાળકો તરીકે, જેમને તેમના હેતુઓ માટે પવિત્ર (અલગ) કહેવાતા હોય છે, આપણે ગુપ્ત રીતે કેટલાક જૂના માણસપણાને અલગ રાખીએ છીએ અને તેને વળગી રહીએ છીએ, તે જાણતા હોવા છતાં કે તે આપણને આત્મિક રીતે મારી શકે છે. આપણે આપણા જૂના જીવનના અવશેષોને પકડી રાખીએ છીએ, આપણા વિશ્વાસનું વિભાગીકરણ કરીએ છીએ. આપણે પ્રભુને કહીએ છીએ, "તમે મારા સ્વનો મોટો ભાગ મેળવી શકો છો, પરંતુ હું આ એક નાની વસ્તુ રાખી રહ્યો છું." આપણે તેમને અવગણી શકીએ નહીં, કારણ કે જ્યાં સુધી તેઓને ખુલ્લા પાડવામાં આવશે નહિ અને ખ્રિસ્તના પ્રકાશમાં આધીન કરીએ નહીં ત્યાં સુધી તે ક્યારેય દૂર નહીં થાય. ફક્ત તેમની હાજરીને અવગણવાથી, તે ધીમે ધીમે પોલુ થઈને જીવતુ ખાઈ જશે. હજી પણ આપણા બધાના હૃદયમાં પવિત્ર આત્મા દ્વારા કરવાનું કામ છે. જૂના જીવનના નાના વિભાગો હજી પણ આપણામાં પ્રતિરોધક અને સ્પષ્ટ હોઈ શકે છે. બીજા કોઈને ખબર નથી. બાહ્ય દેખાવ દ્વારા આપણે બહારથી બરાબર અને સ્વસ્થ લાગીએ છીએ, તેમ છતાં અંદરથી આપણે જીવંત રહેવા માટે સંઘર્ષ કરી રહ્યા છીએ. આપણે ફક્ત આપણા ગાલીચા હેઠળ વસ્તુઓને છુપાવીએ છીએ. તેમ છતાં, પવિત્રતાને સંપૂર્ણ શરણાગતિની જરૂર છે. આ છુપાયેલા સંઘર્ષોને અવગણવાથી ફક્ત આત્મિક સડો ઉત્પન્ન થાય છે.

આને રોકવા માટે, બે બાબતો થવી જ જોઈએ :

૧. પાપને ખુલ્લુ પાડો : ઈશ્વર સમક્ષ તેને સ્વીકારો : તેને છુપાવવાને બદલે તેને પ્રકાશમાં લાવો. જ્યારે આપણે આપણા આપણા ઊંડા પાપનો સામનો કરીએ છીએ અને કબૂલાત કરીએ છીએ ત્યારે સાચી આત્મિક પરિપક્વતા શરૂ થાય છે.

૨. તેને સંપૂર્ણપણે શરણે આવો – એકવાર પાપને ખુલ્લુ પાડ્યા પછી, આપણામાંથી તેને જવા દઈને ખ્રિસ્તને સોંપવું જોઈએ. વૃદ્ધિ અને નવીનીકરણ ત્યારે જ થઈ શકે છે જ્યારે આપણે તેને સંપૂર્ણ રીતે આધીન થઈએ છીએ.

વૃક્ષને મરવું ન હતું, અને ન તો આપણી આત્મિક ચાલને. જો આપણે આપણા છુપાયેલા સંઘર્ષોને જાહેર કરીએ અને શરણે આવીએ, તો ઉપચાર શરૂ થશે, જેનાથી આપણી ખ્રિસ્તની પ્રતિમામાં વૃદ્ધિ થઈ શકે છે. કોઈ ખાનગી કે જાહેર વિજય નથી – શ્રી જહોન સેમ્યુઅલ, પ્રમુખ, એફએમપીબી. આવો આપણા ખાનગી જીવનમાં વિજયી રહીએ અને અન્યને વિજય તરફ દોરીએ.

**- મર્સી સેલ્વિન (કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ)**

"તેથી, વહાલાઓ, આપણને એવાં વચન મળેલાં છે માટે આપણે દેહની તથા આત્માની સર્વ મલિનતાને દૂર કરીને પોતે શુદ્ધ થઈએ, અને દેવનું ભય રાખીને સંપૂર્ણ પવિત્રતા સંપાદન કરીએ."

કરિંથીઓને બીજો પત્ર ૭:૧

જ્યારે આપણે ઈશ્વરની પવિત્રતાને સમજીશું ત્યારે જ આપણે આપણા પાપની ઊંડાઈને સમજીશું.
– બિલી ગ્રેહામ

"સઘળાંની સાથે શાંતિથી વર્તો, અને પવિત્રતા કે જેના વગર કોઈ માણસ પ્રભુને દેખશે નહિ તેને ધોરણે તમે ચાલો."

હિબ્રૂઓને પત્ર ૧૨:૧૪

ઈસુને પ્રેમ કરવો અને તમને જે ગમે છે તે કરવું એ પવિત્રતા નથી. પવિત્રતા એ ઈશ્વરને પ્રેમ કરવો અને તેમને જે ગમે તે કરવું તે છે.
– સી. વેગનર

## અમારું દર્શન

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે વણખેડાયેલા ભારતીયો સુધી પહોંચો.

## અમારું ધ્યેય

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે રાષ્ટ્રને સુવાર્તા પહોંચાડવી, સમુદાયોને રૂપાંતરિત કરવા અને ભારતીય મંડળીઓની વિશાળ ભાગીદારી માટે તેઓને દર્શન જણાવવું.

એફએમપીબી દેશભરમાં મંડળી સ્થાપનાકાર્યમાં મંડળીના એક હાથ તરીકે કાર્ય કરે છે.

એફએમપીબી જુદાજુદા લોકજૂથો મધ્યે પહોંચીને સુવાર્તાપ્રચારનું કાર્ય કરે છે.

એફએમપીબી પ્રાર્થના કરવા તથા પોતાના સેવાકાર્યને ટેકો આપવા માટે મંડળીઓ, સંસ્થાઓ, કુટુંબો અને વ્યક્તિઓને આમંત્રણ આપે છે.


FMPB, House No.06, Carmel Park Society,
Nr. Carmel Methodist Church,
Gurukrupa School Road,
CTM, Ahmedahad-380026, Gujarat
Mo. 9913007205

# ફસલ

એફએમપીબીનું સત્તાવાર માસિક

*Publisher & Editor*
**S. John Berlin**

| SUBSCRIPTION | INDIA | FOREIGN |
|---|---|---|
| Annual | Rs.100 | Rs.600 |
| Life | Rs.1500 | Rs.5,000 |

H.Q: 29, High School Road, Ambattur,
Chennai - 600 053
Tel: +91-44-2657 0404 Fax: 2657 3353
Cell: 9444394342
E-mail: info@fmpb.org
Web site: www.fmpb.co.in

**Layout and Preparation:**
Communication Dept., fmpb

# જનરલ સેક્રેટરીની કલમે...



*પ્રિય પ્રાર્થના ભાગીદારો,*

*વ્યક્તિગત લેન્ટેન આરાધનાના તાજેતરના સમય દરમિયાન, લૂક ૧૯:૩૧ નું એક સરળ વાક્ય મને ખૂબ સ્પર્શી ગયું : "પ્રભુને એનો ખપ છે." ટૂંકી માહિતી હોવા છતાં, તેનો અર્થ ઊંડો છે. ગામમા જાઓ, ત્યાં તમને એક વછેરું બાંધેલું મળશે, અને જો કોઈ તમને સવાલ કરે, તો આ ચાર શબ્દો કહેજો. પરંતુ તે શબ્દો મારા હૃદયમાં પડઘો પાડતા રહ્યા છે : પ્રભુને એનો ખપ છે. કેટલાક શાસ્ત્રવચનો અધિકારથી ગર્જના કરે છે, અન્ય વચનો લોકો સ્થિરતા સાથે પોકારે છે — પરંતુ જ્યારે આપણે તેમને કામ કરવા દઈએ તો તે આપણું બદલાણ કરે છે. તે આપણને યાદ અપાવે છે કે ઈશ્વર બળ અથવા ભવ્યતા દ્વારા નહીં, પરંતુ આપણે સ્વેચ્છાએ શરણાગતિ દ્વારા કામ કરવાનું પસંદ કરે છે. સૃષ્ટિના સર્જનહાર આપણને સામાન્ય સંસાધનોવાળા સામાન્ય લોકોને — તેમના અસાધારણ સેવાકાર્યમાં આમંત્રણ આપે છે. તેમને આપણા અભાવોની જરૂર નથી, પરંતુ આપણી ભાગીદારીની ઈચ્છા છે. જેમને કોઈપણ બાબતની જરૂર નથી એવા ઈશ્વરને આપણે જરૂર છે તે એક પવિત્ર લહાવો છે. તેમણે તેમના અસાધારણ સેવાકાર્યમાં આપણને સામાન્ય સંસાધનોવાળા સામાન્ય લોકોને સામેલ કરવાનું પસંદ કર્યું છે.*

**ઉપલબ્ધતાનું સામર્થ્ય :** *ઈસુને યરૂશાલેમ લઈ જતું વછેરુ તેના સામર્થ્ય માટે પસંદ કરવામાં આવ્યું ન હતું. તે તૈયાર અથવા સુંવાળુ કરવામાં આવ્યું ન હતું. તેના પર ક્યારેય કોઈએ સવારી પણ કરી ન હતી. તે માત્ર ઉપલબ્ધ હતું. તેની પીઠ પર રાજાઓના રાજાએ યરૂશાલેમની સવારી કરી, સદીઓ જૂની ભવિષ્યવાણીને પરિપૂર્ણ કરી (ઝખાર્યા ૯:૯) અને આપણા તારણ માટે ઈશ્વરની યોજનાના અંતિમ અધ્યાયને ગતિમાં મૂક્યો. તેના અનામી માલિકે તે પ્રભુને આપ્યો, અને ઈશ્વરે ભવિષ્યવાણીને પરિપૂર્ણ કરવા અને તેમની તારણની યોજનાને આગળ વધારવા માટે તે સરળ કાર્યનો ઉપયોગ કર્યો.*

**સેવાકાર્યનો આ સાર છે :** *સામાન્ય લોકો તેમની પાસે જે છે તે આપે છે, અને ઈશ્વર તેના દ્વારા અસાધારણ કાર્ય કરે છે. સમગ્ર ઈતિહાસમાં, મિશનરીઓ અને સેવાકાર્યના ભાગીદારોએ આ જ પાઠનો પડઘો પાડ્યો છે. તે પૂર્ણતાની રાહ જોતા નથી — તે શરણાગિત માટે પૂછે છે. તે સજ્જ લોકોને કહેતા નથી, તે તેડુ પામેલાને સજ્જ કરે છે. તમારું "વછેરું" કયું છે ? તમારો સમય, પ્રતિભા, તેડુ અથવા માત્ર તમારી ઉપલબ્ધતા ? તે જે પણ છે, તેમના નમ્ર તેડાને સાંભળો : "પ્રભુને એનો ખપ છે".*

**ઊંડી શરણાગતિ માટેનું તેડું :** *"પ્રભુને તમારી શક્તિની જરૂર નથી, તેમની પાસે તેમની પોતાની પૂરતી શક્તિ છે. તે તમારી નબળાઈ માટે પૂછે છે. જે તેમની પાસે નથી." — ચાર્લ્સ સ્પર્જન. ઈશ્વર સૌથી વધુ પ્રતિભાશાળી, સૌથી શિક્ષિત અથવા સૌથી વધુ સંસાધનોવાળી વ્યક્તિની શોધમાં નથી, પરંતુ સૌથી વધુ શરણાગતિવાળી વ્યક્તિ — જે કહે છે, "પ્રભુ હું તમને મારી પાસે જે છે તે આપુ છું, ફરજથી નહીં પરંતુ પ્રેમથી આપુ છું."*

*ભારતમાં અને તેનાથી આગળ, આજના સેવાકાર્યને આવા શરણાગતિવાળા હૃદયની જરૂર છે. વ્યૂહરનાઓ અને સંસાધનો મહત્વપૂર્ણ છે. પરંતુ તેઓએ આજ્ઞાપાલન અને પ્રેમ પર આધાર રાખવો જોઈએ. વછેરાના માલિકને કોઈ ખ્યાલ નહોતો કે તેની આપવાની બાબતને પેઢીઓ સુધી યાદ કરવામાં આવશે. પરંતુ સ્વર્ગે નોંધ લીધી. શું એવું બની શકે કે તમારું અર્પણ - ભલે તે નાનું લાગે — પરંતુ ખ્રિસ્તની હાજરીને તે સ્થળોએ લઈ જઈ શકે જ્યાં તેમનું નામ ક્યારેય કોઈએ સાંભળ્યું ન હોય ? આવો આપણે વધુ પ્રાર્થના કરીએ, વધુ આપીએ, અને વધુ સેવા આપીએ — કંઈ પાછુ ન રાખીએ. ઈશ્વર તમારા હાથમાં જે પણ મૂકે છે, તેને મુક્તપણે પ્રદાન કરો. પ્રભુને તેની જરૂર છે, અને અનંતજીવન તેની અસરને પ્રગટ કરશે.*

**એક પવિત્ર માર્ગસૂચક સ્તંભ : કૃપાની એક ક્ષણ :** ઈશ્વરપિતાની કૃપાથી, એફએમપીબીના નવા જનરલ સેક્રેટરીનો સમર્પણ સમારોહ ૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, ચેન્નાઈના એમેન્યુઅલ મેથોડિસ્ટ ચર્ચ ખાતે યોજાયો હતો. એક સમારોહ કરતાં પણ વધુ, તે એક આત્મિક રીતે સમૃદ્ધ અને ઐતિહાસિક ક્ષણ હતી, જે એકતા અને હેતુ દ્વારા ચિહ્નિત થયેલ છે. આગેવાનો, ભાગીદારો, મિશનરીઓ અને સમગ્ર ભારતના પ્રાર્થના યોદ્ધાઓ, વણખેડાયેલાઓ સુધી પહોંચવા માટે અમારા વહેંચાયેલા સેવાકાર્યની ખાતરી આપવા માટે એકત્ર થયા હતા. મંડળીના વરિષ્ઠ આગેવાનો, મિશના પ્રમુખ, ભાગીદારો અને વિવિધ સંપ્રદાયોના પ્રતિનિધિઓની હાજરીથી અમારું સન્માન કરવામાં આવ્યું. પ્રાર્થનાઓ, હાજરી અને ભાગીદારી દ્વારા અમને ટેકો આપનારા તમામનો અમે આભાર માનીએ છીએ, અને તેમના ઉષ્માભર્યા આતિથ્ય માટે ઈમેન્યુઅલ મેથોડિસ્ટ મંડળીનો વિશેષ આભાર માનીએ છીએ.

**પવિત્ર આત્માની દોરવણી દ્વારા વ્યવહારમાં લાવવું:** આ સેવા ભવિષ્યવાણીની પ્રાર્થનાઓ અને ઈશ્વરની દિશાની ઊંડી સમજ દ્વારા ચિહ્નિત કરવામાં આવી હતી. જ્યારે મને નેતૃત્વની જવાબદારી મળી ત્યારે મને યાદ આવ્યું કે “ઉદયથી કે અસ્તથી કે દક્ષિણથી પણ ઉન્નતિ આવતી નથી. પણ ઈશ્વર છે, તે જ ન્યાયાધીશ છે, તે એકને નીચો પાડી નાખે છે, અને બીજાને ઊંચો કરે છે” (ગીતશાસ્ત્ર ૭૫:૬-૭). તે તેમનો હાથ છે જે નિમણૂંક કરે છે, સજ્જ કરે છે અને ટકાવી રાખે છે. આ અંત નથી, પરંતુ નવી શરૂઆત છે. ઊંડા વિશ્વાસ, મજબૂત ભાગીદારી અને વહેંચાયેલ દર્શન સાથે, અમે સુવાર્તાને વહન કરવા આગળ વધીએ છીએ, જેમણે હજી સાંભળ્યું નથી. ફસલ પુષ્કળ છે, અને આપણા ઈશ્વર સક્ષમ કરતાં વધુ છે.

આવો આપણે તેમના સામર્થ્ય અને તેમના મહિમા માટે સાથે સફર કરીએ.

**ઘઉંનો દાણો :** મને અમારા પ્રિય મિશનરી શ્રીમતી જયંતિ કાર્તિકેયન (૪૨) ના અંતિમ સંસ્કારમાં ભાગ લેવાનો ગૌરવપૂર્ણ અને હૃદયસ્પર્શી લહાવો મળ્યો. ઊંડા દુઃખ સાથે, અમે અમારા પ્રિય મિશનરી, શ્રીમતી જયંતિ કાર્તિકેયન (૪૨) જે હરિયાણામાં મોટરસાઈકલ પરથી પડ્યા બાદ તેણીને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને તેણીનું અવસાન થયું હતું. પ્રભુની એક સમર્પિત સેવિકા, તેણીના કરુણાસભર સેવાકાર્યએ અસંખ્ય જીવનોને સ્પર્શ કર્યો હતો અને એફએમપીબી પરિવાર પર એક કાયમી છાપ છોડી હતી. તેણીની દફન વિધી ૧૬ મી એપ્રિલ ૨૦૨૫ ના રોજ રતિયા પ્રભુમંદિરમાં થઈ હતી. ત્યારબાદ ફતેહાબાદના ખ્રિસ્તી કબ્રસ્તાનમાં તેમને દફન કરવામાં આવ્યા હતા, જેમાં સાથી વિશ્વાસીઓ, મિશનરીઓ અને પાળકો ઉપસ્થિત રહ્યા હતા, જેઓ તેમના વારસાને સન્માનિત કરવા માટે એકઠા થયા હતા. અમે તેમના દુઃખિત કુટુંબ – પતિ શ્રી કાર્તિકેન અને પુત્રી ઈવેન્જલિન (૨૧) અને જાસ્મિન (૧૯) પ્રત્યેની હાર્દિક સંવેદના વ્યક્ત કરીએ છીએ. ઈશ્વરની શાંતિ અને દિલાસો તેમની આસપાસ રહે. અમે તમામ સમર્થકોને અમારા મિશનરીઓની સલામતી અને સામર્થ્ય માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખવા વિનંતી કરીએ છીએ કારણ કે તેઓ પડકારજનક ક્ષેત્રોમાં સેવા આપે છે. જ્યારે અમે શ્રીમતી જયંતિના વારસાનું સન્માન કરીએ છીએ, ત્યારે અમે તમામ સમર્થકોને અમારા મિશનરીઓને પ્રાર્થનામાં યાદ રાખવા વિનંતી કરીએ છીએ – તેમની સલામતી, સંરક્ષણ અને પડકારજનક ક્ષેત્રોમાં સામર્થ્ય પ્રાપ્ત થાય એ માટે.

**નવા પદાધિકારીઓનો પરિચય – પવિત્ર આત્મા સંચાલિત મેળાવડો :** ૬ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, પાલ્યામકોટાઈમાં, એફએમપીબીના નવા પદાધિકારીઓના સફળ પરિચયના આયોજન માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ. દક્ષિણ તમિલનાડુના ૩૦૦ થી વધુ આગેવાનો, પ્રાયોજકો અને પ્રાર્થના ભાગીદારો એકતા, આરાધના અને વહેંચાયેલા હેતુની ભાવના સાથે એકત્ર થયા હતા. અર્થપૂર્ણ સંગત અને સામર્થ્યવાન પ્રાર્થના માટે જગ્યા બનાવીને, તેમના ઉત્તમ આયોજન અને આતિથ્ય માટે અમે અમારા સમર્પિત આગેવાનોનો આભાર માનીએ છીએ. અમારા પ્રમુખ શ્રી જહોન સેમ્યુઅલ, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી સેમ પોનીયા, ટ્રેઝરર સીએ નેલ્સન એલ, અને હું નવા જનરલ સેક્રેટરી તરીકે, એફએમપીબીના નવીન દર્શન – ઊંડો વિશ્વાસ, વ્યાપક કરૂણા અને નિસહાય લોકો સુધી પહોંચવાની પ્રતિબદ્ધતા જણાવી હતી. તે ઈશ્વરના તેડા માટે પ્રોત્સાહન અને તાજગીભર્યા સમર્પણનો સમય હતો.

**મંડળીના સેવાકાર્ય સાથેના સંબંધો અને ભાગીદારી :** ૫ મી એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, અમારા આગેવાનો સાથેની અર્થપૂર્ણ સંગતમાં, અમારા તિરુનેલવેલી સીએસઆઈ ડાયોસિઝના બિશપ રાઈટ રેવ. બાર્નાબાસ દ્વારા અમારું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તે ફક્ત એક મીટીંગ જ નહીં, પરંતુ પુનઃજોડાણની એક પવિત્ર ક્ષણ હતી — મંડળી અને એફએમપીબી જેવી સેવાકીય સંસ્થાઓ કેવી રીતે મહાન આદેશના આજ્ઞાપાલન સાથે મળીને ચાલી શકે છે તેનું સ્મરણ અપાવે છે.

મંડળી હંમેશાં સેવાકાર્યનું ગર્ભસ્થાન રહ્યું છે, તે વિશ્વાસુઓને પોષે છે અને તેમને ફસલના ક્ષેત્રમાં આદેશ આપે છે. સાથે મળીને, અમે સહયોગ માટે — સેવાકીય જાગૃતિ, સંયુક્ત પ્રાર્થના, યુવાનોની સામેલગીરી અને નેતૃત્વ તાલીમ — ઈશ્વરનું રાજ્ય સ્થાપવા મંડળી અને સેવાકીય સંસ્થાને વધારે નજદીક લાવીને સંરેખિત કરવાના હેતુથી નવી રીતો શોધી હતી. અમે ઈશ્વરના મુક્તિ આપવાના કાર્યમાં સક્રિય રીતે સામેલ દરેક વિશ્વાસી અને મંડળને જોવા માટે અમારી વહેંચાયેલ પ્રતિબદ્ધતાને નવીનીકરણ કરી. કૃપા કરીને આ પહેલ સાથે આગળ વધતાં પ્રાર્થના ચાલુ રાખો. આ નવીન ભાગીદારી તેમના મહિમા માટે સ્થાયી ફળ આપે એવી પ્રાર્થના.

**મિશનરીઓ ઊભા કરવા માટે રણશિંગડા દ્વારા તેડુ:** શહેરોથી ગામોમાં, ભારતની જરૂરિયાત તાકીદની છે — ફક્ત પરિવર્તન માટે જ નહીં, પણ ખ્રિસ્તના પ્રકાશ માટે. સેવાકાર્યનું તેડુ સ્પષ્ટ છે : ઈશ્વરના પ્રેમ અને સત્યને કોણ આગળ લઈ જશે ? સેવાકાર્ય માટેનું તેડુ એ દૂરનો પડઘો નથી, તે આ ભૂમિના હૃદયમાંથી દૈવીય ફરમાન છે. ઈશ્વર હા કહેવા માટે તૈયાર પેઢીને ઊભી કરી રહી છે — જે પોતાના આરામની ઉપર આજ્ઞાપાલન, સલામતીની ઉપર બલિદાનને પસંદ કરી રહી છે. આપણને સુવાર્તાની જ્યાં સૌથી વધુ જરૂર છે ત્યાં શિક્ષકો, ઉપદેશકો, નર્સો, પાળકો, મધ્યસ્થી કરનારાઓ અને દરરોજ વિશ્વાસીઓની જરૂર છે. તમે જશો ? તમે તમારા પરિવાર, તમારી મંડળી, તમારી શેરી, તમારા ગામમાંથી એકને મોકલો છો ?

**શિક્ષકો તરીકે સેવા આપવા માટેનું તેડુ :** ઝાવડા (ગુજરાત) અને પાંડેની (ઝારખંડ) ના આદિવાસી ગામોમાં, મિશન શાળાઓ શિક્ષણ દ્વારા બાળકો માટે આશા લાવી રહી છે. આ શાળાઓ શિક્ષણ કરતાં વધુ પ્રદાન કરે છે, તેઓ ઊંડી સામાજીક અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા બાળકોને ગૌરવ, સપના અને ભવિષ્ય પ્રદાન કરે છે. પરંતુ આ યુવાન જીવનોને માર્ગદર્શકોની જરૂર છે — માત્ર શિક્ષણ આપનાર નહીં, પરંતુ સેવા કરવાના હૃદયવાળા ખ્રિસ્તી શિક્ષકોની જરૂર છે. આ માત્ર એક નોકરી કરતાં વધુ છે, તે બાળકની ક્ષમતાને પ્રેરણા, ઉત્થાન અને વિશ્વાસ કરવા માટેનું તેડુ છે. જરૂરિયાત તાકીદની છે. તમે તેડાનો જવાબ આપશો ?

**પ્રાર્થના માટેનું તેડુ : આગામી મિશન કોન્ફરન્સઃ** જ્યારે આપણે તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં રાજ્ય અને પ્રાદેશિક મિશન કોન્ફરન્સની તૈયારી કરીએ છીએ, ત્યારે આપણે સુવાર્તા માટે મહત્વપૂર્ણ ઋતુના પ્રવેશદ્વારે ઊભા છીએ.

આ મેળાવડા ફક્ત કાર્યક્રમો નથી — તે દર્શન, આરાધના અને ગતિશીલતાની, **પવિત્ર આત્માની આગેવાનીવાળી ક્ષણો છે.** જીવન પરિવર્તન અને મિશનરીઓને ઊભા થતા જોવા માટે, અમને તમારી **ખંતપૂર્વકની પ્રાર્થનાઓની** જરૂર છે. આવો આપણે આ કોન્ફરન્સોને પ્રાર્થનામાં આવરી લઈએ અને ઈશ્વરના સામર્થ્યવાન કાર્ય માટે વિશ્વાસ કરીએ.

**મેનેજમેન્ટ કમિટીની મીટીંગ :** અમે ૩-૪ મે, ૨૦૨૫ ના રોજ મેનેજમેન્ટ કમિટીની બેઠક માટેની તૈયારી કરીએ છીએ, અમે તમને આયોજન અને નિર્ણય લેવાના આ મહત્વપૂર્ણ સમય માટે ઉત્સાહપૂર્ણ પ્રાર્થનામાં જોડાવા આમંત્રણ આપીએ છીએ.

અમે તમારી સતત ભાગીદારી માટે આભારી છીએ. તમારી પ્રાર્થનાઓ અને ટેકો ઈશ્વરના રાજ્ય માટે આપણે જે કાર્ય કરીએ છીએ તેને મજબૂત બનાવે છે. આવો, ઈશ્વર આપણી આગળ જાય છે અને શ્રેષ્ઠ પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ કરીને વિશ્વાસ સાથે એક સાથે આગળ વધીએ.

નમ્રતાપૂર્વક પ્રભુની સેવામાં,



**રેવ. વિજય પી. આઈઝેક**



# પવિત્રતા પર વધુ ભાર

***"હું પવિત્ર છું, માટે તમે પવિત્ર થાઓ"***
***- ૧ પિતર ૧:૧૬***

અર્માઈન, એક નાનું પ્રાણી, ફક્ત ૪ થી ૭ વર્ષ જીવે છે. આ સફેદ પ્રાણી, ૧૩ થી ૨૯ સેન્ટિમીટરની લંબાઈ અને લગભગ ૩૦૦ ગ્રામ વજન ધરાવે છે, તેની રુંવાટી માટે તેનો શિકાર કરવામાં આવે છે. પ્રાચીન સમયમાં, અર્માઈન શુદ્ધતાનું પ્રતીક માનવામાં આવતું હતું. જ્યારે શિકારીઓએ તેને પકડવાની કોશિશ કરતા, ત્યારે તે પ્રાણી તેની નૈસર્ગિક સફેદ રુંવાટીને ડાઘ લાગવા દેવાને બદલે મરી જવાનું પસંદ કરતા. શુદ્ધતા પ્રત્યેની આ ઝંખના આપણને એ યાદ અપાવે છે કે, ઈશ્વરની પ્રતિમા પ્રમણે બનાવેલ આપણે, કેવું પવિત્ર જીવન જીવવું જોઈએ.

## પવિત્રતા એટલે શું ?

પવિત્રતા એટલે અલગ થવું – વિશ્વની પાપી પ્રવૃત્તિઓથી અલગ જીવન. ઉદાહરણ તરીકે, કરારની પેટીમાં રાખવામાં આવેલી તમામ વસ્તુઓ, સામાન્ય ઉપયોગમાં લેવાતી હતી. પરંતુ જ્યારે તેઓને અલગ કરવામાં આવી અને પેટીમાં મૂકવામાં આવી, ત્યારે તે વસ્તુઓ પવિત્ર બની ગઈ હતી. (હિબ્રૂ ૯:૪). જેમ કે હિબ્રૂ ૧૨:૧૪ આપણને યાદ અપાવે છે, "પવિત્રતા કે જેના વગર કોઈ માણસ પ્રભુને દેખશે નહિ તેને ધોરણે તમે ચાલો." પવિત્રતા એ ઈશ્વરની લાક્ષણિકતા છે, અને તેમણે ઈસુ ખ્રિસ્તના શબ્દો દ્વારા તે આપણને પ્રગટ કરી છે. ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ દ્વારા, આપણા પાપોની કબપૂલાત કરીને, અને તેમના લોહી દ્વારા માફી પ્રાપ્ત કરવાથી, તેમની પ્રતિમા ધારણ કરીને, આપણે આ જગતમાં પવિત્રતાના સાક્ષી તરીકે જીવવા માટે તેડવામાં આવ્યા છીએ.

## પવિત્રતા કેમ જરૂરી છે ?

પવિત્રતાએ આપણા જીવનોના દરેક ભાગને સ્પર્શ કરવો આવશ્યક છે – આપણા કપડાં (નિર્ગમન ૪૦:૧૩-૧૫), આંખો (અયૂબ ૩૧:૧, માથ્થી ૫:૨૮), આપણી બોલી અને વિચારો (ગીતશાસ્ત્ર ૬૬:૧૮), અને વિજાતીય પાત્ર સાથે પણ (૧ કરિંથી ૩:૧૭, ૬:૧૯, ૧ પિતર ૧:૧૪, રોમનોને પત્ર ૬:૧૯, ૧૨:૧). તમામ બાબતોમાં પવિત્ર રહીને, ઉદાહરણ પૂરું પાડવા માટે આપણને તેડવામાં આવ્યા છે. ઈસુએ યોહાન ૮:૩૪ માં કહ્યું તેમ, "જો દીકરો તમને મુક્ત કરે, તો તમે ખરેખર મુક્ત થશો." તેમની કૃપાથી, આપણે પાપથી મુક્ત થઈએ છીએ અને પવિત્ર જીવન જીવવા માટે પવિત્ર છીએ.

## પવિત્રતામાં કેવી રીતે વૃદ્ધિ પામવું ?

વિલિયમ શૉ એ કહ્યું તેમ, "જે પ્રાર્થના કરવાનું શીખ્યા છે તે પવિત્ર જીવનના રહસ્યને જાણે છે અને અનુભવે છે." ઈસુએ તમામ સંજોગોમાં પ્રાર્થનાનો નમૂનો આપ્યો હતો – એકાંતમાં (માર્ક ૧:૩૫), અન્ય લોકો સાથે (લૂક ૨૧:૩૬), અને લાજરસની કબર આગળ પણ (યોહાન ૧૧:૪૧-૪૪).

પ્રાર્થના – વ્યક્તિગત, કૌટુંબિક અથવા જૂથમાં કરવામાં આવે – તે પવિત્ર જીવન માટે મહત્વપૂર્ણ છે. તે પ્રભુના બાળકોનો શ્વાસ છે, પવિત્રતાને વધારે છે અને ઈશ્વરના હૃદયને આગળ વધારે છે. જ્હોન બુનિયને કહ્યું તેમ, "ઘણીવાર પ્રાર્થના કરો, કારણ કે પ્રાર્થના એ આત્માની ઢાલ છે, ઈશ્વર માટે બલિદાન છે અને શેતાન માટે શાપ છે". બાઈબલના નાયકો – મૂસા, નહેમ્યા, એસ્તરની જેમ – આપણે પણ પ્રાર્થના દ્વારા વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ. રાજસ્થાનના એક વ્યક્તિ વિકાસની પત્નીની ખંતપૂર્વકની પ્રાર્થનાઓને કારણે વિકાસને હૃદય અને લિવરના લાંબા સમયના સોજાની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. તેણીના આંસુઓએ ઈશ્વરને સ્પર્શ કર્યો. જે આપણને જ્હોન વાન્સના શબ્દોની યાદ અપાવે છે : "જો આંખોમાં આંસુ ન હોત, તો આત્માને મેઘધનુષ્ય ન હોત".

આવો આપણે આપણા અંગત જીવન અને પરિવારોમાં પ્રાર્થના, સવાર-રાત, આપણે જે સમય પસાર કરીએ છીએ તે વધારવાનું ચાલુ રાખીએ, અને આપણે વિજયનો અનુભવ કરીશું.

પવિત્રતામાં વૃદ્ધિ પામવા માટે પ્રભુના વચનોમાં રહેવું : "જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, એટલે તે તમને મળશે" (યોહાન ૧૫:૭). ઈસુ પોતે શાસ્ત્રવચનો પર આધાર રાખતા હતા – તર્ક કરવા માટે (લૂક ૨:૪૬), અને પ્રલોભન સામે ટકી રહેવા (માથ્થી ૪:૪, ૭, ૧૦). તેવીજ રીતે, ગીતશાસ્ત્ર ૧૧૯:૭-૧૧ આપણને પ્રોત્સાહિત કરે છે, પ્રભુના વચનોને વાંચવા, અભ્યાસ કરવા અને મનન કરવા માટે કહેવામાં આવ્યું છે.

દુર્ભાગ્યે, ઘણા લોકો વચનની શક્તિની અવગણના કરે છે. પરંતુ શાસ્ત્રવચનો જીવનને પરિવર્તિત કરે છે. મારો જન્મ એક શ્રદ્ધાળુ હિન્દુ પરિવારમાં થયો હતો અને ૧૯૮૪ માં ૧૮ વર્ષની ઉંમરે, મારા પિતાથી પ્રેરિત થઈને, નવો કરાર વાંચવાનું શરૂ કર્યું હતું. ફક્ત ત્રણ મહિનામાં, મેં તેને છ વખત વાંચ્યું. ઈશ્વરે તેમના વચન દ્વારા મારી સાથે વાત કરી, જે મને પ્રભુ ઈસુનો સ્વીકાર કરવા, બાપ્તિસ્મા લેવા અને તેમને અનુસરવા તરફ દોરી ગયું. પાછલા ૪૧ વર્ષોથી, હું ઈશ્વરના બાળક તરીકે જીવું છું અને ૩૩ વર્ષોથી એફએમપીબીમાં પૂર્ણ સમયના મિશનરી તરીકે સેવા આપી હતી. ડી.એલ. મૂડીએ કહ્યું, "બાઈબલ આપણું જ્ઞાન વધારવા માટે આપવામાં આવ્યું ન હતું, પરંતુ આપણા જીવનને બદલવા માટે."

### પ્રભુના બાળકો સાથે સંગતમાં વૃદ્ધિ પામવું :

યોહાન ૧૫:૧૨ માં, ઈસુ આપણને, બીજાને પ્રેમ કરવા બોલાવે છે, જે રીતે તેમણે આપણને બલિદાનપૂર્ણ રીતે અને બિનશરતી પ્રેમ કર્યો હતો. ગુજરાતના અંબાબાની ગામમાં, જ્યારે ગામના વડાએ તેમને જાહેર કૂવાનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો ત્યારે નવા વિશ્વાસીઓએ સતાવણીનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ એક વિશ્વાસી રણજીત, દર્શન પ્રાપ્ત કર્યા પછી તેની જમીન પર કૂવો ખોદી કાઢ્યો, અને તેની પત્નીએ તેમનો વિરોધ કરનારાઓ સહિત, તમામને પાણી મુક્તપણે વહેંચવાનું પસંદ કર્યું. તેમના આ કૃત્યથી તેઓનું હૃદય નરમ પડ્યું, અને ૪૦ પરિવારોને ખ્રિસ્ત તરફ દોરી ગયું. તેમની જેમ, આપણને આપણા કૃત્યો દ્વારા ઈસુના પ્રેમનું નિદર્શન કરવા માટે કહેવામાં આવે છે.

### પવિત્રતામાં વૃદ્ધિ પામવા ફળ ઉપજાવવા ધીરજ રાખવી:

ઈસુએ આપણને કાયમી ફળ આપવાનું પસંદ કર્યું (યોહાન ૧૫:૧૬), આત્માનું ફળ (ગલાતીઓ ૫:૨૨-૨૩). યૂસફ એક શક્તિશાળી ઉદાહરણ છે (ઉત્પત્તિ ૩૭-૫૦).

ફળ ઉપજાવવા માટે, આપણે ઈસુ, વેલા સાથે જોડાયેલા રહેવું જોઈએ, તેમને આપણને શુદ્ધ કરવાની પરવાનગી આપવી જોઈએ, અને તેમના મહિમા માટે જીવવું જોઈએ. આનો અર્થ એ છે કે ઈસુ વિષે અન્ય લોકોને જણાવવું, પ્રાર્થના જૂથો બનાવવા, એફએમપીબી સેવાકાર્ય વિષે જણાવવું, માંદાઓની મુલાકાત લેવી અને આપણા સમુદાયો અને કાર્યસ્થળોએ ઈસુનો પ્રેમ ફેલાવવો.

જ્યારે આપણે પવિત્રતામાં વૃદ્ધિ પામીએ છીએ, ત્યારે આપણા જીવનો અન્યોને ખ્રિસ્ત તરફ દોરી જાય. ઈશ્વર આપણા પર કૃપા કરે. આમેન.

**રેવ. મણિમારન**

*સેક્રેટરી મોબિલાઈઝેશન – સેન્ટ્રલ રીજન, ત્રિચી*

## મૃત્યુ નોંધ



ડૉ. ટી, ક્રિસ્ટુમની (૮૫), શ્રી એન.સી.ઉજ્વલ દાસ (માન. રજી. પ્રમોશનલ સેક્રેટરી, હૈદરાબાદ) ના પ્રિય પત્ની, ૧૫ મી માર્ચે પ્રભુના મહિમામાં પ્રવેશ્યા હતા. એફએમપીબી સેવાકાર્યના સમર્પિત સમર્થક તરીકે, તેમણે વિશ્વાસપૂર્વક પ્રાર્થના અને મિશનરી કાર્યને પ્રોત્સાહન આપ્યું હતું. તેણી તેમની કરૂણા માટે જાણીતી હતી, તેણે ગરીબોને મદદ કરીને અને પ્રભુના વચનો પ્રગટ કરતા ખ્રિસ્તનો પ્રેમ વહેંચ્યો હતો. તેમના અસરકારક જીવન અને વિશ્વાસના વારસાની મોટી ખોટ અનુભવાશે. કૃપા કરીને તમારી પ્રાર્થનામાં શોકગ્રસ્ત પરિવારને યાદ રાખશો.

**- એફએમપીબી પરિવાર, સિકંદરાબાદ**

# પ્રમુખનો સંદેશો



*પ્રિય ભાઈઓ અને બહેનો*

**"હું ખ્રિસ્તને પ્રેમ કરું છું. વાત એટલી જ છે કે તમારામાંના ઘણા ખ્રિસ્તીઓ ખ્રિસ્તથી વિપરીત જીવન જીવે છે. જો ખ્રિસ્તીઓ ખરેખર ખ્રિસ્તના ઉપદેશો અનુસાર જીવન જીવે, જે બાઈબલમાં જોવા મળે છે, તો ભારત દેશ આજે ખ્રિસ્તી હોત."** *મહાત્મા ગાંધીએ સ્ટેનલી જોન્સને કહેલું આ ગહન નિવેદન, ઈસુની જેમ જીવન જીવવાની આપણી જરૂરિયાતની યાદ તાજી કરાવે છે જે ઈસુએ શીખવ્યું હતું. જ્યારે ખ્રિસ્તીઓ બાઈબલના મૂલ્યો અને સિદ્ધાંતો દ્વારા જીવે છે અને દોરી જાય છે, ત્યારે આપણે વિશ્વ પર પ્રભાવ પાડી શકીએ છીએ.*

### *"પણ તમારામાં આવું ન થાય" – તમારી સાથે એવું નથી*

*ઈશ્વરના રાજ્યના મૂલ્યો હંમેશાં આ વિશ્વના મૂલ્યોથી વિપરિત છે. મોટે ભાગે, આપણે આ ઈશ્વરીય વિરોધાભાસને સમજવા માટે સંઘર્ષ કરીએ છીએ, જેનાથી આપણા માટે ખ્રિસ્તના મન અનુસાર કાર્ય કરવું મુશ્કેલ બને છે. તેથી જ ઈસુએ તેમના શિષ્યો સાથે વ્યક્તિગત રૂપે વાત કરી અને તેમને માથ્થી ૨૦:૨૫-૨૬ માં રાજ્યના મૂલ્યો શીખવ્યાં. તેમણે સમજાવ્યું કે દુન્યવી શાસકો ગૌરવ અને વર્ચસ્વ સાથે સત્તાનો ઉપયોગ કેવી રીતે કરે છે, પરંતુ "તમારામાં આવું ન થાય" – જેઓને ખ્રિસ્તી આગેવાનીમાં તેડવામાં આવ્યા છે.*

*તેના બદલે, તેમણે કહ્યું, "તમારામાં જે કોઈ મોટો થવા ચાહે, તે તમારો સેવક થાય". ઈશ્વર આબરૂદાર વ્યક્તિઓની શોધમાં નથી, તે સેવક આગેવાનોની શોધમાં છે કારણ કે ઈશ્વરના રાજ્યમાં, મહાનતા સેવકની છે. મારી ઈચ્છા છે કે ખ્રિસ્તીઓ તરીકે, આપણે પ્રેમ અને કરુણા, નમ્રતા અને અખંડિતતાની સંસ્કૃતિમાં પ્રવેશ કરીએ. આ "નવી સંસ્કૃતિ" આપણે જે રીતે જીવીએ છીએ તેમાં થોડા ફેરફારો માટે કહે છે.*

**૧. 'ગધેડાની ફરજ' બજાવો (માથ્થી ૨૧:૨) :** *જ્યારે શિષ્યો ઉપદેશ અને સાજાપણું આપ્યા પછી પાછા ફર્યા, ત્યારે ઈસુએ તેમાંથી બેને એક અણધાર્યું કાર્ય સોંપ્યું – એક ગધેડી લાવો. જો કે તે કાર્ય હલકું લાગતું હતું, તેમ છતાં તેઓ બડબડાટ કર્યા વિના તેનું પાલન કરે છે. જેને હું 'ગધેડાની ફરજ' કહું છું : સેવાકાર્ય માટે નમ્ર કાર્યો કરવાની ઈચ્છા. ઈશ્વર આપણને જે પણ કાર્ય સોંપે છે, ગધેડાની ફરજ સહિત, શું તે આપણા પર વિશ્વાસ કરી શકે ?*

*ઘણા વર્ષો પહેલા, તિરુનેલવેલીના કોલેજના વિદ્યાર્થીઓ માટે પપનાસમમાં એક મોટો વિદ્યાર્થી કેમ્પ યોજાયો હતો. મને યાદ છે કે સેન્ટ ઝેવિઅર્સ કોલેજના પ્રોફેસર રાજદુરાયે જરૂરી શાકભાજી અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ ખરીદવાની જવાબદારી લેતા અને તેમને તિરુનેલવેલીથી પપાનાસમ સુધી બસ દ્વારા લાવતા. કોલેજના પ્રોફેસરને આ હલકું કામ કરતા જોવાનું અવિશ્વસનીય છે જેથી શિબિર ઘણાઓ માટે આશીર્વાદિત બની રહે. તે ઈશ્વરના રાજ્યના હેતુઓ માટે 'ગધેડાની ફરજ' બજાવવા તૈયાર હતા.*

*હું જાણું છું કે ઘણા એફએમપીબી આગેવાનો લાંબા અંતર સુધી ચાલે છે અથવા પરિવારોની મુલાકાત લેવા સાયકલ દ્વારા જાય છે, તેઓ તેમની સાથે બાઈબલનો અભ્યાસ કરે છે, તેમની સાથે પ્રાર્થના કરે છે અને દાતાઓ પાસેથી ફાળો એકત્રિત કરે છે. તે મુશ્કેલ છે અને તેમ છતાં તેઓ ઈશ્વરના રાજ્યની વૃદ્ધિ માટે આ 'ગધેડાની ફરજ' બજાવે છે. કેટલાક આને હલકુ કાર્ય સમજી શકે છે પરંતુ તે ખરેખર રાજ્ય માટે નિર્ણાયક છે. ઈશ્વર ચોક્કસ આવા સમર્પિત પુરુષો અને સ્ત્રીઓને આશીર્વાદ આપશે જે 'ઈશ્વરના પગપાળા સંદેશવાહકો' છે. આપણને દરેક ગામ અને શેહરમાં આવા લોકોની જરૂર છે જે ઈશ્વર માટે 'ગધેડાની ફરજ' બજાવવા તૈયાર હોય.*

**૨. આગેવાન સેવક છે, સેવક આગેવાન છે :** *ઈસુના ઉપદેશો ઊલટસૂલટ છે, આગેવાન સેવક છે, સેવક આગેવાન છે. તે સેવાની નવી સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. દરેક વ્યક્તિ – જનરલ સેક્રેટરીથી મિશનરી સુધી, પ્રમુખથી પ્રાર્થના જૂથના આગેવાન સુધી – પ્રેમ સાથે સેવા આપવા માટે તેડવામાં આવે છે, સત્તા સાથે વર્ચસ્વ નહીં. એફએમપીબીમાં નેતૃત્વ ઈસુની નમ્રતા, દયા અને કરૂણાના ઉદાહરણને પ્રતિબિંબિત કરે છે. નિઃસ્વાર્થ સેવા એ ખ્રિસ્તી ધર્મનું લક્ષણ છે.*

*એફએમપીબી, ઈશ્વરપ્રેરિત ચળવળ તરીકે, ભારતના વિવિધ ભાગોમાં ગરીબ અને કચડાયેલા લોકોના વિકાસમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે કારણ કે આપણે રાષ્ટ્રની સેવા કરવા અને રાષ્ટ્રનું નિર્માણ કરવા માંગીએ છીએ. સેવાકાર્યના ભાગરૂપે, અમે 'પુષ્પ સાક્ષરતા' પ્રોજેક્ટ્સ, આરોગ્ય સંભાળ પ્રોજેક્ટ્સ, શિક્ષણ પ્રોજેક્ટ્સ, બાળ વિકાસ પ્રોજેક્ટ્સ, આદિજાતિ વિકાસ પ્રોજેક્ટ્સ, મહિલા વિકાસ પ્રોજેક્ટ્સ, મંડળી વિકાસ પ્રોજેક્ટ્સ, આત્મિક વિકાસ પ્રોજેક્ટ્સ વગેરેમાં રોકાણ કરીશું.*

*તાજેતરમાં, મેં બ્રધર જેમ્સ ધર્મબાલન સાથે ડોનાવર સંગત અને સન્તોષ વિદ્યાલયની મુલાકાત લીધી હતી. આચાર્ય અને સ્કૂલ બોર્ડના પ્રમુખ સાથે, શાળામાં અભ્યાસ કરતા મિશનરીઓના બાળકો સાથે અડધો દિવસ પસાર કરવામાં આનંદ થયો. એફએમપીબી અને એનએસએમ મિશનરીઓના ૩૦૦ થી વધુ બાળકો શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. જ્યારે હું તેમને મળ્યો, ત્યારે હું તેમના વલણમાં ઉત્કટતા અને તેમની આંખોમાં તેજ જોઈ શક્યો હતો.*

*હું તેમને આપણા રાષ્ટ્રના ભાવિ આગેવાનો – મિશનરી ડોક્ટરો, મિશનરી એન્જિનિયર્સ, મિશનરી નાગરિક સેવકો, મિશનરી ન્યાયાધીશો, મિશનરી વૈજ્ઞાનિકો, મિશનરી શિક્ષકો, પૂર્ણ સમયના મિશનરીઓ, મિશનરી રાજકીય આગેવાનો તરીકે જોઉં છું જે સમાજમાં નિર્ણાયક પરિવર્તન લાવશે. તે ફક્ત તેમના મૃદુ જીવનોમાં રોકાણ કરવાની અમારી ઈચ્છા છે – ફક્ત શાળાકીય શિક્ષણ જ નહીં પરંતુ શાળાકીય શિક્ષણ કરતાં વધુ. અમે તેમના યુનિવર્સિટી શિક્ષણ, કારકિર્દી વિકાસ, ચારિત્ર વિકાસ અને મિશનરી તેડામાં રોકાણ કરવા માંગીએ છીએ. જેમ તમે સેવા ક્ષેત્રોની મુલાકાત લો છો, તેવી જ રીતે તમે શાળાના આચાર્ય સાથે પરામર્શ કરીને, સન્તોષ વિદ્યાલય ખાતેના શાળાના બાળકોની મુલાકાત લઈ શકો છો, તેમને પ્રોત્સાહિત કરી શકો છો અને સશક્તિકરણ કરી શકો છો.*

*જ્યારે હું ડોનાવર સંગતની મુલાકાત લેતો હતો, ત્યારે આયર્લૅન્ડથી એમી કાર્મિશેલ દ્વારા શરૂ કરાયેલ ઉત્તમ કાર્ય મને ખૂબ સ્પર્શી ગયેલું. મૂળ ૧૯૦૧ માં એમી કાર્મિશેલ દ્વારા સ્થાપના કરી (જેને 'અમ્મા' તરીકે ઓળખવામાં આવે છે) બચાવેલ બાળકોના ઘર તરીકે, ડોનાવર સંગત નિઃસ્વાર્થ સેવાનું ઉદાહરણ છે. હું ડોનાવર સંગત દ્વારા વૃદ્ધ અને ગરીબ લોકોને આપવામાં આવતી કરુણાપૂર્ણ અને સંભાળની સેવા દ્વારા પ્રેરિત થયો હતો. આમાં આશ્ચર્યની વાત નથી, કે જ્યારે હું બીજા દિવસે તિરુનેલવેલીના જીલ્લા કલેક્ટરને મળ્યો, ત્યારે મેં તેમને ખ્રિસ્તી આગેવાનોની સમર્પિતતા અને તેડાને સમજવા માટે ડોનાવર સંગત અને સંતોષ વિદ્યાલયની મુલાકાત લેવાનું પ્રોત્સાહન આપ્યું.*

*સેવક આગેવાની એટલે બહાર જવું - ભગ્ન હૃદયવાળા અને હાંસિયામાં ધકેલાયેલાઓની સેવા કરવી. સેવક આગેવાની એટલે 'જાઓ અથવા મોકલો'. આ જ ખરી ખ્રિસ્તી સેવા છે.*

**૩. રૂમાલ સાથે આગેવાની :** *એક માણસ જેમણે ક્યારેય કોઈ રાજકીય પદ નહોતુ મેળવ્યું, ક્યારેય કોઈ કંપની સ્થાપી ન હતી, અને ક્યારેય કોઈ સેનાની આગેવાની લીધી ન હતી તેમણે ધરમૂળથી જુદા જ પ્રકારની આગેવાનીનો પરિચય આપ્યો. અને તે ઘટના કોઈ કંપનીના બોર્ડરૂમમાં નહીં પરંતુ ઉપલી મેડીમાં ઘટી.*

*છેલ્લા ભોજન દરમિયાન, ઈસુએ – તેમના અધિકાર અને ભાગ્ય વિષે સંપૂર્ણ રીતે જાગૃત – મેજ પરથી ઊભા થયા, એક રૂમાલ લીધો, તેમની કમરે બાંધ્યો, અને તેમના શિષ્યોના પગ ધોવાનું શરૂ કર્યું. જે તેમની સાથે વિશ્વાસઘાત કરવાનો હતો તેના પગ પણ ધોયા. તે ક્ષણે, તેમણે પેઢીઓ માટે પ્રેમ, નેતૃત્વ અને વારસાનો અર્થ શું છે તે ફરીથી વ્યાખ્યાયિત કર્યો. વિશ્વભરમાં અંતિમ શક્તિ અને અધિકાર ધરાવતા એક સત્તામાં નહીં પરંતુ,*

રૂમાલ લઈને, સેવક તરીકે ઈસુએ રાજ્યના મૂલ્યોનું નિદર્શન કર્યું.

મને તે સ્પષ્ટ કરવા દો કે નેતૃત્વ સેવાથી શરૂ થાય છે. પછી ભલે તે વીબીએસ અથવા સન્ડે સ્કૂલ અથવા પ્રાર્થના જૂથમાં મદદ કરવી અથવા દૂરના સ્થળે મિશનરી તરીકે સેવા આપવી, ઉમદા આગેવાનો બીજાને ઉપર ઉઠાવવા માટે નીચે ઊતરે છે. ત્યાં એક સાંસ્કૃતિક પરિવર્તન આવે જ્યાં દરેક પદ માટે નહીં પણ રૂમાલ માટે કામ કરે છે.

'રૂમાલ સાથે આગેવાની' એ પગ ધોનારાઓના સમુદાયને ઉજાગર કરે છે. તે અધિકાર માટે કકળાટ કરનારની છબીને દૂર કરે છે, જ્યાં લોકો ટોચ પર જવા માટે એકબીજા પર ચઢે છે. જ્યારે આગેવાનો 'રૂમાલથી દોરી જશે' ત્યારે વિશ્વભરની તમામ સંસ્કૃતિઓમાં પરિવારો, સંગઠનો અને સમાજો પ્રગતિશીલ અને સમૃદ્ધ હશે.

પણ તમારામાં આવું ન થાય — ખ્રિસ્તી ઘરોમાં, પતિ-પત્ની ઉપર અધિકાર નહીં ચલાવે અને પત્ની પતિ પર અધિકાર નહીં ચલાવે. બંને એકબીજાને માન આપશે, એકબીજાને પ્રેમ કરશે અને એક બીજાને ઉત્થાન આપશે.

**૪. તમારું પોતાનું 'લેમ્બેરેન' સ્થાપો :** જર્મનીના ઘણા લોકો ડોક્ટર તરીકે આલ્બર્ટ શ્વિટ્ઝરને ઓળખે છે, પરંતુ તેમનું જીવન અસાધારણ કરતા વધારે હતું. તેમણે ઈશ્વરવિદ્યામાં ફિલસૂફી અને ડૉક્ટરની પદવી મેળવી હતી. તે એક કુશળ સંગીતકાર અને મહાન ફિલસૂફ હતા.

આ નોંધપાત્ર સિદ્ધિઓ હોવા છતાં, જ્યારે ઈશ્વરે તેમને તેડુ આપ્યું, ત્યારે તેમણે પોતાને સેવક બનવા માટે નમ્ર બનાવ્યો. તેમણે તબીબી ડિગ્રી મેળવી ને, ૧૯૧૪ માં, આફ્રિકાના ગબોન વિસ્તારમાં ગયા, એક તબીબી મિશનરી તરીકે, તેમની પત્ની સાથે, જે નર્સ હતી. તેમનું તેડું તેમને આફ્રિકાના જંગલોમાં લઈ ગયું, જ્યાં તેમણે ઘણાને સાજા કર્યા અને વિશ્વભરના લાખો લોકોના જીવનને સ્પર્શ્યા.

૧૯૫૨ માં, તેમના 'અવિરત માનવતાવાદી કાર્ય' માટે શાંતિનાં નોબેલ પુરસ્કારથી તેમનું સન્માન કરવામાં આવ્યું. ટાઈમ મેગેઝિને તેમને પ્રથમ પાના પર મૂક્યા અને તેમનું નામ "વિશ્વનો મહાન માણસ" રાખ્યું. શ્વિટ્ઝરે એકવાર કહ્યું હતું કે, "હું ક્યારેય સામાન્ય વ્યક્તિ બનવા માંગતો ન હતો. હું વૈશ્વિક મિશનરી બનવા માંગતો હતો." આપણને પણ તેમના જેવું જીવન જીવવા માટે કહેવામાં આવે છે — નમ્રપણે, પરંતુ દાર્શનિક આગેવાનો તરીકે. જેમને આરોગ્ય સંભાળની સુવિધાઓ ન હતી તેમને સેવા આપવા માટે શ્વિટ્ઝરે ગબોનના લેમ્બેરેન ખાતે એક મોટી હોસ્પિટલ બનાવી. આપણામાંના દરેકને આપણું પોતાનું લેમ્બેરેન શોધવું જોઈ — જે ઈશ્વરે આપેલ તેડા — અને અન્યો માટે આશીર્વાદરૂપ બનવું જોઈએ.

મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ અને પોસ્ટલ બોર્ડના સભ્ય તરીકેની નિવૃત્તિ પછી, મેં શોધી કાઢ્યું કે મારું "લેમ્બેરેન" ભારતમાં સિવિલ સર્વિસીસમાં જોડાવા માટે, પ્રતિબદ્ધ યુવક-યુવતીઓ અને મહિલાઓને સજ્જ કરી રહ્યું છે. શ્વિટ્ઝરની જેમ, હું સેવાના માર્ગે ચાલવા માંગુ છું. ગયા વર્ષે, મણિપુરની કેરોલિન નામની એક યુવતીએ આઈએએસ અધિકારી બનવાનું સપનું જોયું હતું. અમે તેને તાલીમ આપી, અને આજે, તે તેના સમુદાયની પ્રથમ મહિલા આઈએસએસ અધિકારી છે. આ કોઈના "લેમ્બેરેન" શોધવાનું ફળ છે.

તમારું લેમ્બેરેન શું છે ? તે શોધો, તેનો પીછો કરો...

**૫. 'મહાનતાના સંકેત' ને અનુસરો :** ઈસુનો નમૂનો સત્તા, પદ, કીર્તિ અને અધિકારના આપણા સંપૂર્ણ ખ્યાલને પડકારે છે. જ્યારે તેમના શિષ્યો કોણ મહાન હશે તે અંગે દલીલ કરી રહ્યા હતા, ત્યારે ઈસુએ સ્પષ્ટ કર્યું કે "જે કોઈ પણ તમારી વચ્ચે મહાન બનવાની ઈચ્છા રાખે છે તે તમારો સેવક થાય, અને જે કોઈ પ્રથમ થવા ચાહે છે તે તેનો દાસ થાય." તેનો અર્થ થાય છે, પ્રભાવશાળી બનો અને છતાં નમ્ર બનો.

મધર ટેરેસા કહે છે કે તેણીના જીવનમાં તેણીને તેડાની અંદર તેડુ મળ્યું હતું. ૧૯૪૬ માં એક ટ્રેનમાં તે કલકત્તાથી દાર્જિલિંગની મુસાફરી કરતી વખતે તેણીએ ઈશ્વરની વાણી સાંભળી. તેણીએ "ઝૂંપડપટ્ટીમાં સૌથી ગરીબ લોકોમાં તેમની સેવા કરવા માટે ખ્રિસ્તને અનુસરવાની વાણી સાંભળી". ત્યાર બાદ, થોડા મહિનાઓની તૈયારી પછી, તે કલકત્તા પરત ફર્યા, જ્યાં તેણીએ ઝૂંપડપટ્ટીમાં રહીને ધર્માદાના સેવાકાર્યની શરૂઆત કરી. એ

વાતમાં કોઈ આશ્ચર્ય નથી કે તેણીને શાંતિ માટે નોબેલ પુરસ્કાર, ભારત રત્ન પુરસ્કાર, ટેમ્પલટન પ્રાઈઝ અને અન્ય ઘણા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મધર ટેરેસાએ કહ્યું, "અન્યો માટે નહિ જીવાતુ જીવન એ જીવન જ નથી". તમારા માટે નહીં, પરંતુ અન્ય લોકો માટે જીવો. રાષ્ટ્રમાં પરિવર્તન લાવવા માટે આપણને ઘણા મધર ટેરેસા, ઘણા સેમ કમલેસેન, ઘણા પેટ્રિક જોશુઆની જરૂર છે.

પ્રભાવશાળી બનો અને સાથેસાથે નમ્ર બનો. ઈશ્વરનું રાજ્ય વિશ્વના મૂલ્યોને ઊલટાવી નાખે છે.

● નમ્ર બનો, ઘમંડી નહીં ● નમ્ર બનો, અસંસ્કારી નહીં ● કૃપાળુ બનો, અવિનયી નહીં ● સાચા બનો, જૂઠા નહીં ● માયાળુ બનો, કઠોર નહીં ● પ્રેમાળ બનો, દ્વેષપૂર્ણ નહીં ● ઉદાર બનો સ્વાર્થી નહીં

"પણ તમારામાં આવું ન થાય." ઈશ્વરની નજરમાં મહાનતા અન્યોની સેવા કરવાથી શરૂ થાય છે.

**શ્રી જહોન સેમ્યુઅલ** - પ્રમુખ - એફએમપીબી



# તિરુનેલવેલીના બિશપ સાથે ઔપચારિક મીટીંગ

જનરલ સેક્રેટરી અને હું, તિરુનેલવેલીના એફએમપીબીના આગેવાનો સાથે ગઈકાલે પલાયમકોટાઈમાં તેમના નિવાસસ્થાન પર તિરુનેલવેલીના બિશપ, રાઈટ રેવ. ડૉ. બાર્નાબાસ સાથે ખૂબ જ આશીર્વાદિત મુલાકાત રહી હતી. એફએમપીબીના ભૂતપૂર્વ ઉપ-પ્રમુખ શ્રી જેમ્સ ધર્મબાલન પણ મીટીંગમાં અમારી સાથે જોડાયા હતા.

બિશપ અમારા માટે ખૂબ જ કૃપાળુ હતા અને તેમણે પ્રશંસા કરી કે એફએમપીબીના ઘણા આગેવાનો, મિશનરીઓ આત્મિક જાગૃતિમાં તિરુનેલવેલી ડાયોસીસને મદદ કરી રહ્યા છે. તે ઈચ્છતા હતા કે એફએમપીબી સેવાકાર્યની પહેલમાં ડાયોસીસને મદદ કરવામાં તેમજ યુવા કાર્યક્રમોમાં મદદ કરવામાં સામેલ થાય. તે ઈચ્છે છે કે ઘણા એફએમપીબી મિશનરીઓ અને આગેવાનો મંડળીઓમાં સેવાકાર્ય વિષેનું દર્શન જણાવે. તેમણે જણાવ્યું હતું કે તેઓ ટૂંકા ગાળા માટે મિશન ક્ષેત્રોમાં કેટલાક પાળકોને મિશનરીઓ તરીકે મોકલવાનું વિચારશે જેથી તેઓ સેવાકાર્યનો સંપર્ક કરી શકે.

અમે સીએસઆઈ તિરુનેલવેલી ડાયોસિસ અને એફએમપીબી વચ્ચેના સહકારના કેટલાક ક્ષેત્રોની ચર્ચા કરી — પલયમકોટ્ટાઈમાં એફએમપીબી સેવાકાર્યનું પ્રદર્શનનું આયોજન, સેવાકાર્ય અંગે ખ્રિસ્તીઓમાં જાગૃતિ લાવવા, વિવિધ મંડળીઓમાં રવિવારે સેવાકાર્યો ગોઠવવા, વિવિધ મંડળીઓમાં તિરુનેલવેલી ડાયોસીસમાં ઓળખી કાઢેલા ગામોમાં સેવાકાર્યોમાં સામેલ થવું અને અરાઈકુવલ મીટીંગોનું આયોજન કરીને યુવાનો અને મહિલાઓને આત્મિક જાગૃતિમાં મદદ કરવી વગેરે. અમે તમારી પ્રાર્થનાઓની અપેક્ષા રાખીએ છીએ.

આજે, ઈશ્વરપિતાએ મને તિરુનેલવેલી ડાયોસિસ સ્કૂલના શિક્ષકોની કોન્ફરન્સમાં સંબોધન કરવાની કૃપા આપી, જ્યાં ૨૦૦૦ જેટલા લોકોએ હાજરી આપી હતી. જ્યારે શિક્ષકો બાઈબલના મૂલ્યો સાથે, શાળાઓમાંથી પાત્રતા અને યોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓ તૈયાર કરશે, ત્યારે રાષ્ટ્રમાં પરિવર્તન આવશે.

**શ્રી જહોન સેમ્યુઅલ** - પ્રમુખ એફએમપીબી

# ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડના ૧૧ માં જનરલ સેક્રેટરી તરીકે

## રેવ. વિજય પી. આઈઝેકની સમર્પણ વિધી



ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ (એફએમપીબી) ના ૧૧ માં જનરલ સેક્રેટરી તરીકે રેવ. વિજય પી. આઈઝેકની સમર્પણ વિધીનો કાર્યક્રમ ૧ લી એપ્રિલ ૨૦૨૫ ના રોજ ઈમેન્યુએલ મેથોડિસ્ટ ચર્ચ, વેપીરી, ચેન્નાઈ-૭ માં ખૂબ જ ગૌરવપૂર્ણ રીતે, આદર અને ઈશ્વરપિતાની ઊંડી કૃતજ્ઞતાની સમજ સાથે યોજાયો હતો. આ ઐતિહાસિક પ્રસંગે એફએમપીબીના જીવન અને સેવાકીય સફરની નોંધપાત્ર ક્ષણને ચિન્હિત કરી હતી, કારણ કે ઈશ્વરની કૃપા અને માર્ગદર્શન હેઠળ નેતૃત્વ સ્થાનાંતરિત થયું છે.

**સેવાનો પ્રારંભ :**

આ સેવા એફએમપીબીની યુવા આરાધના ટીમની આગેવાની હેઠળ સ્તુતિ અને આરાધનાના સમય સાથે શરૂ થઈ હતી, આનંદદાયક ગૌરવનું વાતાવરણ ઊભું થયું હતું. સેવાકીય ભાગીદારો, સ્ટાફ, વરિષ્ઠ આગેવાનો, મિશનરીઓ અને દેશભરના શુભેચ્છકો આ પવિત્ર પ્રસંગની સાક્ષી આપવા માટે એકઠા થયા હતા. એક ટૂંકી વિડીયો પ્રસ્તૂતિએ છ દાયકામાં એફએમપીબીની સફરને પ્રકાશિત કરી હતી.

**સ્વાગતા શબ્દો અને પ્રમુખનું સંબોધન :**

આ બેઠક ઔપચારિક રીતે એફએમપીબી પ્રમુખ શ્રી જહોન સેમ્યુઅલ દ્વારા ખુલ્લી મૂકવામાં આવી હતી, જેમણે હાજર તમામનું હાર્દિક સ્વાગત કર્યું હતું. તેમણે ખાસ કરીને મહાનુભાવો, મંડળીના આગેવાનો અને સેવાકાર્યના આગેવાનોના નામ દઈને તેમનો આવકાર કર્યો હતો. તેમના પ્રમુખ તરીકેના સંબોધનમાં, તેમણે સેવાકાર્યના સંદર્ભમાં આત્મિક આગેવાનીના તેડા અને જવાબદારીઓ પર પ્રકાશ પાડ્યો હતો. બાઈબલના ઉદાહરણો અને એફએમપીબીના અગ્રણીઓના વારસાને આલેખિત કરતા, તેમણે સેવક તરીકેની આગેવાની, દર્શન આપવું અને વિશ્વાસુ કારભારી પર ભાર મૂક્યો હતો. એફએમપીબીના નિવૃત્ત થતા જનરલ સેક્રેટરી શ્રી જહોન બર્લિન એસ.એ એફએમપીબીના



નવા નિયુક્ત જનરલ સેક્રેટરી રેવ. વિજય પી. આઈઝેકનો પરિચય આપ્યો હતો.

## સમર્પણનો સંદેશો અને સમારોહ :

ઔપચારિક વિધી તિરૂનેલવેલી ડાયોસીસના સીએસઆઈ બિશપ રાઈટ રેવ. એ.આર.જી.એસ. ટી. બાર્નાબાસ દ્વારા હાથ ધરવામાં આવી હતી. રેવ વિજય પી. આઈઝેકને આગળ બોલાવવામાં આવ્યા હતા અને મંડળની હાજરીમાં, પદના ગૌરવપૂર્ણ શપથ લીધા હતા. આને પગલે, મહાનુભાવો, પાળકો અને સેવાકાર્યના આગેવાનોએ તેમના પર હાથ મૂક્યા હતા, તેમને ઈશ્વરની કૃપા અને માર્ગદર્શન માટે સમર્પિત કરીને પ્રાર્થના કરી હતી. એફએમપીબીની નવોદયા ટીમે સમર્પણનાં વિશેષ ગીતમાં દોરવણી આપી હતી. ત્યાર બાદ બિશપ બાર્નાબાસે ઈશ્વરના વચનો ઉચ્ચાર્યા હતા, નવા જનરલ સેક્રેટરી અને એકત્રિત સમુદાયને શાસ્ત્રના સમયોચિત સંદેશ સાથે પ્રોત્સાહિત કર્યા હતા.

## રેવ. વિજય પી. આઈઝેક દ્વારા સ્વીકૃતિ સંબોધન :

રેવ. વિજય પી. આઈઝેકે નમ્રતાપૂર્વક નેતૃત્વની જવાબદારી સ્વીકારી હતી અને હૃદયપૂર્વક પ્રતિસાદ આપ્યો હતો. તેમણે ઈશ્વર, કારોબારી સમિતિ, તેમના પુરોગામી અને તેમના પરિવારને તેમના અવિરત સમર્થન માટે ઊંડો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સંસ્થા માટે પ્રાર્થના જીવનને વધુ ઊંડુ બનાવવા, મિશનરી સંભાળને મજબૂત કરવા, ક્ષેત્રના વિકાસને વધારવા અને ઈશ્વરના સેવાકાર્યમાં આગામી પેઢીને સક્રિય ભાગીદારીની ખાતરી કરવાનું તેમનું દર્શન જણાવ્યું હતું.

## તેમણે કહ્યું :

"જેઓએ મને વિશ્વાસુ પુરોગામીઓના પગલામાં બોલાવ્યો છે તેઓને આદર સાથે, હું મારી જાતને નમ્રતાથી ચાલવા, બલિદાનથી સેવા આપવા અને પ્રાર્થનાથી દોરવણી પામવા પ્રતિબદ્ધ છું. માત્ર ઈશ્વરના નામનો મહિમા થાઓ."

## સન્માન, વિશેષ પ્રાર્થના અને આશીર્વચન :

પાળક મોહન (ન્યૂ લાઈફ એસેમ્બલી, ચેન્નાઈ), બિશપ રાઈટ રેવ. કથિરોલી મનિકમ (ઈસીઆઈ, ચેન્નાઈ), રેવ. પ્રેમકુમાર (મેથોડિસ્ટ ચર્ચ, પુથુર), રેવ. ક્રિસ્ટોફર સેમ્યુઅલ (આસીસ્ટન્ટ ડાયોસેસન સેક્રેટરી, સીએસઆઈ કર્ણાટક સેન્ટ્રલ ડાયોસીસ), બ્રધર જી.પી.એસ. રોબિનસન (જીસસ મીટ્સ મિનિસ્ટ્રીસ), ડૉ. આઈઝેક રાજા (આઈએમએ જનરલ સેક્રેટરી), રેવ. ગનજીભાઈ (સીએનઆઈ ગુજરાત ડાયોસીસ), અને શ્રી કે.પી. કનકરાજ (પીજી લીડર અને ઈસી મેમ્બર) દ્વારા તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

નવા જનરલ સેક્રેટરી, તેમના પરિવાર અને એફએમપીબીના ભવિષ્ય માટે, સાથોસાથ વરિષ્ઠ આગેવાનો અને સેવાકાર્યના વડીલો માટે ડૉ. ચંદ્ર શેખર, એફએમપીબીના નિવૃત્ત ઉપ-પ્રમુખે વિશેષ પ્રાર્થના કરાવી હતી. બિશપ દ્વારા આશીર્વચનો ઉચ્ચારવામાં આવ્યા હતા, અને હેડક્વાર્ટર્સ સેક્રેટરી - રેવ. ડૉ. જે.જે. હેરિસે મંડળને રાત્રિભોજનમાં આમંત્રણ આપ્યું હતું.


રેવ. વિજય પી. આઈઝેકનો દીક્ષા સમારોહ તેમના સેવાકાર્ય માટે ઈશ્વરીય આગેવાનોને ઊભા કરવામાં ઈશ્વરના વિશ્વાસુપણાની સાક્ષી સમાન હતો. ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ તેમના નેતૃત્વ હેઠળ નવા સમયમાં આગળ વધતા, પ્રાર્થનામાં સાથે ઊભા રહેવાની પ્રતિબદ્ધતા અને વણખેડાયેલા ભારત માટે કાર્ય કરવાની નવી આશા સાથે એકત્રિત થયેલા લોકો છૂટા પડ્યા હતા.

**- રેવ. ડૉ. જે. જે. હેરિસ**

સેક્રેટરી – એફએમપીબી હેડક્વાર્ટર્સ

# દુઃખો વચ્ચે આનંદ

એફએમપીબી પરિવારના પ્રિય પ્રાર્થના યોદ્ધાઓ, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં શુભેચ્છાઓ. અમને ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ ઝિંઝકથી ભિંડકી સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા. ૨૬ જાન્યુઆરીએ, ચોટેલાલપુર ગામમાં રવિવારની સંગત દરમિયાન, ટોળાએ પોલીસ સાથે અમારા પર ધર્માંતરણનો આરોપ લગાવ્યો હતો. અમારી રાતોરાત ધરપકડ કરવામાં આવી હતી અને, ૨૭ જાન્યુઆરીએ, ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ ફતેહપુરની જેલમાં મોકલવામાં આવ્યા હતા. ત્યાં અમે ૧૫ ફેબ્રુઆરી સુધી રહ્યા હતા.



### અમારા દુઃખમાં ઈશ્વરનો હાથ

અમને અમારા બાળકોથી અલગ થવાની પીડા હોવા છતાં, અમે અમારા જીવનને ઈશ્વરની ઈચ્છા પ્રમાણે સમર્પિત કર્યું. તેમની હાજરીએ અમને શાસ્ત્રવચનો દ્વારા ટકાવી રાખ્યા. (યહોશુઆ ૧:૬-૭), ગીતશાસ્ત્ર ૪૬, યશાયા ૪૩), આપણને ખ્રિસ્તની પોતાની વેદનાની યાદ અપાવે છે. ઈશ્વરે અમારું રક્ષણ કર્યું – ટોળા કે પોલીસ તરફથી કોઈ હાનિ પહોંચી નથી.

### જેલમાં સેવાકાર્ય :

મેં યુવા કેદીઓને સલાહ આપી, જેમાંથી દસ જણે પસ્તાવો કર્યો અને પ્રાર્થના સ્વીકારી. મારી પત્નીએ મહિલાઓના કોષમાં સેવા આપી હતી. ૧૫ વર્ષથી સ્ત્રીરોગથી પીડાતી એ મહિલા, ઉમા દેવીને સાજાપણું મળ્યું હતું.

### પ્રાર્થનાનું સામર્થ્ય :

તમારી પ્રાર્થનાએ અમને સમર્થન આપ્યું. ૧૫ ફેબ્રુઆરીએ અમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને અમારા કાનપુરના પ્રાદેશિક સચિવ, બે સુવાર્તિકો અને મારા સસરા, રેવ. ફિલિપ બિસોય (BYM નિવૃત્ત મિશનરી)એ અમારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

તમારા પ્રેમ અને ટેકા બદલ તમારો આભાર.

**- રેવ સમરેન્દ્ર સિંગ અને શ્રીમતી સુસ્મિતા અરાઈલતા**

# બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાના જનરલ સેક્રેટરી સાથે એક મુલાકાત



આપણા પ્રમુખ શ્રી જ્હોન સેમ્યુઅલે બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાના જનરલ સેક્રેટરી રેવ. ડૉ. કાવિતો જી. ઝિમો સાથે બેંગલોરમાં બાઈબલ સોસાયટીના કાર્યાલયમાં મુલાકાત કરી હતી. તે એક ફળદાયી મુલાકાત હતી, જેમાં એફએમપીબી બાઈબલ અનુવાદકો દ્વારા અનુવાદિત વિવિધ ભાષાઓમાં બાઈબલ અનુવાદ અને બાઈબલના પ્રકાશનના ક્ષેત્રમાં, એફએમપીબી અને બાઈબલ સોસાયટી વચ્ચેની ભાગીદારી વિષે ચર્ચા કરવામાં આવી હતી. આવો પ્રાર્થના કરીએ કે આ મુલાકાત ભવિષ્યમાં આપણા બાઈબલ અનુવાદ સેવાકાર્યમાં કૂદકે ને ભૂસકે વૃદ્ધિ કરે.

# વાવવામાં આવેલો ઘઉંનો દાણો



## સેવા સંસ્થાનું ખોવાયેલું રત્ન

શ્રીમતી જયંતિ એમ. નો જન્મ ૧-૬-૧૯૮૨ ના રોજ તમિલનાડુના ધર્મપુરી જીલ્લાના પેલાકોડ તાલુકામાં થયો હતો. તેણીનો પરિવાર એક અલગ વિશ્વાસમાંથી આવતો હતો. તેઓ મિશનરીઓ દ્વારા ઈશ્વરના માર્ગમાં દોરવાયા હતા. તેણીના દાદા શ્રી ઈય્યાસ્વામી દક્ષિણ ઝોનમાં મલ્લાનુર ક્ષેત્રમાં એફએમપીબીના સુવાર્તિક હતા. તેણી પાંચ વર્ષની હતી જ્યારે તેના પિતાનું અવસાન થયું હતું જેણે પરિવારને આર્થિક મુશ્કેલીમાં ધકેલી દીધો હતો. તેણી શાંતિ અને પ્રેમની ઝંખના રાખતી હતી જે તેણીને ક્યાંય ન મળ્યા. ત્યાર બાદ તેના એક મિત્રએ તેણીની સાથે ઈસુ વિષે વાત કરી. તેણીએ પહેલા અનિચ્છા દર્શાવી હતી, પરંતુ ધીમે ધીમે તેના હૃદયનું બદલાણ થયું હતું. તેણીએ બાઈબલ વાંચવાનું શરૂ કર્યું, ઈસુના પ્રેમને સમજી, અને તેણીના પાપોની કબૂલાત કરી અને તારણની ભેટ પ્રાપ્ત કરી.

તેણીના પરિવારનો અસ્વીકાર હોવા છતાં, તેણી તેના વિશ્વાસમાં મક્કમ રહી. તે ઈશ્વરનું સેવાકાર્ય કરવા માટે પ્રતિબદ્ધ હતી. તેણી શરૂઆતમાં ચેન્નાઈમાં ૨ વર્ષ સુરક્ષા સેવામાં કામ કર્યું હતું. તે પછી તેણીની એફએમપીબીના બ્રધર માર્ટિન સાથે મુલાકાત થઈ જેમણે તેણીને સેવાકાર્યમાં જોડાવા આમંત્રણ આપ્યું. તેણીએ નલમ્પલ્લી ક્ષેત્ર, ધર્મપુરીમાં ૨ વર્ષ અને એસ.આર.કાર્યાલયમાં ૧ વર્ષ સ્થાનિક સુવાર્તિક તરીકે કાર્ય કર્યું.

તેણી ૧૫-૧૨-૧૯૯૯ના રોજ શ્રી કાર્તિકેયન એસ. સાથે લગ્નના બંધનમાં બંધાઈ હતી. સાથે મળીને, તેઓએ ૨૦૦૪ માં ઉત્તર પ્રદેશના કાચવા ખાતે તેમની મિશનરી તાલીમ પૂર્ણ કરી અને ૨૦૦૫ ના ફેબ્રુઆરીમાં પૂર્ણ સમયના મિશનરીઓ તરીકે તેમનું સેવાકાર્ય શરૂ કર્યું. ઈશ્વરે તેમને બે પુત્રીઓનો આશીર્વાદ આપ્યો. મોટી પુત્રી, મિસ ઈવેન્જલિન કે. એ તેનો સહાયક ચિકિત્સક તરીકે બીએસસીનો અભ્યાસ પૂર્ણ કર્યો છે અને નાની પુત્રી કુ. જાસ્મિને સંતોષ વિદ્યાલયમાંથી ૧૨ મા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યો છે.

નાનપણથી જ શ્રીમતી જયંતિએ પોતાનું જીવન ઈશ્વરના કાર્ય માટે સમર્પિત કર્યું છે. તેના પતિ સાથે, તેણીએ ભારતના ઘણા ઉત્તરીય પ્રદેશોમાં કામ કર્યું છે. તેઓએ રાજસ્થાનમાં, સાંગરીયા, હનુમાંગ અને સિકર જેવા સ્થળોએ સેવાકાર્ય કર્યું છે, અને હરિયાણામાં બારવાલા, પેહોવા અને રતિયાના પ્રદેશો, જેમાં તે છેલ્લે સેવાકાર્ય કરતી હતી.

સેવા ક્ષેત્રમાં, તે હંમેશાં ઝડપથી લોકોની સંસ્કૃતિને અનુકૂળ થઈ શકતી હતી. તેણી જે સમુદાયો સાથે કામ કરતી હતી તે તેઓમાંની એક બની જતી હતી. તેણે બહુવિધ મહિલાઓ અને યુવાનોની બેઠક યોજી હતી. તેણીએ વિશાળ મેળાવડામાં ઈશ્વરના વચનને હિંમતપૂર્વક પ્રગટ કર્યું હતું. તે હંમેશાં નમ્ર, તેમજ વિશ્વાસીઓ તરફ પ્રેમાળ અને સંભાળ રાખતી હતી અને દરેક બાબતમાં તેમને મદદ કરતી હતી. તેણીએ આ ક્ષેત્રના લોકોને પોતાના સ્નેહીજનો માન્યા હતા.

સેવાકાર્યને સમર્પિત તેણીના જીવનના ૨૨ વર્ષ પછી, તેણીએ ૧૪-૪-૨૦૨૫ ના રોજ ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કર્યો છે. શ્રીમતી જયંતિ તેણીના ક્ષેત્રમાં થયેલા અકસ્માતથી અવસાન પામ્યા હતા. છેલ્લી ક્ષણ સુધી, તે પ્રભુ માટે ઉત્સાહથી કામ કરતી હતી. તેણીએ તેના મહેનતુ કાર્યથી જે પ્રકાશ પાથર્યો છે તે અવિરત છે, તેને ઘણા લોકોના હૃદયમાં જીવંત રાખે છે. આવો આપણે આપણા પ્રિય મિશનરી શ્રીમતી જયંતિના ધન્ય જીવન માટે ઈશ્વરની સ્તુતિ કરીએ. અમે ઈશ્વરને તેણીના પતિ, બાળકો અને પરિવાર ઉપર શાંતિ અને દિલાસા માટે પ્રાર્થના કરીએ છીએ.

# વાવવામાં આવેલો ઘઉંનો દાણો



## વિશ્વાસમાં મુસાફરીનો અંત

શ્રીમતી એસ્તર બેબી નાથનીએલનો જન્મ ૬-૮-૧૯૫૨ ના રોજ કન્યાકુમારી જીલ્લાના એક શહેર નેયૂરમાં થયો હતો. શ્રીમતી એસ્થરે તેમનો નર્સિંગનો કોર્સ પૂરો કર્યો હતો. તેણી ૧૯૮૧ માં શ્રી નાથનીલ લોગરાજ સાથે લગ્નગ્રંથિમાં જોડાઈ હતી, જે પણ એફએમપીબીમાં એક મિશનરી હતા, ભારતના ઉત્તરીય પ્રદેશોમાં વિવિધ ક્ષેત્રોમાં ઈશ્વરના સેવાકાર્ય માટે સક્રિયપણે કાર્યરત હતા. તેમને એક પુત્ર, શ્રી જોય શાલોમ હતો, જેનો જન્મ ૧૯૮૨ માં થયો હતો. તેના શહેરમાં, જ્યારે અમારા એક મોટા મિશનરીએ આપણા રાષ્ટ્રને સુવાર્તા પ્રગટ કરવાની મિશનરીઓની જરૂરિયાત વિષે જણાવ્યું, ત્યારે શ્રીમતી એસ્થરને ઈશ્વરનું તેડુ પ્રાપ્ત થયું. જ્યારે તેણીની બહેનને અકસ્માતે આગ લાગી ત્યારે ડોક્ટરોએ આશા છોડી દીધી હતી. પરંતુ તેણીએ પ્રાર્થના કરી કે જો ઈશ્વર તેણીની બહેનને સાજાપણું આપશે, તો તે પ્રભુના સેવાકાર્ય માટે પોતાને પ્રતિબદ્ધ કરશે. આ બંને ઘટનાઓએ તેણીને સેવાકાર્યમાં જોડાવા પ્રેરણા આપી. તેણીએ તેના નિર્ણયથી તેણીના પરિવારના વિરોધને વટાવી દીધો, અને ૧૨-૮-૧૯૮૦ ના રોજ એફએમપીબીમાં જોડાઈ, જ્યારે તેણી ૨૮ વર્ષની હતી.

જ્યારે તે અમારી સંસ્થામાં જોડાઈ, ત્યારે તેણી ઉત્તર-પશ્ચિમ પ્રદેશોમાં સેવાકાર્ય શરૂ કર્યું હતું. તેના પતિની સાથે, તેણી ઉત્તર પ્રદેશના ઝાંસી સેવા ક્ષેત્રમાં, અને તેલંગાણા પીપ્પલવાડામાં, મહારાષ્ટ્રમાં સેલંબા, ગુજરાતમાં કેવાડી, અંગ્લેસ્વર, અક્કલકુવા અને રાજપીપળા સેવા ક્ષેત્રનામાં સેવાકાર્ય કર્યું છે. તેઓએ બેથેલ બાઈબલ સંસ્થામાં પણ કામ કર્યું છે. પાછળથી, તેઓ અરવલ્લી ક્ષેત્ર, સહ્યાદ્રી ક્ષેત્ર અને ભોપાલમાં પણ સેવાકાર્ય કર્યું હતું. ૩૨ વર્ષના પ્રભુના સેવાકાર્ય પછી, શ્રીમતી એસ્થર જૂન ૨૦૧૨ માં નિવૃત્ત થયા હતા.

શ્રીમતી એસ્થર પછીના વર્ષોમાં સ્વાસ્થ્યના પ્રશ્નોનો સામનો કરી રહી હતી. તે કેન્સર સામે સંઘર્ષ કરતી હતી. શ્રીમતી એસ્થર અને તેનો પતિ તેની સારવાર માટે ચેન્નાઈ ગયા હતા. બંનેએ માનવ સંસાધન વિકાસ કચેરીમાં અને ત્યારબાદ તંબરમમાં મોબિલાઈઝેશન કાર્યાલયમાં કામ કર્યું હતું. ૨૦૨૩ ના નવેમ્બરમાં તેના પતિ શ્રી નાથનીએલ અનંતકાલિક વિસામામાં પ્રવેશ્યા બાદ, તેણીનું સ્વાસ્થ્ય બગડ્યું હતું. તેણીએ ૮ મી એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કર્યો હતો.

શ્રીમતી એસ્થર હંમેશાં દરેક સમયે કૃપાળુ અને આતિથ્યશીલ હતી. તેણીએ ઈશ્વરનું સેવાકાર્ય કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે અને તેણીનું જીવન હવે ઘણા લોકોના સાક્ષી તરીકે સેવા આપે છે. તેણીએ લોકોના હૃદયને બદલવા માટે સક્રિયપણે કામ કર્યું છે અને તેમને મુક્તિ પ્રાપ્ત કરવામાં મદદ કરી છે. જેમ પાઉલે ૨ તિમોથી ૪:૭ માં જણાવ્યું છે કે "હું સારી લડાઈ લડ્યો છું, મેં દોડ પૂરી કરી છે, વિશ્વાસ રાખ્યો છે." શ્રીમતી એસ્થરે એક વિશ્વાસુ અને પ્રશંસાપાત્ર જીવન જીવ્યું હતું. આવો આપણે તેણીના પરિવારના દિલાસા માટે પ્રાર્થના કરીએ.

# ખજુવાલા ક્ષેત્ર




**રાજસ્થાન** વિસ્તારની દ્રષ્ટિએ ભારતનું સૌથી મોટું રાજ્ય છે. એક સમયે જ્યોર્જ થોમસ દ્વારા ૧૮૦૦ માં રાજપૂતાના કહેવાતું હતું અને બાદમાં તેને ઈતિહાસકાર જેમ્સ ટોડ દ્વારા રાજસ્થાન તરીકે ઓળખવવામાં આવ્યું હતું. અર્થ "કિંગ્સ ઓફ લેન્ડ". તે ઐતિહાસિક રીતે શાહી શાસકો દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યું હતું. રાજ્ય પાકિસ્તાન સાથે ૧૦૭૦ કિ.મી.ની આંતરરાષ્ટ્રીય સરહદ વહેંચે છે. જેને રેડ ક્લિફ લાઈન તરીકે ઓળખવામાં આવે છે. અને તેની રાજધાની તરીકે જયપુર છે. ભૌગોલિક દ્રષ્ટિએ, તેમાં થાર રણ, ઉત્તરમાં ધાગગર નદી અને પ્રાચીન અરવલ્લીની પર્વતમાળા છે. જેમાં માઉન્ટ આબુ – તેના એકમાત્ર હિલ સ્ટેશનનો સમાવેશ કરે છે. રાજસ્થાનમાં ૪૧ જીલ્લાઓ છે અને એક સમયે રાજપૂત કુળો મધ્યયુગીન સમયગાળામાં સત્તામાં વધારો થાય તે પહેલાં આદિવાસી સમુદાયો દ્વારા શાસન કરવામાં આવ્યું હતું. ખજુવાલા, અગાઉ બેરીયાવલી તરીકે ઓળખાતુ હતુ, તે ભારત-પાકિસ્તાન સરહદથી ૨૩ કિ.મી. દૂર સ્થિત બિકાનેર જીલ્લાનું એક શહેર છે. તે તેના વહીવટ હેઠળ ૫૮ ગામો સાથે મધ્યવર્તી પંચાયત તરીકે સેવા આપે છે. આ ક્ષેત્રમાં શુષ્ક આબોહવા, આત્યંતિક તાપમાન હોય છે અને પાણીની અછતનો સામનો કરે છે. જે ગરીબી અને સ્થળાંતર તરફ દોરી જાય છે. પડકારો હોવા છતાં, કૃષિ કેનાલ સિંચાઈ સાથે ખીલે છે – મુખ્યત્વે કાચુ કપાસ અને ઘઉં ઉત્પન્ન કરે છે. આ વિસ્તારમાં સરસિયાના તેલની મિલો, કપાસને કાંતવાની મિલો, ઈંટના ભઠ્ઠાઓ અને જીપ્સમના કારખાનાઓ જોવા મળે છે. સમુદાયોમાં વિવિધ શીખ જૂથો, મેગવાલ, બગારી, પુરોહિત, ચૌધરી, જાટ, ભીલ નાયક, મુસ્લિમો અને બિશ્નોઈ અને અન્ય સામેલ છે. બોલાતી ભાષાઓ હિન્દી, ભાગરી અને પંજાબી.



**ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડે** શ્રી વી. કુમાર અને શ્રી બોડર અમૃત દ્વારા ૨૦૨૧ ના સર્વેક્ષણ પછી ખજુવાલામાં તેમના સેવાકાર્યની શરૂઆત કરી હતી. શ્રી વી. કુમાર અને શ્રીમતી પેટ્રિશિયા કુમારે ૪-૪-૨૦૨૨ ના રોજ આ કામની પહેલ કરી હતી, જેમાં ભીલ નાયક, મેગવાલ અને બગારી લોકજૂથો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ ક્ષેત્રમાં મસ્જિદો અને ગુરુદ્વારા છે, જેમ કે ઈદ, રામદેવ મેલા અને કુલુપિર જેવા તહેવારો સાથે. મોટાભાગના લોકો ખેડૂત

હોય છે અથવા દૈનિક વેતન મજૂર હોય છે. પુરુષો માટે સાક્ષરતા દર – ૩૩.૮૪% અને સ્ત્રીઓ માટે ૨૮.૮૩% છે – જોકે દરેક ગામમાં એક શાળા હોય છે અને બાળકો નિયમિતપણે હાજર રહે છે. અગાઉ સેવાકાર્ય દ્વારા વણખેડાયેલ રહેલ આ ક્ષેત્રમાં હવે કેટલાક સ્વતંત્ર પાળકો મુલાકાત લે છે. અસરકારક સુવાર્તાપ્રચારમાં ભજન સત્સંગ, વ્યક્તિગત ઉપદેશ અને ચમત્કારિક કાર્યોનો સમાવેશ થાય છે. માન્બી, પૌરી અને કુમહાર શીખ સમુદાયોમાંથી વિશ્વાસીઓ બન્યા છે.

**કેટલાક અવરોધો :** ખ્રિસ્તને સ્વીકારવા માટેના કેટલાક અવરોધોમાં ગુરુ ચળવળ, મંદિરો અને મસ્જીદો છે. ખ્રિસ્તી ધર્મ એ વિદેશી ધર્મ અને ખ્રિસ્તી કાર્યકરો લોકોને પૈસા આપીને રૂપાંતરિત કરી રહ્યા છે તે વિચાર એ એક વધારાનું પરિબળ છે. ઘણા સમાજ અને સંબંધીઓને કારણે ઈસુમાં તેમના વિશ્વાસની કબૂલાત કરવામાં અચકાતા હોય છે. પંજાબના કેટલાક સ્વતંત્ર પાળકો પૈસાની માનસિકતા ધરાવે છે અને ખોટા ઉપદેશો આપે છે.

અનુપગઢ જીલ્લાના રાવલા ગામની શ્રીમતી મનદીપ કૌર, ખજુવાલા ક્ષેત્રના પ્રથમ વિશ્વાસી બન્યા હતા. નૂકેરા ગામ (સાંગરીયા ક્ષેત્ર)ના શ્રીમતી પરમજીત કૌર દ્વારા જોડાયેલા, તેના પરિવારને ૨૦૨૨ માં સુવાર્તા મળી હતી. તે સાંજે સાત લોકોએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો, અને પાંચ વ્યક્તિએ જાહેરમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. તેઓને બાઈબલના મૂળભુત સત્યો અને પ્રાર્થના શીખવવામાં આવી હતી. ગંભીર સસણીની બિમારીથી પીડાતી મનદીપ બિમાર પડી અને મૃત્યુ પામી હતી. પરંતુ તેમની પુત્રવધુ શ્રીમતી કુલવિંદ કૌર અને તેના પતિ હાર્દિકની પ્રાર્થના પછી ચમત્કારિક રીતે તે પુનર્જીવિત થઈ હતી. ઈશ્વરપિતાએ તેણીને મૃત્યુમાંથી સજીવન કરી અને તેણીએ આપણા સર્વશક્તિમાન ઈશ્વર પાસેથી નવું જીવન મેળવ્યું. તેણીનો પરિવાર હાલમાં વિશ્વાસમાં ચાલુ છે અને સક્રિય રીતે ગામના સાક્ષી છે. રવિવારની સંગત નિયમિતપણે રાવલામાં ચલાવવામાં આવે છે. કૃપા કરીને આ કુટુંબને તમારી પ્રાર્થનામાં ધરી રાખશો.

**પ્રાર્થના કરશો :**

૧. તેમના પોતાના વિશ્વાસીઓ પાસેથી સુવાર્તિક મેળવવા માટે.

૨. અંકરેજ કૌરને તારણ પ્રાપ્ત થાય એ માટે.

૩. 29kyd ગામના સુકપ્રિથ કૌરના માનસિક સાજાપણા માટે.

૪. રાવલા ગામના કુલવિન્દર કૌરને મગજની ગાંઠમાંથી સાજાપણા માટે.

૫. 2kjd ધાની ગામના સરવન સિંગને ડાબા હાથના લકવામાંથી સાજાપણું મળે એ માટે.

૬. સંદીપ સિંગ અને તેનો પરિવાર ઈસુ ખ્રિસ્તને અંગત તારનાર તરીકે સ્વીકારે અને તેમના વિશ્વાસની હિંમતભેર કબૂલાત કરે એ માટે.

૭. સુરેશ ચૌધરી, રમેશ, બાબુ સિંગ, પુરોહિત ગણેશ, જેમના હૃદય પરિવર્તન થાય કેમ કે તેઓ સુવાર્તાપ્રચારનો અટકાવ કરતા હતા. તેઓ મધ્યે સુવાર્તા અને મિશનરીઓની સાક્ષી પ્રગટ કરવામાં આવી હતી.

૮. આરાધના જૂથો મંડળીઓમાં પરિવર્તિત થાય

૯. અહીંના વિશ્વાસીઓનું ઈશ્વરના વચનોમાં પોષણ થાય અને પ્રભુમાં મજબૂત બને.

૧૦. આવો આપણે શ્રી કુમારને તેમની પત્ની શ્રીમતી પેટ્રિશિયા તમિલસેલવી અને ૨ બાળકો માર્સિયા અને ગ્રેસીયાને આપણી પ્રાર્થનાઓમાં યાદ રાખીએ.



MAY
1
ગુરુવાર

## Happy Birthday

શ્રી બાબુ બેન્જામિન
શ્રીમતી ઝિપોરાહ જીવરત્ના બીરો
શ્રીમતી પ્રોસોન્સિતા એફ્રાઈમ મલ્લી
શ્રીમતી કોકાની સુમિત્રાબેન ક્રિશ્ચિયન
શ્રી જ્હોન પેનિન જે., શ્રી મનોજ પી. જે.
શ્રી કિંગ્સલી લિવિંગસ્ટન આર.

## જમ્મુ અને કાશ્મીર

### રામગઢ

### જ્હોન એઝુંગ અને લિબેની એઝુંગ

**સ્તુતિ :** રામનગર ગામના બીટુને ગળાના કેન્સરમાંથી સાજાપણું મળ્યું હતું. સંજયના પુત્ર ગીતા અને રથલાલાઈને પેટમાં દુખાવામાંથી સાજાપણું મળ્યું. છેલ્લા નાણાકીય વર્ષમાં ચાર આરાધના જૂથોની સ્થાપના કરવામાં આવી હતી. ઈશ્વરપિતાની કૃપાથી બાઈબલ અભ્યાસ જૂથો સ્થાપવામાં આવ્યા છે.

**પ્રાર્થના :** પૂરમંડલ, સિમિલિઆલ અને સ્વાંકા ગામોના લોકો તેમની અંધશ્રદ્ધાળુ માન્યતાઓમાંથી મુક્ત થાય અને સાચા જીવંત ઈશ્વરને ઓળખે એ માટે. તે જૂથો માટે કે જેઓ ખ્રિસ્તી સેવાકાર્યનો ઉગ્રતાથી વિરોધ કરે છે તેમનો ઈશ્વરના સામર્થ્ય દ્વારા રોકવામાં આવે એ માટે. ખ્રિસ્તીઓ તેમના સાક્ષીરૂપ જીવન દ્વારા અન્યોને પ્રભાવિત કરે એ માટે.

### જમ્મુ

### બિદ્યુત કુમાર સિંગ

**સ્તુતિ :** ૪ ગામોમાં સુવાર્તા પ્રચાર માટે ખુલ્લા દ્વાર મળ્યા હતા. કેશવ કુમાર ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાંભળવાની ખૂબ ઉત્સુકતા બતાવે છે. ૧૫ સ્થળોએ રાત્રિ બેઠકો અને ૧૨ સ્થળોએ સત્સંગના કાર્યક્રમોનું કોઈપણ અવરોધ વિના આયોજન કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાએ પ્રાર્થનાના જવાબરૂપે બિસ્ના ગામની આર્થી દેવી અને કુવલ ગામની આર્થીને સલામત પ્રસૂતિ કરવા સક્ષમ બનાવી હતી. માનસિક હતાશાથી પીડીત રિષવ કુમારને ઉત્સાહપૂર્ણ પ્રાર્થનાઓ દ્વારા સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** સીમા સનરાલને અકસ્માતમાં અસ્થિભંગ અને ત્યારબાદની સારવાર દ્વારા સંપૂર્ણ સાજાપણું મળે એ માટે. પરવીન દેવી પોતાને માટે સારો રોજગાર શોધી શકે એ માટે. બોસબેંદરના પરિવારને દુષ્ટ આત્માઓનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ઈશ્વરપિતા બાજલ્દા અને કરમાધન ગામોમાં સુવાર્તા પ્રચાર માટે દરવાજા ખોલે એ માટે. વિશ્વાસમાં નબળા પડેલા અનિતા દેવી, ગીતા દેવી, પ્રવિણા દેવી, પાસિંગલા અને દીપક કુમારના પરિવારો પ્રભુના વિશ્વાસમાં પાછા ફરે એ માટે. ઈશ્વરપિતા સેબાની કુમારી અને કુશી કુમારી વિશ્વજીત કુમારને સારા ખ્રિસ્તી જીવનસાથી પૂરા પાડે એ માટે. કરણ કુમારને ઈંટના ભઠ્ઠામાં કામ કરવા માટે નોકરીના એજન્ટે તેની સાથે વેતન અંગે છેતરપિંડી કરી હતી, તેમના પસ્તાવા માટે. પ્રાર્થના કરો કે કામદારોનું શોષણ કર્યા વિના તેમને યોગ્ય વેતન મળે.

**MAY 2**
**શુક્રવાર**

## Happy Birthday

*શ્રીમતી લિસા પીટર અરુલાનંદમ*
*શ્રી ગોડવિન કિરુબાગરન*
*શ્રી સુનિલ કુમાર, શ્રી સુશીલ હેમ્બ્રોમ*
*કુ. લતાબાઈ ક્વાપાવરા*

### રેઆસી

### અય્યનાર ડેવિડ અને મનપ્રીત કૌર

**સ્તુતિ :** ઈશ્વરપિતાની કૃપાથી બૌની અને કેરલ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી છે. તલવાર ગામના ગુર્જર સમુદાયના લોકો માટે, જેઓ પ્રચારમાં રસ લેતા હોય છે.

**પ્રાર્થના :** આપણા મિશનરી ડેવિડની માતા, એસ્થર કાન્થમ્માને કેન્સરની શસ્ત્રક્રિયા કરાવી છે અને હવે તેણી કીમોથેરાપીમાંથી પસાર થઈ રહી છે, આવો આપણે ખ્રિસ્તમાં તેણીને સંપૂર્ણ સાજાપણું પ્રાપ્ત થાય માટે પ્રાર્થના કરીએ. આપણા મિશનરી મનપ્રીત કૌરને આધાશીશી અને કરોડરજ્જૂની સમસ્યામાંથી સાજાપણું મળે એ માટે. સેવાકાર્યને અવરોધતી શક્તિઓ નષ્ટ અને પરાજીત થાય એ માટે. લોકોના આત્માઓમાંથી અંધકાર દૂર થાય અને ઈશ્વરના સત્યનો પ્રકાશ તેઓને પ્રાપ્ત થાય એ માટે.

### નૌશેરા

### શૈક શુબાની અને એમી બક્યા

**સ્તુતિ :** તરિયાલા ગામના કાલારામ દારૂના વ્યસની હતા અને માનસિક અસ્વસ્થતાને કારણે હોસ્પિટલમાં દાખલ થયા હતા, હવે પ્રાર્થનાના પરિણામે તેમના વ્યસનમાંથી મુક્ત થયા છે અને હવે તે તેમના પરિવાર સાથે શાંતિપૂર્ણ રીતે જીવે છે. પિન્કી દેવીએ તેમના સોનાના એરિંગ ગુમાવી દીધા હતા પરંતુ વિશ્વાસપૂર્વકની પ્રાર્થનાઓ દ્વારા તે પુનઃ મળ્યા હતા.

**પ્રાર્થના :** તાંગીરી ગામના સની અને સંજીવ સુમિત દારૂના વ્યસનમાંથી મુક્ત થાય અને પરિવારમાં શાંતિ જળવાઈ રહે એ માટે. ઈશ્વરપિતા બોલ્સાઈને ચમત્કારિક સાજાપણું આપે એ માટે જે અકસ્માતે દાઝી ગયા હતા અને આંતરડાની બિમારીથી પીડીત છે. કાઈ ગામમાં એક પ્રભુમંદિર બનાવવા માટે જલ્દીથી જમીનની નોંધણી કરવામાં આવે તે માટે, બેંક ખાતુ કોઈ પણ અવરોધ વિના ખુલી શકે એ માટે. આવો આપણે શેતાનના દુષ્ટ કાર્યો અને આ ક્ષેત્રમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાળુ માન્યતાઓ અને તે વિસ્તારના અધિકારીઓ માટે બોજ સાથે પ્રાર્થના કરીએ.

## કૃપા અને માત્ર કૃપા

મહારાષ્ટ્રના બોરાડી ક્ષેત્રના અમ્પડુ ગામના આસારામભાઈ ખેતીની જમીનમાં કામ કરી રહ્યા હતા ત્યારે એક માણસ તેમની નજીક ટ્રેક્ટર ચલાવી રહ્યો હતો. તે સમયે, અચાનક ટ્રેક્ટરના એન્જિન માટે જરૂરી પાણીની પાઈપ તૂટી ગઈ અને ગરમ પાણી તેમની તરફ ફેંકાયું. ઈશ્વરપિતાની કૃપાથી, તે ગરમ પાણી તેમના ચહેરા પર ન પડ્યું પરંતુ તેમના શરીર પર પડ્યું અને સામાન્ય ઈજા સાથે તેમનો બચાવ થયો હતો. ઈશ્વરપિતાનો મહિમા થાઓ.

MAY
3
શનિવાર

## Happy Birthday

*શ્રી જેબરાજ સેમ્યુઅલ વી.પી.*
*શ્રીમતી શીલા શનમુગમ*
*શ્રી વિક્ટર જયસીલાન સી., શ્રી વિનુ એમ.*
*શ્રીમતી સરલ જાન્સી રાની જસ્ટિન વાય.*
*શ્રીમતી આનંદ શંકર એમ.*

## હિમાચલ પ્રદેશ

### રામપુર

### દૌ જાપાઓ ગ્વાઈટ અને ફ્લોરેન્સ લામવુંગ

**સ્તુતિ :** *ઈશ્વરપિતાએ અમને નવા ૩ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવા સક્ષમ બનાવ્યા હતા. જગદીશને પારિવારિક સમસ્યાઓથી મુક્તિ મળી હતી જે તેના માટે બોજારૂપ હતી. વિશ્વાસીઓએ પ્રભુના મહિમા અર્થે લેન્ટની ઉપવાસ સહિતની પ્રાર્થનામાં આતુરતાથી ભાગ લીધો હતો.*

**પ્રાર્થના :** *જેઓ વિશ્વાસની જાહેર કબૂલાત માટે તૈયાર છે, તેઓ કોઈપણ અવરોધ વિના તે કબૂલ કરે એ માટે. આપણા વિશ્વાસી રૂણજા તેમના બાળકોને પ્રભુમંદિરમાં ભાગ લેતા અટકાવે છે, તેમને આપણા પ્રભુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. સાંગી દેવીને પગની તીવ્ર પીડામાંથી સાજાપણું પ્રાપ્ત થાય એ માટે. નોરુરામે તેમની પત્ની ગુમાવી છે તેમને દૈવીય દિલાસો પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા લકી અને સૂરાજને પોલીસ દળમાં જોડાવામાં સહાય કરે એ માટે. વિમલા દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્ત થાય એ માટે.*

### રોહરૂ

### જ્હોન્સન સંકર અને જેબરાની

**સ્તુતિ :** *અમને ટિયુનીના ક્ષેત્રમાં આરાધના કરવા માટે સ્થળ પૂરુ પાડ્યું હતું. મુથુદેવીને ઈશ્વરપિતાએ છાતીના દુખાવામાંથી સાજાપણું આપ્યું હતું. પ્રાર્થનાના જવાબમાં ઈશ્વરપિતાએ પેટની ગાંઠ દૂર કરી હતી. ઘરમાં ગેસનું સિલિન્ડર ફાટ્યુ હોવા છતાં પાપ્લુ અને તેના ઘરના લોકોનું ઈશ્વરપિતાએ ચમત્કારિક રીતે રક્ષણ કર્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી પૌલાટ અને કૌની વિસ્તારોમાં આખી રાત્રિની ઉપવાસ સહિતની પ્રાર્થનાનું આયોજન કરી શક્યા હતા. તેવલી ક્ષેત્રમાં હાલમાં ૩ પરિવારો પ્રભુની આરાધના કરી રહ્યા છે.*

**પ્રાર્થના :** *અનિતા, અંજલી અને સુનિતાને સામાન્ય પ્રસૂતિનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. પેટના કેન્સરથી ન્યારુ રામુકને ચમત્કારિક સાજાપણું મળે એ માટે. રોમા ક્ષેત્રમાં આરાધના કરવા માટે યોગ્ય સ્થળ પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા પુરનને ખ્રિસ્તી જીવનસાથી આપે એ માટે. નિર્મલાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. આપણા મિશનરી સંદીપ પાછલા ૧ વર્ષથી ત્વચાની એલર્જીથી પીડાય છે તેમના સાજાપણા માટે.*

**MAY**
**4**
**રવિવાર**

## Happy Birthday

*શ્રીમતી હેપ્સીબાઈ સિરસ સેમ્યુઅલ*
*શ્રીમતી લીગર્લ મેરી ગોલ્ડન ઈનબરાજ*
*શ્રીમતી સીથા આઈઝેક આર., શ્રી જેબાકુમાર પી.*
*શ્રીમતી રાઉત જશોદાબેન પ્રમોદકુમાર*
*શ્રીમતી જેબસીલી ડેનિયલ માર્વેલરાજ*
*શ્રીમતી એન્જલિન વિગ્નેશ્વરન*
*શ્રી અનિલકુમાર, શ્રી નિરંજન કુમાર*

## પંજાબ

### અહમદગઢ મંડી

### કૃપા રક્ષાના બર્રે અને શકેના

**સ્તુતિ :** અવિ બ્લડ કેન્સરની સારવાર કરાવી રહ્યો હતો અને ડોક્ટરો તેમની બચવાની આશા છોડી દીધી હતી. વિશ્વાસીઓ તેમના માટે પ્રાર્થના કરી અને તેમને ચમત્કારિક સાજાપણું મળ્યું હતું અને આજે તે પ્રભુમંદિરની આરાધના સેવામાં ભાગ લઈ રહ્યો છે. બુકેરા અને કુકરાના ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. પ્રભુના મહિમા માટે વિશ્વાસીની પુત્રીના લગ્ન કોઈપણ અવરોધ વિના સંપન્ન થયા હતા.

**પ્રાર્થના :** આપણા મિશનરીની માતાને બ્લડ કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. આપણા વિશ્વાસી સાજનની પત્ની માટે જેમણે તેમને છોડી દીધા છે તે પસ્તાવો કરે અને ફરીથી તેમની સાથે રહે એ માટે. જેઓ ખ્રિસ્તમાં તેમનો વિશ્વાસ કબૂલ કરતા ડરે છે તેઓના માટે, તેઓ સામાજીક પ્રતિક્રિયાઓથી ડરતા હોય છે. રાયગઢ ગામના વિશ્વાસીઓના આત્મિક વિકાસ માટે. આપણા મિશનરીની નાની પુત્રીને તેના ચહેરા પરના સફેદ ડાઘમાંથી સાજાપણું મળે એ માટે.

### માનસા

### દેબ્રતા બિસ્વાસ અને માન્ના સિંગ

**સ્તુતિ :** જીસસ ફિલ્મ બે ગામોમાં દર્શાવવામાં આવી હતી. આશરે ૪૨ પરિવારોએ લેન્ટના પર્વ દરમિયાન ઉપવાસ સહિતની પ્રાર્થના કરી હતી. આપણા હોસ્ટેલના તમામ બાળકોએ ઈશ્વરપિતાની કૃપાથી વાર્ષિક પરીક્ષાઓ પસાર કરી હતી. જ્યારે વિશ્વાસીઓએ દુષ્ટ આત્માના બંધન હેઠળ સરંજિત માટે પ્રાર્થના કરી હતી ત્યારે ઈશ્વરપિતાએ તેમને મુક્તિ આપી હતી. તેમના સમગ્ર પરિવારે હવે ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. ઈશ્વરપિતાએ મનસાને સારો જીવનસાથી પૂરો પાડ્યો હતો જે તેના લગ્ન માટે ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરી રહી હતી. ઈશ્વરપિતાએ પાછલા નાણાંકીય વર્ષમાં સેવાકાર્યમાં ઘણા મોરચે પ્રગતિ આપી હતી.

**પ્રાર્થના :** જાન્ડુગ, જીનીર અને કાઈ ગામોમાં યોજાયેલ સત્સંગમાં સારા આત્મિક પરિણામો મળે એ માટે. મન્ડ્રો, શાર્કા, કોહર અને બોહા ગામોમાં જીસસ ફિલમ નિહાળી હતી, તે લોકો તેમના જીવનમાં ખ્રિસ્તના પ્રેમનો અનુભવ કરે એ માટે. મનપ્રીતને કિડનીની પથરીમાંથી સાજાપણું મળે એ માટે. આપણા મિશનરીની માતાને હૃદયની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા આપણા મિશનરી માન્ના સિંગને સલામત પ્રસૂતિનો આશીર્વાદ આપે એ માટે.

**MAY**
**5**
**સોમવાર**

## Happy Birthday

**શ્રી સ્ટીફન જયસીલન બી.**
**શ્રીમતી જેસી જીવા પ્રભા ડેવિડ, શ્રી પુષ્પરાજ આર.**
**શ્રીમતી મેબેલ વસંતા કુમારી બાબુરાજ**
**શ્રી ભરાનિધરન એસ.**

### અમ્રિતસર

### ચિત્તરંજન તેન્ડી અને તેજસ્વિતા તેન્ડી

**સ્તુતિ :** પ્રભુએ સેવા ક્ષેત્રમાં નવા ૩ સંપર્કો પૂરા પાડ્યા છે. કાસા ગામના વિશ્વાસી નિમો કૌરને જે ઘણા વર્ષોથી સતત માથાના દુખાવાથી પીડીત હતી તેને ચમત્કારિક સાજાપણું મળ્યું હતું. પરમજીત કૌરને થયેલ માર્ગ અકસ્માતમાં ઈશ્વરપિતાએ તેનું રક્ષણ કર્યું હતું. ઘણા પ્રવર્તમાન પડકારો હોવા છતાં, ઈશ્વરપિતાએ સુવાર્તા પ્રગટ કરવાની ઘણી તકો આપી હતી. હોસિયા નગરમાં જસપાલ સિંગ ખ્રિસ્તના સેવાકાર્ય માટે પ્રતિબદ્ધ થયા હતા.

**પ્રાર્થના :** આપણા નવા સંપર્કો નરેન્દ્રસિંહ, રોશન સિંહ અને સોનુ સિંહ ૨૦ વર્ષથી દારૂના વ્યસનમાંથી મુક્ત થાય એ માટે. હર્નીયાથી પીડીત રાની કૌરને સાજાપણું મળે એ માટે. ચિના ગામમાં એક આરાધના જૂથના સ્થાપના કરવાના પ્રયાસો ફળ આપે એ માટે. વિશ્વાસની જાહેર કબૂલાત માટે તેમના વિશ્વાસમાં વૃદ્ધિ માટે તૈયાર લોકો માટે. ઈશ્વરપિતા કાસા ક્ષેત્રમાં પ્રધાન રહેવા માટે પ્રતિબદ્ધ વ્યક્તિનો ઉછેર કરે. ઈશ્વરપિતા રાજા સંસી, મુલુંગગલ મંડળોમાં આત્મિક જાગૃતિ લાવે એ માટે.

### ઉત્તરાખંડ

### માલધનચોર

### શિશુ પાલ અને અનિતા

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ અમને થાનોરી અને નાબાઈપુરા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવા સક્ષમ બનાવ્યા હતા. મોહન નહર ગામમાં મહિલાઓની મીટીંગ અસરકારક રીતે યોજવામાં આવી હતી. દુષ્ટ આત્માના બંધનમાંથી અજય અને કુલવંદ સિંહની મુક્તિ માટે.

**પ્રાર્થના :** આપણા મિશનરીની પત્ની અનિતાને યકૃતની બિમારીમાંથી સાજાપણુ મળે મળે એ માટે. પરુમદર અને પામનગર પ્રદેશોમાં આપણા સેવાકાર્યના વિસ્તરણ માટે. ઈશ્વરપિતા અમને પ્રથપુર, બગપુર, દરી અને હથુવા ગામોમાં નવા સંપર્કો પ્રદાન કરે એ માટે. આગામી બાળકો અને યુવાનોની મીટીંગ આત્મિક રીતે આશીર્વાદરૂપ બને એ માટે. મીનાક્ષી, ધર્મેન્દ્ર, અનુરાધા અને શેરસિંહ ખ્રિસ્તને અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. અનિલરાજ, ગોપાલ, માલગિથ સિંહ અને પ્રતાપસિંહ જે ખ્રિસ્તી સેવાકાર્યનો વિરોધ કરે છે તેઓને આપણા પ્રભુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે.

**MAY 6**
**મંગળવાર**

## Happy Birthday

*શ્રી રાજેન્દ્ર એસ., શ્રીમતી ક્રિસ્ટી રાજન ઈ.*
*શ્રી સંધ્યા નાઈક, શ્રી સમરાજ ડી.*
*શ્રીમતી વિમલા ડેઝી જ્હોન પોલ હેરિસ*
*કુ. મર્સી નેમલીઅનમાવી*

### હરિયાણા

#### જીવન નગર

### અલિયાકીમ જેના અને દીપીકા

**સ્તુતિ :** કિરણ કૌર લોહીમાં ખાંડના અનિયંત્રિત પ્રમાણને કારણે ગંભીર રીતે બિમાર હતી, તેને પ્રાર્થના દ્વારા ચમત્કારિક સાજાપણું મળ્યું હતું. લેમ્પી, એપુસેકર, શેરર્કંગ અને ડાબવલી ગામોમાં ૧૦૦૦ કલાકની પ્રાર્થના સાંકળ સફળતાપૂર્વક કરવામાં આવી હતી. લોગર ગામના રમનની ખંતપૂર્વકની પ્રાર્થના ઈશ્વરપિતાએ સાંભળી હતી અને તેને પોતાનું ટ્રેક્ટર ખરીદવા સક્ષમ બનાવ્યો હતો. આ ક્ષેત્રમાં પ્રવર્તતા વાયરલ તાવથી સ્થાનિક પ્રચારકના પરિવાર અને મિશનરી પરિવારને ઈશ્વરપિતાએ રક્ષણ પૂરૂં પાડ્યું હતું.

**પ્રાર્થના :** વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. જીવન નગરના સેવા ક્ષેત્રમાં પેટા ક્ષેત્રની સ્થાપના કરવાના પ્રયત્નો ફળદાયી બને એ માટે. આયોજીત સત્સંગ મીટીંગ, બાઈબલ અભ્યાસ જૂથો, પ્રાર્થના મીટીંગ અને જીસસ ફિલ્મ સ્ક્રીનીંગ સફળતાપૂર્વક આયોજીત થઈ શકે એ માટે. આપણા મિશનરીના પુત્ર જેહોઆકિમને મસાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આ ક્ષેત્રના ૨૨ લોકજૂથોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી છે, ઈશ્વરપિતા આ સેવાકાર્ય માટે ફળ ઉપજાવે એ માટે.

### રાજસ્થાન

#### હનુમાનગઢ

### મુધાવથુ રાજુ અને ભુક્યા ઝાંસી

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ સુનિતાની પ્રાર્થના સાંભળી અને તેના ભાઈને નવા જીવનનો આશીર્વાદ આપ્યો હતો. જેકરસિંહ ડેન્ગ્યુના તાવથી અને કિરણ કૌર ઉચ્ચ તાપથી પીડાતી હતી, તેમને પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું. લોહીનું ઉંચું દબાણ અને મધુપ્રમેહને કારણે પરમસિંગ મરણપથારીએ હતો, પ્રાર્થનાના જવાબમાં ઈશ્વરપિતાએ તેમને સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** સેવાકાર્ય વિરૂદ્ધ અવરોધ દૂર થાય એ માટે. સગર્ભા મહિલા પ્રાગાશીની શારીરિક નબળાઈ દૂર થાય એ માટે. વિશ્વાસી બોલારામનું અવસાન થયું હતું, ઈશ્વરપિતા તેના પરિવારને શાંતિ અને દિલાસો આપે એ માટે. જે લોકો સામાજીક ડરને કારણે વિશ્વાસના માર્ગમાંથી પોતાને પાછા ખેંચે છે, વિશ્વાસીઓ આત્મિકતા અને પ્રભુના મૂળમાં રહે એ માટે. સોમાએ શસ્ત્રક્રિયા કરાવી હતી તેના સંપૂર્ણ સાજાપણા માટે. ઈશ્વરપિતા રણજીતને યોગ્ય જીવનસાથી આપે એ માટે.

MAY
7
બુધવાર

ઉપવાસસહિતની પ્રાર્થના

Happy Birthday

શ્રીમતી ગુન્સેલવી ફ્લોરેન્સ સુધાહરન
શ્રી સમરેન્દ્રસિંહ, શ્રી ડેનિયલ અરુલમની જે.
શ્રીમતી મેનગા ગોપીકૃષ્નન, શ્રીકુમારેવેલ એસ.
શ્રીમતી નાઓમી રાજમ સાઉ ભુઈન્યા

## ટપુકારા

### ડેનિયેલ માર્વેલ રાજ અને જેબાસીલી

**સ્તુતિ :** શાહબાથ ગામના નાવ્યાના કાકા મરણપથારીએ મૃત્યુ સામે સંઘર્ષ કરતા હતા ત્યારે આપણી નવી વિશ્વાસી નાવ્યા તેના પરિવાર સાથે તેમના માટે ખંતપૂર્વક પ્રાર્થના કરતી હતી અને ઈશ્વરપિતાએ તેમને ચમત્કારિક સાજાપણું આપ્યું હતું. ડિરીવાસ ગામના બવને બાઈબલ વર્ગમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને પ્રાર્થના કરી હતી, અને ઈશ્વરપિતાની કૃપાથી સારા પગારની નોકરીનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. છુટાછેડા માટે અરજી કરવા કોર્ટમાં ગયેલ પ્રીતિ હવે વિશ્વાસીઓની પ્રાર્થનાને કારણે તેના હૃદયમાં પરિવર્તન આવ્યું હતું અને હવે તેણી તેના પતિ સાથે રહે છે. ઈશ્વરપિતાએ સરિતાને તેની દુકાન ફરી ખોલવામાં સહાય કરી હતી, જે અગાઉ લોકડાઉન પછી તેના વ્યવસાયને ફરીથી પ્રારંભ કરવામાં અસમર્થ હતી. પૂજાએ પ્રાર્થના દ્વારા શ્વાસ લેવાની તકલીફમાંથી સાજાપણું પ્રાપ્ત કર્યું હતું.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસીઓ વિજય, અનુ અને રામકન્યાએ સરકારી નોકરીની પરીક્ષાઓ આપી હતી, તેઓને સારી નોકરી પ્રાપ્ત થાય એ માટે. વિશ્વાસી રેખા વિજયને તંદુરસ્ત, સામાન્ય પ્રસૂતિ થાય એ માટે. ઈશ્વર પૂનમ, મનષા, સંગથા અને રેશ્માને શાંતિ અને દિલાસો આપે એ માટે, જેઓ ઈસ્રોથા ગામમાં એક પછી એક વ્યક્તિના મૃત્યુથી હતાશ છે. વિશ્વાસીઓ આ મહિને તેમના પાકની લણણી કરવા જઈ રહ્યા છે તેઓ સારી ઊપજ મેળવે તેમજ લણણી માટે ઈશ્વરપિતા યોગ્ય આબોહવા પૂરા પાડે એ માટે. રાય શીખ સમુદાયના વિશ્વાસીઓ તેમના સમુદાય તરફથી થતા વિરોધ તેમજ મિશનરીઓ પર પ્રતિબંધ મુકવામાં આવેલ, તેઓ પસ્તાવો કરે અને તેમના હૃદય બદલાણ પામે એ માટે.

## ઉત્તર પ્રદેશ

## જાલૌન

### રાકેશ રતિલાલ ગાવિત અને ઈરગર રેશ્મા મારુતિ

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ અમને રાત્રિ મીટીંગો, સુવાર્તા પ્રચાર, નાના પ્રાર્થના જૂથો અને વિશ્વાસીઓ માટેના પ્રાર્થના જૂથોનું સફળતાપૂર્વક આયોજન કરવા સક્ષમ બનાવ્યા હતા. નવા પ્રાર્થના જૂથો ઈશ્વરપિતાની સહાયથી શરૂ કરવામાં આવ્યા હતા. નવા વિશ્વાસીઓ અને તેમના પરિવારોએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા.

**પ્રાર્થના :** હેમલતા અને દિનેશ બાળક માટે પ્રાર્થના કરતા હતા ઈશ્વરપિતા તેમને બાળકરૂપી આશીર્વાદ આપે એ માટે. હૃદયની બિમારીમાંથી રામ બહાદુર અને શારીરિક બિમારીથી રામ ગાંધીના સાજાપણા માટે. એક વર્ષની બાળકી જાનવી તાવથી પીડાય છે, અને ટીબીથી પીડીત પીડોલીને ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. ગામડાઓમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. સુવાર્તાનો વિરોધ કરનારાઓ પસ્તાવો કરે અને તેમને ખ્રિસ્ત ઈસુમાં તારણ પ્રાપ્ત થાય એ માટે.

## MAY 8 ગુરુવાર

## Happy Birthday

*શ્રી જસ્ટિન વાય.*

*શ્રીમતી નિરુપોમા ખોસલા નાથન કુમાર*

### ભરથાના

### એસ. રાજન અને જેબા મલાર

**સ્તુતિ :** *કિડનીની બિમારીથી પીડીત જાનવીને અને ડેન્ગ્યુથી પીડીત મનીષાને સાજાપણું મળ્યું હતું. વિશ્વાસી સંજીવનો ઈશ્વરપિતાએ અકસ્માતમાંથી ચમત્કારિક રીતે બચાવ કર્યો હતો. અનિતા, રામવીર અને વિલ્બા ઈશ્વરપિતાની કૃપાથી દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્ત થયા હતા. મહિલા દિવસે મહિલાઓએ ઈશ્વરની કૃપાથી આખી સંગતનું આયોજન કર્યું હતું.*

**પ્રાર્થના :** *મેગના મંડળી અને સુવાર્તિકો વિજયકુમાર, જયકરણ, શ્યામસુંદર અને મંડળીના આગેવાન તુલિરામ વિરુદ્ધ દાખલ થયેલા કેસો ટૂંક સમયમાં બંધ થાય એ માટે. લકવાથી પીડીત રામપેડી સિંગને ઈશ્વરપિતા સંપૂર્ણ સાજાપણું આપે એ માટે. ગીતા અનિલ અને પ્રિલતાને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. સંધ્યાને યોગ્ય જીવનસાથી પ્રાપ્ત થાય એ માટે. પ્રૌઢ શિક્ષણ આપનાર સર્વેશ અને પરિવાર ઉત્સાહથી મંડળીની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા છે, આવો આપણે ઈશ્વર તેમનો તેમના મહિમા માટે ઉપયોગ કરે માટે પ્રાર્થના કરીએ.*

## મધ્ય પ્રદેશ

### ધારિની અને ખંડવા બોય્ઝ અને ગર્લ્સ હોસ્ટેલ

### એગલાઈવાન જેમ્સ અને બેરિલ

**સ્તુતિ :** *શાકપુરા ગામમાં ઈશ્વરપિતાની કૃપાથી નવી આરાધના ટીમની રચના થઈ હતી. જિલ્પીવર અને જમાપાલિયા ગામોમાં ઈશ્વરના પ્રેમની ઘોષણા કરવા માટે દરવાજા ખુલ્યા હતા. પેટોંડા ગામના કિડનીની બિમારીથી પીડીત બે મહિનાના બાળકને શસ્ત્રક્રિયા વિના મિશનરીઓ અને વિશ્વાસીઓની પ્રાર્થના દ્વારા સંપૂર્ણ સાજાપણું મળ્યું હતું. પ્રાર્થના અને ઈશ્વરપિતાની કૃપા દ્વારા ત્વચા રોગ અને પગના ઘાથી જ્યોતિ યાદવને સાજાપણું મળ્યું હતું. ૫ વર્ષના કાર્તિકને પ્રાર્થના દ્વારા કિડનીની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું.*

**પ્રાર્થના :** *લીલાબાઈ અન્નનળીના ચેપથી પીડાય છે, શોબાઈ વિવિધ બિમારીઓથી પીડાય છે, વત્સલાબાઈ સંધિાથી પીડાય છે, તેઓના સાજાપણા માટે, ઈશ્વરપિતા એક વર્ષના પુથનના મોના ચેપમાંથી સાજાપણું આપે એ માટે. નાગત અને મુકેશ ગામોમાં મિસનરી કાર્યનો પ્રતિકાર કરનારા લોકોના હૃદયોના બદલાણ થાય એ માટે. સંજય માર્શન અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્ત થાય એ માટે.*

MAY
9
શુક્રવાર

Happy Birthday

*શ્રીમતી મુથુ સેલ્વી સેંથિલકુમાર*
*શ્રી વાગેરા પ્રમોદકુમાર ધર્મભાઈ*

## આસામ

## લખીમપુર

### અરોનસિંગ નર્ઝરી અને રીના

**સ્તુતિ :** ઈશ્વરપિતાની કૃપાથી નવા ગામોમાં સુવાર્તા પ્રગટ કરી શક્યા હતા. રાત્રિ સભાઓ દ્વારા વિશ્વાસીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આપણા સ્થાનિક સુવાર્તિકની પત્નીને બિમારીમાંથી દૈવીય સાજાપણું મળ્યું હતું. ગયા મહિને તમામ આયોજીત મીટીંગો ઈશ્વરપિતાની સહાયથી સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.

**પ્રાર્થના :** નવા વિશ્વાસી ઓ વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. ૭ ગામોમાં ફોલો-અપ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. નવા પ્રાર્થના જૂથો માટે કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી બને એ માટે. દારૂના વ્યસની પેપુલ અને બાબુલ સનગ્રાંગને ઈશ્વરપિતા મુક્તિ આપે એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિકની પત્નીની આત્મિક વૃદ્ધિ અને તેણી સેવાકાર્યમાં આતુરતાપૂર્વક સામેલ થાય એ માટે. નરેન શિંદે અને સુરભી શિંદે સતાવણી મધ્યે પણ તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે.

## ગોગામુખ અને ધખુવકાના (નવું)

### ડેનસિંગ આર. અને કવિતા

**સ્તુતિ :** આંચકી અને જ્ઞાનતંતુની બિમારીથી પીડીત લોકી નોરાકને વિશ્વાસીઓની ઉપવાસ સહિતની પ્રાર્થના દ્વારા સંપૂર્ણપણે સાજાપણું મળ્યું હતું. હવે તેણે ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે. ઈશ્વરપિતાએ ગોલીગન, પાલી ચાપોરી, કામન ચાપોરી અને રેહોમ ચાપોરી નામના નવા ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખોલ્યા છે. પેટમાં સોજાને કારણે જમવામાં તીવ્ર પીડાથી પીડીત જયાપદીને ઈશ્વરપિતા દ્વારા ચમત્કારિક સાજાપણું મળ્યું હતું. ઓઈકોનાકંગ સંકરન અને કુટુંબ ધાર્મિક વિધીઓ કરતા હતા, તેમણે તેમની આજીવિકા ગુમાવી દીધી હતી અને ભોજન મેળવવા માટે પણ સંઘર્ષ કરતા હતા. ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યા બાદ તેમની આર્થિક સ્થિતિ બદલાઈ ગઈ હતી.

**પ્રાર્થના :** માદક દ્રવ્યોના વ્યસની અને માનસિક રીતે અસ્વસ્થ નિબુથેઈને મુક્તિ મળે અને તારણ પ્રાપ્ત કરે એ માટે. કમ્બોથીને ઈશ્વરપિતા બાળકરૂપી આશીર્વાદ આપે એ માટે. આંખની સમસ્યા અને પગના દુખાવામાંથી ઈશ્વરપિતા મેમોરિકમાનને સાજાપણું આપે એ માટે. હધિયામોરા ગામમાં આરાધના સામે થતો વિરોધ બંધ થાય એ માટે. ચેંગાલિસુત્તી ગામમાં પ્રભુમંદિરની વાંસની બનેલી છત વાવાઝોડાને કારણે નાશ પામી હતી, આવો નવા પ્રભુમંદિરને ટૂંક સમયમાં બનાવવામાં આવે એ માટે પ્રાર્થના કરીએ.

MAY
10
શનિવાર

## Happy Birthday

શ્રી કેનેથ કારીઆપ્પા
શ્રીમતી રત્નમ્મા સંધ્યા નાઈક
શ્રીમતી જીયા ગૌરી સિબી સેલ્વિન
શ્રીમતી સંથમ્મલ જ્હોન્સન
શ્રીવ વુમ બિયાક લાલ, શ્રીમતી ચરની દિહે
શ્રીમતી શીબા પુશબા રાની જ્હોન પેનિન
શ્રી હેનરી સોલોમન જી.
શ્રી બંગારુ નાયડુ કરી
શ્રીમતી રશ્મી પ્રતાપ રાહંગ
શ્રીમતી સંગીતા જેસિંઘા ઈમેન્યુઅલ એસ.
શ્રી ડેનિયલ ધનાસિંહ એસ.

## ઝારખંડ

## ગંગુપાડા ચિલ્ડ્રન હોમ

### એવલિન પેકિયા અને એસ્થર સાવિત્રી

**સ્તુતિ :** આપણા હોમના તમામ વિદ્યાર્થીઓએ ઈશ્વરપિતાની કૃપાથી તેમની વાર્ષિક પરીક્ષાઓ સફળતાપૂર્વક લખી હતી. આપણા પરિસરમાં રમવા માટે તેમની પાસે રમતનું મેદાન નથી, તેમ છતાં, ઈશ્વરપિતાની કૃપાથી આપણા વિદ્યાર્થીઓને રમતગમતની સ્પર્ધાઓમાં લગભગ ૧૫ ઈનામો પ્રાપ્ત થયા હતા. પ્રભુના મહિમા માટે, આપણા નવા મકાનમાં બાંધકામનું કામ શરૂ થયું છે તેમાં સારી પ્રગતિ થઈ રહી છે.

**પ્રાર્થના :** આપણા હોમના વિદ્યાર્થીઓ ૭ મા ધોરણની પ્રિસિલા અને ૫ માં ધોરણની મરિયમની માતાનું અવસાન થયું છે, તેઓની શાંતિ અને દિલાસા માટે. ઉનાળાના મહિનાઓમાં પ્રવર્તતી પાણીની અછતને દૂર કરવા માટે. ઈશ્વરપિતા આપણા બાળકોને ગાલપચોળિયાં, અછબડા અને મેલેરિયાથી અને ગરમ હવામાનથી રક્ષણ કરે એ માટે. આપણા બાળકોના આત્મિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે કે જેઓ રજાઓમાં તેમના ઘરે પાછા ફર્યા છે. મોંઘવારીને કારણે, શાળા ફીમાં વધારો કરવામાં આવ્યો છે. પ્રાર્થના કરો કે બાળકોનું શિક્ષણ ફી વધારાના કારણે અવરોધાય નહીં. બાળકોના ખોરાક, ગણવેશ અને પુસ્તકોની જરૂરિયાત ઈશ્વરપિતા પૂરી પાડે એ માટે.

## ઈશ્વરની પાંખોની છાયા તળે

જ્યારે રાજસ્થાનના હનુમાનગઢ ક્ષેત્રમાં કામ કરી રહેલા આપણા મિશનરી રાજુ નાયક તેમની બિમાર માતાની મુલાકાત લઈને પરત ફરી રહ્યા હતા, ત્યારે પોલીસ અધિકારી ડીએસપીએ તેમને ફોન કરીને ત્રણ વખત બોલાવ્યા અને પ્રભુમંદિરનું રજીસ્ટર, વિશ્વાસીઓની વિગતો વગેરે માટે પૂછ્યું, ત્યારબાદ તેમને સમજાયું કે તેમના સેવા ક્ષેત્રમાં કંઈ ખોટું થઈ રહ્યું છે. તે જ સમયે તેઓ, રિઝરવેશન વિના તેમના માંદા બાળકો સાથે ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. તેથી, તેઓએ આ દરમિયાન તેમની માતાના ઘરે પાછા ફરવાનું નક્કી કર્યું અને બાળકોને તેમની માતાના ઘરે એકલા છોડી દીધા. પછી તેમના વિશ્વાસીઓએ તેમને બોલાવ્યા અને કહ્યું કે પોલીસ ત્રણ દિવસથી તપાસ કરી રહીછે અને મિશનરી અને તેમના રહેઠાણ અને સંપર્ક નબરો વિષે પૂછપરછ કરી રહી છે અને તેથી તેમને થોડા દિવસો પછી પાછા આવવાનું કહ્યું હતું. આવો આપણે પ્રાર્થના કરીએ કે આ તંગ પરિસ્થિતિ બદલાય અને આપણું સેવાકાર્ય મુક્તપણે કરી શકે.

## MAY 11 રવિવાર

## Happy Birthday

શ્રીમતી જોન્સ સ્વીટલાઈન પોલ ડેનિયલ
શ્રી ઓગસ્ટ પુષ્પરાજ
શ્રી આનંદકુમાર સેલ્વરાજ વી.
શ્રીમતી જીન્સી સંથાકુમાર જે.

## નોનિહાટ

### એમ. બેનહર અને મેરી જહોન્સીરાની

**સ્તુતિ :** ધેલાલ મુર્મુ ઝાડ પરથી નીચે પડ્યો હતો અને તેના ગુપ્ત ભાગમાં ઈજા થઈ હતી અને તે મૃત્યુની અણી પર હતો, પરંતુ પ્રાર્થના દ્વારા ચમત્કારિક રીતે સાજાપણું મળ્યું હતું. કંદિની મરાંડીના ગર્ભાશયમાં ગાંઠ હતી જે ઈશ્વરપિતાની કૃપાથી સર્જિકલ રીતે દૂર કરવામાં આવી હતી. બહામુની હંસદાને પ્રાર્થનાને કારણે કમળામાંથી સાજાપણું મળ્યું હતું. ૯ સ્થળોએ આત્મિક જાગૃતિની મીટીંગોનું અસરકારક રીતે આયોજન કરવામાં આવ્યું હતું. દલામાઈ કે જે લકવાગ્રસ્ત અને પથારીવશ હતા તેમને પ્રાર્થનાને કારણે સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** જીતલાલ ડુડુ, દિવાસી સોરેન અને બુથલાલ સોરેનને હતાશામાંથી સાજાપણું મળે એ માટે. આપણા નવા વિશ્વાસી બાબાઈ મુર્મુને લકવા અને વાઈની બિમારીમાંથી, ફેફસાની બિમારીમાંથી સોનાલાલ કિસુ, વાઈની બિમારીમાંથી બાબુલુ હંસદા, કિડનીની બિમારીમાંથી ડોબારિ મુર્મુના સાજાપણા માટે. બક્કુ હેમ્બ્રોમના પરિવારના આશ્વાસન માટે, જેમણે અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો છે. દમના અને પરમાસિયા મંડળોના વડીલો પ્રભુના વચનો દ્વારા પોતાનું રક્ષણ કરે એ માટે.

## કેરાબાની ચિલ્ડ્રન હોમ

### મનોજકુમાર પાની અને સંથાની પાની

**સ્તુતિ :** આપણા હોમના બાળકો માટે બાઈબલ વર્ગો નિયમિતપણે હાથ ધરવામાં આવે છે. આપણા બાળકોએ ટીડબ્લ્યુઆર સેવાકાર્ય દ્વારા યોજવામાં આવેલી બાઈબલ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. લગભગ ૭૦ વ્યક્તિઓએ માતા-પિતાની મીટીંગમાં હાજરી આપી હતી. આપણા હોમના બાળકોને પ્રવર્તમાન તકો પ્રત્યેની જાગૃતિ વધારવા માટે ઉચ્ચ શિક્ષણ માટેની કારકિર્દી માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** ૭ વિદ્યાર્થીઓએ ૧૨ માં ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યો છે અને તેમના જીવન માટે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કોલેજ અને અભ્યાસક્રમો પસંદ કરે એ માટે. ઈશ્વરપિતા અંગ્રેજી વિષય સાથે સંઘર્ષ કરતા વિદ્યાર્થીઓને ડહાપણ આપે એ માટે. ઈશ્વરપિતા ઉનાળાના મહિનાઓમાં પાણીની અછતને દૂર કરવા માટે પાણી પૂરું પાડે એ માટે. ઈશ્વરપિતા આપણા બાળકો પર પ્રોત્સાહક આત્મા રેડે જેથી તેઓ આતુરતાથી આપણા હોમમાં રહે અને તેમનો અભ્યાસ કરે. તૂટેલા પગથી પીડાતા ધહામદેવ હેમ્બ્રોમના સાજાપણા માટે. ઈશ્વરપિતા આપણા હોમના કાર્યકરોને ઉત્સાહથી સેવા આપવા અને તેમને સારું સ્વાસ્થ્ય જાળવવા પ્રોત્સાહિત કરે એ માટે.

MAY
12
સોમવાર

Happy Birthday

*શ્રી કુમાર પૉલ કે.*

*શ્રીમતી મિથલેશ દીપરત્ન*

ટેલો

## અરુલાનંદમ અને લિસા પીટર

**સ્તુતિ :** *ટોન્ડી ગામના રમેશ સોરેનને ઈશ્વરપિતાએ એક મોટા અકસ્માતમાંથી બચાવ કર્યો હતો. માર્થા હેમરોમ છેલ્લા એક વર્ષથી પોતાના ઘર માટે પ્રાર્થના કરી રહ્યા હતા, તેમને ઈશ્વરપિતાની કૃપાથી સરકાર તરફથી મકાન આપવામાં આવ્યું છે. ઝેરી સાપના કરડવાથી અકનેશીશનું ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું. કુત્તીપેરા ગામમાં યોજાયેલા મેળામાં ૩૮૦૦ થી વધુ લોકોએ હાજરી આપી હતી અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. પાલ ગામના મૂસા હંસદા માનસિક રીતે બિમાર હતા, વિશ્વાસીઓની રોજની પ્રાર્થનાઓથી ઈશ્વરપિતાએ તેમના સંપૂર્ણ સાજાપણું આપ્યું હતું.*

**પ્રાર્થના :** *નવા વિશ્વાસીઓની ખ્રિસ્તના ડહાપણમાં વૃદ્ધિ થાય એ માટે. વધુ લોકો ટેકરીઓમાં આયોજીત રાતની પ્રાર્થના બેઠકોમાં ભાગ લે એ માટે. જેઓ મૂટલી, રોન્સરા ને પેથોર્કાના આરાધના ટીમોમાં ભાગ લે છે તેઓ વિશ્વાસમાં મજબૂત બને એ માટે. રોજેન પ્રદેશમાં ડે-કેર સેન્ટરચલાવવા માટે ઈશ્વરપિતા યોગ્ય સ્થળ આપે એ માટે. રંગા પ્રભુમંદિરના વડીલો પેપ્લુ બાસ્કી, બાર્નાબાસ હંસદાક, પ્રિસ્કીલા બાસ્કી અને રાજોન પ્રભુમંદિરના શાંતિ મુર્મુને ક્ષય રોગમાંથી સાજાપણું મળે એ માટે. પ્રભુમંદિરો ટૂંક સમયમાં બનાવવામાં આવે એ માટે, મિશનરી કાર્યને વિસ્તૃત કરવા અને ઈશ્વરપિતા, રાજન, કેરેસોલ, મુર્ગબાની અને કાલ્ડા ગામોમાં વધુ મિશનરી સ્વયંસેવકો ઊભા કરે એ માટે.*

અમલાગાચી

## ગજેન ચંપ્રમેરી અને રોશિલા મોચાહારી

**સ્તુતિ :** *જ્યારે સિલ્કવન પ્રભુમંદિરના ૩૦ વિશ્વાસીઓ પ્રાર્થના કરી રહ્યા હતા, ત્યારે છત પર એક ઝેરી સાપ વિશ્વાસીઓની ઉપર પડ્યો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના ઘટ્યા વિના ચાલ્યો ગયો હતો. તેમની સુરક્ષા માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરો. વિશ્વાસી માટેનો આત્મિક મેળો અસરકારક રીતે આયોજીત કરવામાં આવ્યો હતો. જ્યારે બાળક સુમન બહર્યા ગંભીર રીતે બિમાર હતો ત્યારે ઈશ્વરપિતાએ પ્રાર્થનાના જવાબમાં ચમત્કારિક રીતે સાજાપણું આપ્યું હતું.*

**પ્રાર્થના :** *જર્લી ગામના વિશ્વાસીઓ સામે વિરોધ પ્રવર્તે છે. વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. વીબીએસ સેવાકાર્ય અને યુવા રીટ્રીટ આશીર્વાદિત બની રહે એ માટે. પ્રવર્તમાન અછતની પરિસ્થિતીમાં ઘટાડો થાય એ માટે. પુખ્ત સાક્ષરતા કાર્યક્રમ આગામી દિવસોમાં અસરકારક રહે એ માટે. ઈશ્વરપિતા સેમ્યુઅલ બહારીયા અને લ્યુક બહારીયાના પરિવારોને બાળકની ભેટ આપે એ માટે. ઈશ્વર સનબહાર ગામમાં આરાધના જૂથનું નેતૃત્વ કરવા માટે સ્વૈચ્છિક સેવા કાર્યકર ઊભા કરે એ માટે. જાદુગરો ડોકલા, સિબુ, લેન્ટો, કમ્પલા, પાબમ, જેર્કો અને સુનિલ સેવાકાર્ય માટે અડચણરૂપ છે તેઓ પસ્તાવો કરે એ માટે.*

MAY 13 મંગળવાર

## Happy Birthday

શ્રી આલ્બિન ટી., શ્રી મિથરન ઈ.
શ્રી રમેશ વેલરાજ એ., શ્રી નહેમ્યા
શ્રી મુથૈયા યુ. સેમ્યુઅલ
શ્રીમતી પંકજમ હરિ બાબુ ગુંદ્રા
શ્રીમતી હાન્ના મેરી સ્લેશર રાજેન્દ્રન

### રાજમહલ કમ્યુનિટી કોલેજ

**સ્ટાલિન જીવા અને સેલ્વા રાની**

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ આપણા મિશનરીઓ, કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓને ઝેરી જંતુઓ, સાપ અને આવા જોખમોથી સુરક્ષિત રાખ્યા છે. વિદ્યાર્થીઓ અભ્યાસ અને રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરે છે. આવો આપણે ઈશ્વરની સ્તુતિ કરીએ કારણ કે તે કમ્યુનિટિ કોલેજની તમામ જરૂરિયાતોને પૂર્ણ કરી રહ્યા છે.

**પ્રાર્થના :** આગામી શૈક્ષણિક વર્ષમાં કમ્પ્યુટર, નર્સિંગ, ઈલેક્ટ્રોનિક્સ અને વેલ્ડીંગ જેવા તાલીમી અભ્યાસક્રમોમાં વધુ પ્રવેશ મળે એ માટે. ઈશ્વરપિતા કમ્પ્યુટર અને નર્સિંગ અભ્યાસક્રમો શીખવવા માટે વધુ સમર્પિત શિક્ષકો ઊભા કરે એ માટે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આત્મિક અને પ્રશંસાપાત્ર જીવન જીવે એ માટે. નવા વિદ્યાર્થીઓના શિક્ષણ અને મુક્તિ માટે. સંધિવાથી પીડાતા સ્ટાલિન જીવા અને સેલ્વા સ્ટાલિનના સંપૂર્ણ સાજાપણા માટે. ચેપલના છતના નવીનીકરણની જરૂરિયાત માટે આવો કમ્પાઉન્ડની દીવાલો અને છોકરાઓ માટેની છાત્રાલય માટે પરવાનગી મળે એ માટે પ્રાર્થના કરીએ.

### બરહરવા અને પથના ચિલ્ડ્રન હોમ

**પીટર પ્રભાકરન અને વિમલા**

**સ્તુતિ :** ઈશ્વરપિતાની કૃપાથી ૩ સ્થળોએ લેન્ટના ઉપવાસ સહિતની પ્રાર્થના, ૩ સ્થળોએ મંડળીના વડીલોનું સંમેલન, વિશ્વાસીઓ અને વીબીએસ શિક્ષકોની તાલીમ અને વિશ્વાસીઓના બાળકો માટેના વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાએ બાબુધન સોરેન, સોના કિસ્કુ, મરિયમ મુર્મુ, સોહકિની હંથ અને સમ્પન કિસ્કુને વિવિધ બિમારીઓમાંથી સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા હાલમાં દારૂના વ્યવસાયમાં સામેલ એવા ચોક્કસ વિશ્વાસીઓની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે વૈકલ્પિક વ્યવસાયની તકો પ્રદાન કરે એ માટે. પ્રતિબંધિત બુરમાસિયા અને જીદિયા આરાધના ટીમો પુનઃ શરૂ થાય એ માટે. ગેસરો પ્રભુમંદિર ફરીથી બનાવવામાં આવે એ માટે. સિમલ્ટપ, કુવરપુર, જુમુર, સૂચી અને કોકારા ગામોમાં પ્રભુમંદિર બનાવવા માટે યોગ્ય જમીન મળે એ માટે. ઈશ્વરપિતા સોકાની મુર્મુ, ગેસરો અને કલાસરને નબળાઈમાંથી સાજાપણું એ માટે. આવો આપણે આપણા છાત્રાલયના ૨૧૦ વિદ્યાર્થીઓને કોઈપણ અવરોધ વિના આ શૈક્ષણિક વર્ષ માટેની ફી ચૂકવવા માટે પ્રાર્થના કરીએ.

MAY 14 બુધવાર

ઉપવાસસહિતની પ્રાર્થના

## Happy Birthday

*શ્રીમતી જ્ઞાનપુષ્પમ અરુલરાજ*
*શ્રી વિનોદકુમાર સિંહ, શ્રી રવિ કે.*
*શ્રીમતી મામાથા ટિમ્મન્ના*

### મહારો

### ઈમેન્યુઅલ કાર્થી અને જ્યોતિ લાક્ષી

**સ્તુતિ :** શિવકોલ ગામના સિવલાલ પુજારીની પુત્રીને ઝેરી સાપ કરડ્યો હતો અને વિશ્વાસીઓએ પ્રાર્થના કરી ત્યારે તેનું જીવન ઈશ્વરપિતાએ બચાવી લીધું હતું. પમંડિયા ગામના રણજીથ પૂજર માટે, જેઓ તેમના વિશ્વાસમાં નબળા પડ્યા હતા અને તેમના માતાપિતાને પ્રભુમંદિરમાં જવા મનાઈ ફરમાવી હતી. મંડળીના વિશ્વાસીઓએ ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરી હતી અને હવે રણજીથ સંગતોમાં ભાગ લઈ રહ્યો છે.

**પ્રાર્થના :** જેઓ સુવાર્તામાં રસ બતાવે છે તેઓ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. પાસ્થિરા ગામની ચંદ્રકાંતિને કિડનીની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. જે વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણમાં જઈ રહ્યા છે તેઓ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કોર્સની પસંદગી કરે એ માટે. આવો આપણે યુવાનોને વિવિધ વ્યસનોમાંથી મુક્ત કરવા અને તારણ પામે એ માટે પ્રાર્થના કરીએ.

### પશ્ચિમ બંગાળ

### તપન

### હરમોહન પ્રભુદાસ નાયક અને કુમારી સુસામા પાનિ

**સ્તુતિ :** ગત નાણાંકીય વર્ષમાં ઈશ્વરપિતાએ સુવાર્તા પ્રચાર માટે ઘણા ગામોમાં દરવાજા ખોલ્યા હતા. અનુનાસિક રક્તસ્રાવથી જયદીપ મુરમુ અને લકવાગ્રસ બાજ સોરેનને સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી પારુલ તુડુને સલામત પ્રસૂતિ થઈ હતી.

**પ્રાર્થના :** શ્રીમોલ અને જાથિન કિસુએ પ્રભુમંદિરમાં ભાગ લેવાનું બંધ કર્યું છે, તેઓ તેમની જૂની પ્રવૃત્તિઓ છોડી દે અને વિશ્વાસમાં પાછા આવે એ માટે. ઈશ્વરપિતા તપન ક્ષેત્રમાં સેવાકાર્ય માટે સ્થાનિક સુવાર્તિકો ઊભા કરે એ માટે. છાતીના દુખાવામાંથી સબિના હેમ્બ્રોમને, હાથની પીડામાંથી લકી તુડુને, વાઈની બિમારી અને પગના દુખાવામાંથી મેકા તુડુને સાજાપણું પ્રાપ્ત થાય એ માટે. ફિલેમોન મુર્મુ અને ડેડુલમુદા ગામના પરમાશ્વર મુર્મુને તારણ પ્રાપ્ત થાય એ માટે.

### ઈશ્વર આપણને આપણા શત્રુ સામે વિજય અપાવે છે !

કર્ણાટકના નિદાગુંડીના વિશ્વાસી વિજયલક્ષ્મી તેમના ગામમાં એક બાલવાડીમાં કામ કરતી હતી. તેમ છતાં, એક ખ્રિસ્તી તરીકે, તેણીએ સુવાર્તાનો વિરોધ કરનારાઓ તરફથી ખોટા આક્ષેપોનો સામનો કરવો પડ્યો હતો કે તે બાળકોને યોગ્ય રીતે ખવડાવતી નથી અથવા તેમને ભણાવતી નથી, પરિણામે તેણીએ નોકરી ગુમાવવી પડી. અનિશ્ચિતતા વચ્ચે, વિજયાલક્ષ્મીએ દરરોજ પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું અને કાનૂની કાર્યવાહી કરી, કોર્ટમાં કેસ દાખલ કર્યો. વિજયી વળાંકમાં કોર્ટે ચુકાદો આપ્યો કે કોઈએ તેના કામમાં દખલ ન કરવી જોઈએ. ગામમાં ઈશ્વરના નામનો મહિમા કરવામાં આવ્યો. હાલેલુયા !

**MAY 15**
**ગુરુવાર**

## Happy Birthday

*શ્રીમતી ઝાંસી રાજેન્દ્રન*
*શ્રી થોમસ મેથ્યુ, શ્રી બાબુ પુષ્પરાજ ડી.*
*શ્રીમતી શાંતિ જ્ઞાનપંડિથન*
*શ્રીમતી સેલ્વરાની ભરાનિધરન*
*શ્રીમતી લક્ષ્મી વેદિઆપ્પન*
*શ્રી બિજુલાલ, શ્રી ભગીરથી બિસોય*
*શ્રી ગિમભલ દિલીપભાઈ રઘુભાઈ*
*શ્રી સુરેશ માલ્ટો એસ., શ્રી દેબાશિશ હેમ્બ્રોમ*
*શ્રી અજય બારડે, કુ. મેલિતાક*
*શ્રીમતી ડૉ. વિલસેટ ક્રિસ એલ.*

### માલદા

### હરમોહન પ્રભુદાસ નાયક અને કુમારી સુસામા પાનિ

**સ્તુતિ :** શીત્તલપુર અને નાગામ પ્રદેશોમાં આરાધના સેવાઓ ફરીથી શરૂ કરવામાં આવી છે. ઘણા નવા લોકોએ આ આરાધના સંગતોમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે. પશ્ચિમ બંગાળમાં માલ્ટો લોકજૂથ મધ્યે દરવાજા ખુલ્યા છે. ઈશ્વરપિતાએ મિશનરીઓ, સ્થાનિક સુવાર્તિકો અને સ્વયંસેવકોને સુરક્ષા અને મુસાફરી દરમિયાન કૃપા પ્રદાન કરી હતી.

**પ્રાર્થના :** શીત્તલપુર ગામના વિશ્વાસીઓ સાક્ષીરૂપ જીવન જીવે અને સુદાની, કેલારી, સ્યુરિએલ અને પશ્ચિમ બંગાળના અન્ય ગામોમાં રહેતા ઘણા માલ્ટો લોકોને ઈશ્વર તરફ દોરી જાય એ માટે. સુનિરામ, સુક્કુ અને લોદિલાના પરિવારો ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. તેની આંગળીઓની ગાંઠમાંથી પુધિન બહારીને અને ઘૂંટણની પીડામાંથી અરીતી બહારીના સાજાપણા માટે.

### ગંગારામપુર

### દીહે જેમ્સ અને ચરાની

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ ૧૬ ગામોમાં સુવાર્તા સંમેલનો કરવામાં, ૭ ગામોમાં જીસસ ફિલ્મનું આયોજન કરવામાં અને નવા વિશ્વાસીઓ માટે બેઠક યોજવામાં સહાય કરી હતી. પલ્ટન સોરેનની દારૂ પીવાની ટેવને કારણે ઘણીવાર તેની પત્ની સાથે લડતા હતા, ચર્ચના વિશ્વાસીઓની પ્રાર્થના દ્વારા, તે હવે તેના પરિવાર સાથે શાંતિથી જીવે છે.

**પ્રાર્થના :** તમામ આગામી બેઠકો અડચણ વિના હાથ ધરવામાં આવે તે માટે. ઈશ્વર લોકોના હૃદયમાં કામ કરે એ માટે. વિશ્વાસીઓ માટે આ બેઠકોમાં આતુરતાથી ભાગ લેવા માટે, આવો આપણે આપણા વિશ્વાસીઓ અને વડીલો માટે આત્મિક અને પ્રશંસાપાત્ર જીવન જીવવા માટે પ્રાર્થના કરીએ.

### સ્વર્ગીય ડોક્ટર

રાજસ્થાનના ટપુકારા ક્ષેત્રના લવેન્ડર ગામના ઈશ્વરભાઈ જેમને માનસિક બિમારીને કારણે સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ ડોક્ટરોએ એમ કહીને છોડી દીધું કે કોઈ દવા તેમનો ઉપચાર કરી શકશે નહીં, તેથી તેઓને ઘરે લાવવામાં આવ્યા. આપણા વિશ્વાસી સીમાએ આપણા મિશનરીને ઈશ્વરભાઈ માટે પ્રાર્થના કરવા અને નિરાશ પરિવારને શુભ સમાચાર જણાવવા આમંત્રણ આપ્યું. જ્યારે આપણા મિશનરી તેમના ઘરે ગયા અને પ્રાર્થના કરી, ત્યારે તે તરત જ સાજા થઈ ગયા. ઈશ્વરપિતાનો મહિમા થાવ !

MAY
16
શુક્રવાર

Happy Birthday

**શ્રી એબેનેઝર જી. સેમ., શ્રી વિલ્સન ડી.**
**શ્રીમતી સ્નિગ્ધા એમ. દેવી જીવન રંજન**
**શ્રીમતી ક્રિસ્ટી જયંતિ સથીશ કુમાર**

## કરંદીગાઈ

### કૈથેઈગિનવાઈફેઈ અને મેલોડી

**સ્તુતિ :** સુવાર્તા પ્રગટ કરવામાં અને રાત્રિની પ્રાર્થના મીટીંગોના આયોજનમાં ઈશ્વરપિતાએ સહાય કરી હતી. આપણા વિશ્વાસી પટ્ટાયા તુડુને શરીરની પીડામાંથી પ્રાર્થના દ્વારા ચમત્કારિક સાજાપણું મળ્યું હતું. વિશ્વાસીઓ દ્વારા ખેતીમાં લણણીનાં કાર્યો કરવામાં આવ્યા હતા. કુંદાર્કો ગામના વિશ્વાસી પરકા કિસકુની ગાયે પ્રાર્થના દ્વારા ઘણા વર્ષો બાદ ગર્ભ ધારણ કર્યો છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતાની કૃપા દ્વારા આગામી કાર્યક્રમો સફળતાપૂર્વક યોજી શકાય એ માટે. હોપન હંથા અને સિપુ પાસકીના પરિવારો વિશ્વાસમાં નબળા પડ્યા છે, તેઓ વિશ્વાસમાં પાછા આવે એ માટે. ઈશ્વરપિતા મિશનરી કાર્યનો વિરોધ કરનારા ધર્માંધ લોકોના હૃદયોને સ્પર્શ કરે એ માટે. ઉલકુટ અને સન્નિકૂટ ગામોમાં રવિવારની આરાધના ઝડપથી શરૂ થાય એ માટે. સોહરગાવ ગામના વિશ્વાસીઓની સુરક્ષા અને સુખાકારી માટે જ્યાં ખ્રિસ્તીઓને તેમના વિશ્વાસને કારણે હાંકી કાઢવામાં આવ્યા છે. ઈશ્વરપિતા ૬ વર્ષના સુદીપ મુર્મુને ચમત્કારિક રીતે સાજાપણું આપે એ માટે, જે શારીરિક નબળાઈને કારણે ચાલવામાં અસમર્થ છે. ઈશ્વરપિતા આ ક્ષેત્ર માટે વધુ સ્થાનિક સુવાર્તિકો ઊભા કરે એ માટે.

## બેલુરઘાટ

### કિંગ્સલી લિવિંગસ્ટન અને ડેલ્ફિન

**સ્તુતિ :** મિલાન મુર્મુ ઉત્સાહપૂર્વક સુવાર્તાપ્રચાર સેવાકાર્યમાં સહાય કરી રહ્યો છે. થોડા લોકોએ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે. વિશ્વાસીઓ કે જેઓ તેમના પડોશીઓના તારણ અને શાંતિ માટે ખંતપૂર્વક પ્રાર્થના કરી રહ્યા છે. પોનહટ ગામના વિશ્વાસી તમામ વિશ્વાસીઓને એકત્રિત કરવા અને આરાધના માટે પ્રભુમંદિર બનાવવા જમીન આપવા આગળ આવ્યો છે. ઈશ્વરપિતાએ ઉચ્ચ રક્ત દબાણ અને ફંગલ રોગથી કાજોલી સોરેનને, માથા અને કાનના દુખાવામાંથી સરોજીની હાતાને, નીચા રક્ત દબાણથી સુમિતા તુડુ અને અમોલ કિસુને સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** સેવાકાર્યો માટે આ નાણાંકીય વર્ષમાં સારા પરિણામ મળે એ માટે. આ પંચાયતમાં ઈશ્વરના પ્રેમની જાહેરાત કરવા માટે ઘણા ગામોનો સમાવેશ થાય એ માટે. ઘણા લોકો તારણ પ્રાપ્ત કરે એ માટે. સિમોનને લકવામાંથી, ત્વચાની બિમારીમાંથી જોહાન મુરમુને ટાઈફોઈડ અને કમળામાંથી સુસાના હાતા અને ટાઈફોઈડથી રૂપા હેમરોમને સંપૂર્ણ સાજાપણું મળે એ માટે. આલો મુર્મુને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. આપણા વિશ્વાસીઓના બાળકો રવિવારની સંગતો, રવિવારના વર્ગો અને બાઈબલ અભ્યાસમાં નિષ્ફળ થયા વિના ભાગ લે એ માટે. આગામી કાર્યક્રમો કોઈપણ અવરોધો વિના આયોજીત થઈ શકે એ માટે.

**MAY**
**17**
**શનિવાર**

## Happy Birthday

શ્રીમતી ઉલ્ધલ મેગી એસ્થર થોમસ એસ કે.
શ્રીમતી વસંતી જેબાકુમાર, શ્રી અસીર ટી. વાય. પી.
શ્રીમતી ગનાના જાબા શીલા ડેનિયેલ અરુલમની
શ્રી મુધાવથુ રાજુ નાઈક

### રાનીગંજ

## ધુરૂબરાજ અને બેબર્તા અને પુષ્પાંજલી

**સ્તુતિ :** હસીમાસી ગામની એલિના મુર્મુ અને સથકેરા ગામની મુંગેલિસોરેનને ઈશ્વરપિતાએ મરડામાંથી સાજાપણું આપ્યું હતું. ઈશ્વરપિતાએ નવા ૮ ગામોમાં કોઈપણ અવરોધ વિના ૧૪ રાત્રિ આરાધના સંગતો ચલાવવા શક્ય બનાવ્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી નવા ૨ સ્થળોએ જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. સુનિરામ તુડુનો પરિવાર પ્રભુમંદિરમાં ભાગ લેતો ન હતો તે પ્રાર્થના દ્વારા પ્રભુમંદિરમાં પાછા ફર્યા છે. ઈશ્વરપિતાએ ઘણા યુવાનોને સ્વેચ્છાએ ઉપવાસ સહિતની પ્રાર્થનામાં હાજરી આપવા માટે મદદ કરી છે. આપણા વિશ્વાસીઓ માટે કે જેઓ દરેકના ઘરોની મુલાકાત લઈ રહ્યા છે, અને ઉપવાસ કરી રહ્યા છે અને આ લેન્ટના દિવસોમાં પ્રાર્થના કરી રહ્યા છે. રાણીકંજ ક્ષેત્રમાં યોજવામાં આવેલા પ્રાદેશિક મેળામાં અસંખ્ય લોકોએ ભાગ લીધો હતો અને આશીર્વાદ આપ્યા હતા. આવો આપણે એવા અધિકારીઓ માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ કે જેમણે મેળાનું આયોજન કરવા માટે ફુટબોલ ગ્રાઉન્ડ અને વીજળીના બોર્ડની પરવાનગી આપી અને તે તમામ લોકો જેઓએ મેળાની સફળતા માટે પ્રાર્થના કરી હતી.

**પ્રાર્થના :** આગામી બેઠકો કોઈપણ અવરોધ વિના આયોજીત થાય એ માટે. વિશ્વાસીઓના બાળકો સારા પરિણામો પ્રાપ્ત કરે અને ઉચ્ચ શિક્ષણ માટે સંબંધિત પરીક્ષાઓ પાસ કરે એ માટે. કંદર ગામના આગેવાનોને પ્રભુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. ઈશ્વરપિતા સ્થાનિક સુવાર્તિકોને સારા સ્વાસ્થ્યનો આશીર્વાદ આપે એ માટે. વિશ્વાસીઓ આતુરતાપૂર્વક સુવાર્તા પ્રચારમાં ભાગ લે એ માટે. જે લોકો વિશ્વાસમાં નબળા પડ્યા છે તેઓ વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે. તમામ વિશ્વાસીઓ, યુવાનો અને વડીલો આરાધના અને રવિવારની સંગતમાં અચૂક ભાગ લે એ માટે.

## એક જાદુગરની વિશ્વાસ તરફની યાત્રા

ઓરિસ્સાના જશીપુરના બુડીગાવ ગામમાં એક સમયે શક્તિશાળી જાદુગર જે તેની વળગાડ મુક્તિ અને ઉપચાર પદ્ધતિઓ માટે પ્રખ્યાત હતો, જેમાં બલિદાની ધાર્મિક વિધિઓ સામેલ હતી. જો કે, જ્યારે તે કોઈ અજાણી બિમારીથી બિમાર પડ્યો જેનો કોઈ ઈલાજ થઈ શક્યો નહિ, ત્યારે તે મદદ માટે સિઆલિનાઈ ગામના ખ્રિસ્તીઓ તરફ વળ્યો. વિશ્વાસીઓ દ્વારા પ્રોત્સાહિત, તેમણે ઈશ્વરમાં વિશ્વાસ દ્વારા સાજાપણાની માંગ કરી. માત્ર એક અઠવાડિયામાં જ, તે સંપૂર્ણપણે સાજા થઈ ગયા, અને પરિણામે તેણે ઈસુ ખ્રિસ્તનો તેના અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો. ત્યારબાદ કંદાઈએ તેના ગામમાં સુવાર્તાનો ઉપદેશ આપવાનું શરૂ કર્યું. તેમના નવો વિશ્વાસને કારણે ગામમાં ઉગ્ર વિરોધ શરૂ થયો. તેના રૂપાંતરથી ગુસ્સે થયેલા ગામલોકોએ તેને માર માર્યો, તેમનો પાણી પુરવઠો કાપી નાખ્યો, અને તેને કોથળામાં બાંધીને તેને નદીમાં ફેંકીને મારી નાખવાનો પ્રયાસ પણ કર્યો. સ્થાનિક પોલીસની મદદ મેળવવા છતાં, તેઓએ દખલ કરી ન હતી. જીલ્લાના નાયબ કલેક્ટરે વિશ્વાસીઓની પ્રાર્થનાઓનો જવાબ આપ્યો અને સતાવણી બંધ થી ગઈ. પ્રભુનો મહિમા થાઓ.

MAY
18
રવિવાર

## Happy Birthday

શ્રીમતી રાજમ્મલ જહોન્સન
શ્રીમતી એલિઝાબેથ સોલોમન જ્ઞાનશેખર
કુ.કોંકણી ચંદ્રિકાબેન છગનભાઈ
શ્રી સ્ટીફન આર., શ્રીમતી પોર્સેલવી ફેલિક્સ કમલિઓલ
શ્રીમતી રીતંજલી કરદા હમુએલ લિમ્મા
શ્રી મુથુકુમાર એમ., શ્રી ગાવિટ રાકેશ રતિલાલ
શ્રીમતી શીબા વેંકટેશ વડદાર
શ્રીમતી ચિંગ ખાન માવી થંગવન્સાંગ
શ્રીમતી ઝાંસી રાણી યુવનેશ

## પકુઆહટ

### રામકૃષ્ણન અને અંજલિ દેવી બન્ટુમિલી

**સ્તુતિ :** વિશ્વાસી મરિયમ તુડુના પતિ કે જેઓ કામ માટે બેંગલુરુ ગયા હતા, તેમની યાદશક્તિ ગુમાવી ચૂક્યા હતા, સાથી કામદારોથી અલગ થઈ ગયા હતા અને ગુમ થયા હતા. વિશ્વાસીઓની ઉત્સાહપૂર્ણ પ્રાર્થના બાદ તેઓ મળી આવ્યા હતા અને તેમના પરિવારમાં પાછા ફર્યા હતા. નરેશના પરિવાર માટે, જેમને ઈશ્વરપિતા દ્વારા દેવામાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ઈશ્વરપિતાએ સુસીલા પેસરા, વિશ્વનાથ તુડુ અને રાજન મુર્મુની માતાને શારીરિક બિમારીઓમાંથી સાજાપણું આપ્યું હતું. સુનિલ મરાંડી અને પરિવારને તેમના વિશ્વાસને કારણે કુટકુ ગામમાંથી હાંકી કાઢવામાં આવ્યા હોવા છતાં વિશ્વાસમાં દ્રઢ છે.

**પ્રાર્થના :** લીમદંગા અને સિલ્થની પ્રદેશોમાં પ્રભુમંદિર બનાવવા યોગ્ય સ્થળ મળે એ માટે. વિશ્વનાથ તુડુ અને કરુ હાતા નિયમિતપણે સંગતોમાં ભાગ લે એ માટે. વડીલો ટૂંક સમયમાં શિક્ષણ શરૂ કરે એ માટે. મનિકપુર પ્રભુમંદિરમાં કોમાલી હાતાને કવામાંથી સાજાપણું મળે એ માટે. માલ્ટોપાડા, પદાતિયા અને ગોપાલપુર જેવા આરાધના જૂથો મંડળીમાં વૃદ્ધિ પામે એ માટે. સુજોન હેમરોમનો પરિવાર પ્રભુમંદિર બનાવવાનો વિરોધ કરી રહ્યા છે તેઓ પસ્તાવો કરે અને તારણ પ્રાપ્ત કરે એ માટે. ઈશ્વરપિતા ઉત્તર પ્રદેશમાં વધતા ખોટા પ્રબોધકોથી વિશ્વાસીઓને બચાવે એ માટે. ફિલિપ અને સિલ્થની પ્રદેશના માલિન તુડુને તેમના દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે અને આ ક્ષેત્રના લોકોને પ્રભુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. ઈશ્વરપિતા મંડળીમાંથી સમર્પિત આગેવાનો ઊભા કરે એ માટે.

### ઈશ્વર આપણું આશ્રય અને સામર્થ્ય છે

રાજસ્થાનના ટપુકારા ક્ષેત્રના લવેન્ડર ગામમાં એશ્વરભાઈ માટે પ્રાર્થના કરાવ્યા પછી ઘરે પરત ફરતી વખતે, આપણા મિશનરીએ મિતિયાવાસ ગામમાંથી પસાર થવું પડ્યું. તે સમયે, ગામમાં ગુરુદ્વારા સમિતિના સભ્યોએ અમારા મિશનરી અને તેની પત્નીનો પીછો કર્યો અને તેમના પર હુમલો કર્યો. ઈશ્વરપિતાની કૃપાથી, તેઓ ત્યાંથી છટકી શક્યા અને ઘરે પાછા ફર્યા. ત્યારથી, અમારા રાય શીખ વિશ્વાસીઓના મકાનોની સતાવણી કરનારાઓ દ્વારા મુલાકાત લેવામાં આવી રહી છે અને તેમને ધમકી આપવામાં આવી રહી છે અને તેઓએ તેમને તેમના માતૃધર્મમાં પાછા ફરવા માટે એક મહિનાનો સમય આપ્યો છે. કેટલાક પરિવારોએ તેમના વિશ્વાસમાં પીછેહટ કરી છે. આવો આપણે આપણા રાય શીખ વિશ્વાસીઓની અને આપણા મિશનરીઓની સલામતી માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખીએ.

MAY
19
સોમવાર

## Happy Birthday

*શ્રીમતી જેન્સી બાલાજી જી.*

*શ્રી હેમંતા કુમાર સાબર*

**છત્તીસગઢ**

**લૂડેગ**

### કે. કરુનાકરન અને એલિઝાબેથ

**સ્તુતિ :** ૧૬ વર્ષની અંજલિને સ્ત્રીરોગની સમસ્યામાંથી સાજાપણું મળ્યું હતું. ઘણા મહિનાઓથી ૧૪ વર્ષના રોશિન મિંજ બોલવામાં અસમર્થ હતો તેને સાજાપણું મળ્યું હતું. પ્રભુએ નોગરસાઈને તેમની પ્રાર્થનાઓના જવાબમાં તેમની જમીન મુક્ત કરીને તેના પર પોતાનું ઘર બનાવવામાં સહાય કરી હતી. આપણા સ્થાનિક સુવાર્તિકો સંજય એક્કા અને અમૃતાને મુસાફરી દરમિયાન વાહનને અકસ્માત થયો હતો ત્યારે ઈશ્વરપિતાએ તેઓનો ચમત્કારિક બચાવ કર્યો હતો.

**પ્રાર્થના :** કોકીયાગર ગામની સ્તન કેન્સરથી પીડીત જયાના સાજાપણા માટે. પંજાબીની બગડતી દ્રષ્ટિ પુનઃ પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા અનિશ, વાસંતી, અમિત અને સંતોષના પરિવારોને બાળકનો આશીર્વાદ આપે એ માટે. આપણા વિશ્વાસી જેન્ટોવરને લકવામાંથી સાજાપણું મળે એ માટે.

**ગુજરાત**

**આહવા અને પીપલવાડા**

### વિગ્નેશ્વરન અને એન્જેલિન એમ.

**સ્તુતિ :** કોકલી ગામના સુમનબેનને કિડનીની પથરીની બિમારીમાંથી સાજાપણુ મળ્યું હતું. મલકદેવ ગામના નવા પરિવારોએ ખ્રિસ્તમાં નવું જીવન સ્વીકાર્યું છે. અભિષેકને માર્ગ અકસ્માતમંથી ચમત્કારિક રક્ષણ મળ્યું હતું. ત્રણ દિવસીય સાંકળ પ્રાર્થનાના પરિણામે, ૨૦ વર્ષીય યુવક સંજયભાઈએ અશુદ્ધ આત્માના બંધનમાંથી સંપૂર્ણપણે મુક્તિ મળી હતી.

**પ્રાર્થના :** છોકરીઓ માટેના છાત્રાલયના અભાવે તેમનું શિક્ષણ અવરોધાય છે. છોકરીઓ માટેનું છાત્રાલય ટૂંક સમયમાં આહવા ક્ષેત્રમાં બાંધવામાં આવે એ માટે. અમદાવાદના આનંદીબેનને દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ૮ સ્થળોએ પ્રભુમંદિરનાં બાંધકામનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થાય એ માટે. ઈશ્વરપિતાએ આહવા ક્ષેત્રમાં ચર્ચ બાંધકામ માટે જમીન પૂરી પાડી હતી, પરંતુ તે ક્ષેત્રમાં મંદિરના સતત બાંધકામને કારણે, પ્રભુમંદિર બનાવવા માટે સખત વિરોધ થાય છે. તે વિરોધ બંધ થાય અને પ્રભુના મહિમા માટે એક પ્રભુમંદિર બનાવવામાં આવે એ માટે. આ ગામના લોકોના તારણ માટે.

MAY
20
મંગળવાર

## Happy Birthday

*શ્રી સ્ટેનલી જ્યોર્જ, શ્રીમતી એસ્થર ઈસાકિયા*
*શ્રીમતી જ્ઞાનાલીન સેલ્વા વિજલા સુંદરસિંગ*
*શ્રી મિર્જ્યો કિસ્કુ, શ્રી એલેંગોવાન એસ.*
*શ્રી એડવર્ડ રાજદુરાઈ આર.*

### સિલ્વાસા

### ડેવિડસન રાજસિંગ અને કનમનિ પરિમલમ

**સ્તુતિ :** શાયલી ગામના ટાકલુબેન દ્વારા સંચાલિત હોટેલમાં, ગેસ સિલિન્ડરના વિસ્ફોટને કારણે આગ લાગી હતી. ઈશ્વરપિતાએ તમામ પ્રકારના નુકસાનથી લોકોનું રક્ષણ કર્યું હતું. આપણા વિશ્વાસીઓને સર્પદંશ, અશુદ્ધ આત્મા અને બોજમાંથી ઈશ્વરપિતાએ મુક્ત કર્યા હતા અને તારણ પૂરૂ પાડ્યું હતું. ૧૦૦૦ કલાકની ઉપવાસસહિતની પ્રાર્થના, યુવા શિબિર, વિશ્વાસની જાહેર કબૂલાતનું આયોજન જે કોઈપણ અવરોધો વિના થયું હતું.

**પ્રાર્થના :** કિડનીની નિષ્ફળતાથી પીડીત સલીમના, પાવનીબેન અને રાધાબેનને લકવામાંથી, જ્ઞાનતંતુની બિમારીમાંથી કાકડુબેનના સાજાપણા માટે. વીબીએસ કાર્યક્રમો અને યુવાનોની મીટીંગ કોઈપણ અવરોધ વિના આયોજીત થાય એ માટે. ઘણા બાળકો અને યુવાનો આ કાર્યક્રમમોમાં ભાગ લે અને આત્મિક આશીર્વાદ પામે એ માટે. મંડાભાઈ, સોમલભાઈ, સમરબાસને તેમના ડ્રગ્સના વ્યસનમાંથી મુક્ત કરવામાં આવે એ માટે. ૧૪ વર્ષની ઈલીસાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

### મોટાપોન્ડા

### મારકુસ માલ્ટો અને સારા માલ્ટો

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ પ્રભુમંદિરના તમામ આરાધના જૂથોને, રવિવારની સંગતો, યુવા શિબિરો, મહિલાઓની મીટીંગ કોઈપણ અવરોધ વિના આયોજન કરવા અમને સક્ષમ બનાવ્યા હતા. કાપણી પર્વના રવિવારનું આતુરતાપૂર્વક સ્મરણ કરવામાં આવ્યું હતું. ઘણા લોકો પ્રભુમંદિરમાં રવિવારની સંગતમાં આવવા લાગ્યા છે. વિવિધ બેઠકોના આયોજનને પરિણામે, કેટલાક યુવાનોએ પૂર્ણ સમયના સેવાકાર્ય માટે જીવન સમર્પિત કર્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી અમને તે પરિવારોની મુલાકાત લેવામાં સક્ષમ બનાવ્યા હતા કે જેમણે તેમના વિશ્વાસમાં પીછેહઠ કરી છે, તેમને પ્રોત્સાહિત કરવા અને તેમને ઈશ્વર પાસે પાછા આવવા માટે મદદ કરી હતી.

**પ્રાર્થના :** નવા આવનારાઓ કે જેમણે પ્રભુમંદિરમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે, તેમના વિશ્વાસમાં વૃદ્ધિ થાય અને ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. ઈશ્વરપિતા આપણા વિશ્વાસીઓના યુવા બાળકોને સારા ખ્રિસ્તી જીવનસાથી પૂરા પાડે એ માટે. બેરોજગારીથી પીડાતા આપણા વિશ્વાસીઓને સારું કામ મળે એ માટે. મંડળીના વડીલો અને સ્થાનિક સુવાર્તિકો ઉત્સાહી બને અને ખોવાયેલાઓ માટે બોજ સાથે મંડળોમાં સેવાકાર્ય કરે એ માટે.

MAY
21
બુધવાર
ઉપવાસસહિતની પ્રાર્થના

Happy Birthday

શ્રીમતી વિજયરાની આલ્બિન ટી.

## સુરત

### માધવરોય (નિવૃત્ત) અને જેબાથંગમ

**સ્તુતિ :** કેટલીક કૌટુંબિક સમસ્યાઓને કારણે છૂટાછેડા માટે અરજી કરવાની અણી પર સમરભાઈ અને મોનિશાએ માત્ર ઈશ્વર આપી શકે તેવી શાંતિનો અનુભવ કર્યો હતો અને હવે તેઓ એકબીજા સાથે સમાધાન કરીને રહે છે. કુલદીપ રોય અને માધવરોયને જ્યારે અકસ્માત થયો ત્યારે ઈશ્વરપિતાની સુરક્ષા દ્વારા સામન્ય ઈજાઓ સાથે બચી ગયા હતા. પુષ્પાબેન અને દીપકભાઈને જ્યારે ઈલેક્ટ્રિક કરંટ લાગ્યો હતો ત્યારે ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું. હિમાટેમેસિસ અને ટીબીથી પીડીત ગુડિયાને સાજાપણું મળ્યું હતું. વિશ્વાસીઓ દ્વારા કરવામાં આવતી વિશ્વાસપૂર્વકની પ્રાર્થનાઓને કારણે તેઓને વિવિધ બિમારીઓમાંથી સાજાપણું પ્રાપ્ત થાય છે.

**પ્રાર્થના :** પિંકિબેનને સલામત પ્રસૂતિ થાય એ માટે. સંજયભાઈને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. રોહિત અને હંસા તેમના અભ્યાસને આગળ વધારવામાં રસ દર્શાવે એ માટે. તેમના આખા શરીરમાં પ્રવર્તતી એક ખંજવાળથી ગણેશભાઈને સાજાપણું મળે એ માટે, શ્વાસ લેવાની સમસ્યાથી ઉર્મિલા અને પગમાં સોજા અને પીડાથી પીડાતા સુજીથના સાજાપણા માટે.

## કવાંટ

### અખિલેશ કુમાર અને કિરણ દેવી

**સ્તુતિ :** મહુદાબારી અને કડમાદી ગામોમાં ઈશ્વરપિતાએ પ્રભુમંદિરનું બાંધકામ શરૂ કરવામાં સહાય કરી છે. ૭ મહિનાથી માથાના દુખાવાથી પીડિત ગજલિબેનને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. નવા વિશ્વાસી ગીતાબેનના પરિવારને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી.

**પ્રાર્થના :** આપણા નવા વિશ્વાસી કુમારભાઈથી તેમની પત્ની રશીલાબેન ૨ બાળકો સાથે અલગ થઈ ગઈ છે, આવો આપણે ઈશ્વરપિતાને પ્રાર્થના કરીએ કે તે પરિવારને શાંતિ આપે અને તેમને એકસાથે લાવે. ઈશ્વરપિતા થૂટિબેનને છાતીના, માથાના દુખાવા અને દ્રષ્ટિની ખોટમાંથી અને રાગાબેનને સ્તનની ગાંઠમાંથી સાજાપણું આપે એ માટે. ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરવાને કારણે થોરલિબેનના પતિ તેણી પર શારીરિક અત્યાચાર કરે છે, તે પસ્તાવો કરે એ માટે.

**MAY**

**22**

**ગુરુવાર**

## Happy Birthday

*શ્રી જયશેકર પી.ટી. શ્રી સુનિલ ડાટા કારા*

*શ્રી બિપિન બિહારી પ્રધાન*

### નિઝર અને સેલમ્બા

### યુવનેશ અને ઝાંસી રાની

**સ્તુતિ :** ઈશ્વરપિતાની કૃપાથી નવા પ્રાર્થના જૂથો રચાયા છે. ઈશ્વરપિતાની કૃપાથી વિશ્વાસીઓના બાળકો તેમની પરીક્ષાઓ લખી શક્યા છે. બદહુનાઈને ઈશ્વરપિતાએ કાનના દુખાવામાંથી રાહત આપી હતી. આવો આપણે મિશનરીઓની મુસાફરી દરમિયાન આરોગ્ય, શક્તિ અને સુરક્ષા પ્રદાન કરવા માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ.

**પ્રાર્થના :** ઈશ્વરપિતાએ વિશ્વાસીઓના બાળકોને ઉચ્ચ શિક્ષણની તકો આપી છે. ઈશ્વરપિતા અનિષાબેનને શ્વાસની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. ડ્રગ્સના વ્યસની મુંદિયાભાઈને છુટકારો મળે એ માટે. આગામી વીબીએસમાં ઘણા બાળકો ભાગ લે અને પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે એ માટે. આવો આપણે આગામી મહિલાઓની સંગત દ્વારા મહિલાઓમાં આત્મિક જાગૃતિ માટે પ્રાર્થના કરીએ.

### ચોરંબા અને ખડોદ

### પુષ્પરાજ અને જ્યોતિ નિર્મલા

**સ્તુતિ :** હર્નીયાથી પીડીત અજિતસિંગને પ્રાર્થના દ્વારા સર્જરી વિના સંપૂર્ણ સાજાપણું મળ્યું હતું. જનગ્રાવ પ્રભુમંદિરના સમર્પણ સમારોહનું પ્રભુના મહિમા માટે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સુમનભાઈનાં વાહનને શેરડી વહન કરતી વખતે અકસ્માત નડ્યો હતો પરંતુ ઈશ્વરપિતાની કૃપાથી કોઈ કામદારોને નુકસાન થયું ન હતું.

**પ્રાર્થના :** બાળક આયુષને બોલવામાં મુશ્કેલી છે, સનગુબેન અને રુમસીભાઈ અશુદ્ધ આત્માનાં બંધનમાં છે, કનિબેન લકવાથી પીડાય છે, હેમેન્સીબેન સ્ત્રીરોગથી પીડાય છે, ઈશ્વરપિતા તેઓને સાજાપણું આપે એ માટે. અરવિંદભાઈનું અવસાન થયું છે, તેમના શોકગ્રસ્ત પરિવારના આશ્વાસન માટે. જેઓ વિશ્વાસીઓને અવરોધે છે તેઓના પસ્તાવા અને તારણ માટે. નવા વિશ્વાસીઓ હિંમતપૂર્વક તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે.

## મહારાષ્ટ્ર

### ચોપડા

### વસાવા ભંગસિંગ અને યેમેનબેન

**સ્તુતિ :** આપણા નવા વિશ્વાસીઓ સુનિલ અને બબિતાના સાક્ષીરૂપ જીવનોને લીધે, તેમના માતાપિતાએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારવાની ખૂબ ઉત્સુકતા બતાવી છે. પ્રાર્થનાને કારણે, અજયના પગમાં થયેલ ફોલ્લામાંથી તેને સાજાપણું મળ્યું હતું. છાત્રાલયના બાળકો માટે ત્રણ દિવસીય વીબીએસનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવક રોહિતે પૂર્ણ સમયના સેવાકાર્ય માટે તેનું જીવન સમર્પિત કર્યું હતું.

**પ્રાર્થના :** ચોપડા ગામમાં પ્રવર્તમાન વિરોધને કારણે, અસ્થાયીરૂપે અટકી ગયેલી આરાધના સંગતો પુનઃશરૂ થાય એ માટે. ઈશ્વરપિતા આ ઉનાળામાં પ્રવર્તમાન ગરમ હવામાન પરિસ્થિતિઓથી આપણા હોમના બાળકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરે એ માટે. કલાંગી ગામના રાકેશના પરિવારના તારણ માટે.

MAY 23 શુક્રવાર

## Happy Birthday

*શ્રી કન્નુસામી થોમસ, શ્રી વિજાઈ બાબુ એસ.*
*શ્રી ગોપીકૃષ્ણન એમ., કુ. એસ્થર નિશોની જે*

### ઈગતપુરી

### નાગરાજ અને થિલાગાવતી

**સ્તુતિ :** *અંબિકાવતી જે છેલ્લા ઘણા વર્ષોથી પેટના દુખાવાથી પીડાઈ રહી હતી, તેને પ્રાર્થનાના જવાબમાં સાજાપણું મળ્યું હતું. કાલુ કાંગુર્દેવને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળી હતી. દામની ગામના જયાબાઈના પરિવારે પ્રાર્થના કરી ત્યારે તેમની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. દામની ગામના મુખીએ આરાધના સંગતને થતા માત્ર અટકાવી જ નહિ પરંતુ વિશ્વાસીઓને તેમાં ભાગ નહિ લેવાની ધમકી પણ આપી હતી. જો કે, ઈશ્વરપિતાએ અમને આ તમામ પ્રશ્નોમાંથી મુક્ત કર્યા હતા. કેરોલ ગામની લીલા વિષ્ણુ લાકડા વીણી રહી હતી ત્યારે તેણીને ત્રણ માથાવાળા સાપનો સામનો થયો હતો ત્યારે ઈશ્વરપિતાએ તેણીનું રક્ષણ કર્યું હતું.*

**પ્રાર્થના :** *ટાકોગવ ગામના નંદાબાઈને લોહીના ઉચ્ચ દબાણ અને મધુપ્રમેહની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. કિશન અને મીરાને ગળાના સોજામાંથી સાજાપણું મળે એ માટે. વિશ્વાસી કિર્તીના પતિ અને બાળકોના આશ્વાસન માટે જેમણે પોતાનું જીવન દુઃખદ રીતે ગુમાવ્યું છે. અંગિથાના પરિવારને ખ્રિસ્તમાં તારણ પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા આપણા વિશ્વાસીઓના બાળકો માટે યોગ્ય ખ્રિસ્તી જીવનસાથી પ્રદાન કરે એ માટે. સંપથ અને સોનાલીના પરિવારોમાં પ્રવર્તતી ગેરસમજો ઉકેલાય એ માટે. સીતાને ઘૂંટણની ઈજામાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે.*

### પેઈન્ટ

### એલેક્સ પ્રભુ અને પ્રિયાહેથઝી

**સ્તુતિ :** *ઈશ્વરપિતાએ અરુણને મોટા અકસ્માતમાંથી કૃપાળુ રક્ષણ પુરૂ પાડ્યું હતું અને નવુ જીવન આપ્યું હતું. ઘણા વિશ્વાસીઓની પ્રાર્થનાઓને કારણે નાકોપાડા ગામના શ્યામ પર નાના આંતરડાની સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. નલશેથ ગામની કમલાબાઈનું ઈશ્વરપિતાએ ઝેરી સર્પના કરડવાથી રક્ષણ કર્યું હતું. પ્રાર્થનાના જવાબમાં કિરણની સલામત પ્રસૂતિ થઈ હતી.*

**પ્રાર્થના :** *પંગુલગર ગામની એક વર્ષીય સ્ટેહવનું અને પલ્લવીને વાઈની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. ગર્ભાશયના સોજાથી પીડીત કલ્પના, માથાના ગૂમડામાંથી સરલાના, છાતીના દુખાવામાંથી તારાબાઈના અને તાવમાંથી મનોહરના સંપૂર્ણ સાજાપણા માટે પ્રાર્થના કરશો. અંજના તેના પાછલા જીવનના ભયને છોડી દે અને ખ્રિસ્તને તેના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. ઈશ્વરપિતા શંકર અને પથીબાઈને લગ્નજીવનના ૧૫ વર્ષ બાદ બાળકરૂપી આશીર્વાદ આપે એ માટે. આપણી ગર્લ્સ હોસ્ટેલમાં રસોઈયા તરીકે સેવા આપવા માટે યોગ્ય વ્યક્તિ મળે એ માટે.*

MAY
24
શનિવાર

Happy Birthday

શ્રી વેથામાનિકમ અપ્પાદુરાઈ એન.

## નેર

### મૂર્તિ અને ભારતી મૂર્તિ

**સ્તુતિ :** ઘણા નવા વ્યક્તિઓ પ્રભુમંદિરની સંગતોમાં ભાગ લઈ રહ્યા છે. ઈશ્વરપિતાએ ૫ સ્થળોએ પ્રાર્થના સાંકળ અને રાત્રિ પ્રાર્થનાના આયોજનમાં સહાય કરી હતી. ઈશ્વરપિતાની કૃપાથી મહિલા સંગતો અને બાળકોના વર્ગોનું અસરકારક રીતે આયોજન થઈ શક્યું હતું.

**પ્રાર્થના :** ભીલ સમુદાયના તમામ લોકો ઈસુ ખ્રિસ્તને ઓળખે એ માટે. જેઓએ જીસસ ફિલ્મ જોઈ હતી તેઓ ઈસુ સાચા પ્રભુ છે તેવો વિશ્વાસ કરે એ માટે. પરાહુ દાદાને તેમની બિમારીમાંથી સંપૂર્ણ સાજાપણું મળે એ માટે. મંડળીના તમામ સેવાકાર્યો આશીર્વાદિત બને એ માટે પ્રાર્થના કરીએ.

## સુરગાના

### ટી. મઈલસામી અને યેસુમની ટી.

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ ગયા મહિને સુવાર્તાપ્રચાર સેવાકાર્યો દ્વારા નવા આત્માઓ આપ્યા હતા. પ્રાર્થનાઓ દ્વારા વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં પાછા આવ્યા હતા અને હવે તેઓ પ્રભુમંદિરની સંગતોમાં ભાગ લઈ રહ્યા છે. નવું આરાધના જૂથ શરૂ કરવામાં આવ્યું છે. ઈશ્વરપિતાએ રોજીનીને શેતાનનાં બંધનમાંથી મુક્ત કરી હતી.

**પ્રાર્થના :** નવા આત્માઓ પ્રભુમંદિરની સંગતોમાં અવરોધ વિના સતત ભાગ લે એ માટે. સામાજીક વિરોધ કે જે વિશ્વાસીઓને તેમના વિશ્વાસની કબૂલાત કરવામાં આવરોધરૂપ છે તે દૂર થાય એ માટે. ઈશ્વરપિતા સોમનાથ અને મંથાબાઈને બાળકોનો આશીર્વાદ આપે એ માટે.

## બોરાડી

### ઓમપ્રકાશ અને સપના

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ મહિલાઓની મીટીંગ, યુવાઓની મીટીંગ, સત્સંગ મીટીંગ અને ઉપવાસ સહિતની પ્રાર્થનામાં અજાયબ કાર્ય કર્યું છે. આપણા વિશ્વાસી આશારામભાઈને અકસ્માતમાં નાની ઈજાઓ સાથે બચાવ થયો હતો. સંગતોમાં ભાગ લેનારા નવા લોકો ઈસુ ખ્રિસ્તમાં તેમના વિશ્વાસની કબૂલાત કરવા તૈયાર છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા કિડનીની પથરીથી પીડીત સુનિલભાઈ, છાતીમાં દુખાવાથી પીડીત થારમસિંહ, દુસાભાઈ, ડાયાબિટિઝથી પીડીત સબહિભાઈ અને માથાની ગાંઠથી પીડીત મેનાકાભાઈને સંપૂર્ણ સાજાપણું આપે એ માટે. ઈશ્વરપિતા કંગીભાઈ, સાગુભાઈ, સુક્કલભાઈ, મંગિલાને લકવાની બિમારીમાંથી અને મીનાબાઈ, દીપક અને બિંદુબાઈને બહેરા-મૂગાપણામાંથી સાજાપણું આપે એ માટે. જેનુબાઈ અને કવિતાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્ત કરવામાં આવે એ માટે.

MAY
25
રવિવાર

Happy Birthday

*શ્રીમતી ફ્રીડા બેબી એડવર્ડ સેમ*
*શ્રીમતી રાડા રત્ના અબ્રાહમ*
*શ્રીમતી ક્રિસ્ટા રવિ કુમાર, શ્રી ક્રિન્સલી એ. આર.*
*શ્રી ઝમ્મિનલન ટી., શ્રી વિજય કુમાર*
*શ્રીમતી શાયલા કુપ્પસ્વામી*

## ચાલીશગાંવ

### યેસુ પ્રકાશ અને સુનંદા બેલ્લી

**સ્તુતિ :** *કિડનીની બળતરા અને ચેપથી પીડીત બેટોન્ટા ગામના બે મહિનાના બાળકને ડોક્ટરોએ શસ્ત્રક્રિયાની ભલામણ કરી હોવા છતાં વિશ્વાસીઓએ પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ તેને સંપૂર્ણ સાજાપણું આપ્યું હતું. ઈશ્વરપિતાએ જ્યોતિ યાદવને ત્વચાના ચેપ અને પગના દુખાવામાંથી સાજાપણું આપ્યું હતું. ૫ વર્ષના કાર્તિકને કિડનીના ચેપમાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું.*

**પ્રાર્થના :** *ઈશ્વરપિતા અન્નનળીના ચેપથી લીલાભાઈને, વિવિધ રોગથી પીડીત શોબાઈને, સંધિવાથી પીડીત વત્સલભાઈને સાજાપણું આપે એ માટે. એક વર્ષના પુથનને મોંના અલ્સરમાંથી સાજાપણું મળે એ માટે. નાગાટ અને મ્યુકેટ ગામોમાં સેવાકાર્યનો વિરોધ કરનારા લોકો પસ્તાવો કરે એ માટે. સંજય માર્શલ અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્ત થાય એ માટે.*

## ગડચંદુર

### પૉલ આલ્બર્ટ અને રાની જેસિલેટ

**સ્તુતિ :** *ગામલોકોએ અગુરકાડા ગામમાં જીસસ ફિલ્મ દર્શાવવા પરવાનગી આપી હતી. રેજપલ્લી અને નિરલા ગામના લોકો સુવાર્તામાં રસ બતાવી રહ્યા છે. ઈશ્વરપિતા ૪૬ બાઈબલ વર્ગો, મેળાઓ અને સાજાપણા માટેની મીટીંગો કોઈપણ અવરોધ વિના સરળતાથી ચલાવવા માટે સહાય કરી હતી.*

**પ્રાર્થના :** *નવા વિશ્વાસી રાધાભાઈ ખ્રિસ્તમાં વૃદ્ધિ પામે એ માટે. કામથકુન્ડા ગામના લોકો સુવાર્તાનો વિરોધ કરે છે, તેઓ પસ્તાવો કરે અને તેમને પ્રભુ ઈસુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. ઈશ્વરપિતા શ્રીકાંત ભુવન અને ગૌતમના પગોને મજબૂત બનાવે અને ચાલવાની ક્ષમતા આપે એ માટે. કિશન, જ્યોતિ અને મંજુલાને ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે.*

## મુક્તિ આપી

*મધ્યપ્રદેશના કાલવા ક્ષેત્રના સેજપત ગામની ૨૫ વર્ષીય પાર્વતી તેના પિતાના અંતિમ સંસ્કાર દરમિયાન, તેણીના સંબંધીએ તેમના શરીર પર મૂકવામાં આવેલ એક નાળિયેર લીધુ અને તે પાર્વતીને આપ્યું. ત્યારથી છ મહિના સુધી તેણી અશુદ્ધ આત્માનાં બંધનથી પીડાતી હતી અને માનસિક રીતે અસ્વસ્થ થઈ હતી. તેથી, તેણીના સંબંધી અને આપણા વિશ્વાસી ફુલગાઈ કોલુએ તેણીને સુવાર્તા સંભળાવી અને તેને સંગતમાં લાવ્યા. જ્યારે આપણા તમામ વિશ્વાસીઓએ પ્રાર્થના કરી, ત્યારે તે બંધનમાંથી મુક્ત થઈ હતી અને તેણીએ પ્રાર્થના કરવાનું શરૂ કર્યું હતું અને તેણીએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો. હાલેલૂયા !*

**MAY 26**

**સોમવાર**

## Happy Birthday

*શ્રીમતી સીસીલ જ્ઞાનમ રાજકુમારી અરુમનયાગમ*
*શ્રી બાબુરાજ કે. શ્રીમતી માઈકલ જ્હોન સેમ્યુઅલ*
*શ્રીમતી જેબાલા વિજયકુમાર, શ્રી ડેનિયલ રાજમની એસ.*
*શ્રીમતી હેપઝી સેલ્વમ થાવમાની*
*શ્રીમતી તુમ્બાડા રાસિલાબેન રામભાઈ*

### તલસારી

### ગેડ્ડામ શ્રીનિવાસરાવ અને રાજ્યા લક્ષ્મી

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ ભટગરપાડા અને વારવેડ ગામોમાં સુવાર્તાપ્રચાર સેવાકાર્યો અને રાત્રિની પ્રાર્થના મીટીંગો સરળતાથી ચલાવવામાં સહાય કરી હતી. ઓર્સેવીરા અને સારી ખાતેના પ્રભુમંદિરોની પ્રાર્થના જૂથોએ મુલાકાત લીધી હતી અને વિશ્વાસીઓને પ્રોત્સાહન આપ્યું હતું. ઈશ્વરપિતાએ વિશ્વાસી કાકડુદેવલ સિંધદાનું એક મોટા અકસ્માતમાંથી રક્ષણ કર્યું હતું.

**પ્રાર્થના :** આગામી ગોદાવરી મેળાની તમામ જરૂરિયાતો ઈશ્વરપિતા પૂર્ણ કરે અને તેની તૈયારીઓને આશીર્વાદિત કરે એ માટે.૧૪ વર્ષથી નિસંતાન ગુંડા દીલીપ, સુનિતા અને સંજનાના પરિવારોને ઈશ્વરપિતા બાળકનો આશીર્વાદ આપે એ માટે. આપણે પ્રાર્થના કરીએ કે બાઈબલ વર્ગો અને મહિલા પ્રાર્થના જૂથો અવરોધ વિના ચાલુ રહે.

### કર્ણાટક

### શિગગાંવ

### નરેન્દ્ર કુમાર

**સ્તુતિ :** છેલ્લા એક વર્ષથી ગાંઠથી પીડાતી ફાતિમાને પ્રાર્થનાના જવાબમાં સાજાપણું મળ્યું હતું. પુષ્પાના હાથમાં ફોલ્લામાંથી પ્રાર્થનાના જવાબમાં ચમત્કારિક સાજાપણું મળ્યું હતું, નહિતર તેને ઓપરેશન દ્વારા દૂર કરવો પડત. જ્યારે વિશ્વાસીઓએ કિડનીની બિમારી માટે હોસ્પિટલમાં દાખલ થયેલા ગિરીજમ્મા માટે પ્રાર્થના કરી, ત્યારે ઈશ્વરપિતો તેને સંપૂર્ણ સાજાપણાનો આશીર્વાદ આપ્યો હતો.

**પ્રાર્થના :** ખ્રિસ્તીઓના કબ્રસ્તાન બનાવવા માટે જમીન ફાળવવા માટે ઈશ્વરપિતા સ્થાનિક આગેવાનો, તહસિલદાર અને અન્ય સરકારી અધિકારીઓના હૃદયને સ્પર્શ કરે એ માટે. નવા વિશ્વાસીઓ ઈશ્વર પ્રત્યેના વિશ્વાસ અને ભક્તિમાં વૃદ્ધિ પામે એ માટે. શેતાની બંધન હેઠળ મલ્લાવા બોલવા અને ચાલવામાં અસમર્થ છે તેણી તેના બંધનમાંથી મુક્ત થાય એ માટે.

### મુડગોન્ડ

### કોન્કા ગિરી બાબુ અને લોર્ડુ મેરી

**સ્તુતિ :** વાસાકોપ્પુ, હનાગુંડુ, મંજુકેરી અને પંગપુરા ગામોમાં પ્રગટ કરાયેલ સુવાર્તા પ્રત્યે લોકો આતુર હતા તેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે.

**પ્રાર્થના :** કસુવાવડને કારણે બાળકની ખોટ અંગે દુખિત દંપતી રેશ્મા અને સુરેશને ઈશ્વરી આશ્વાસન મળે એ માટે. ૨૦ વ્યક્તિઓ કે જેઓ નિયમિતપણે મંડળીમાં ભાગ લે છે અને તેમ છતાં જાહેરમાં તેમના વિશ્વાસની કબૂલાત કરતા ડરે છે, તેમનો ડર દૂર થાય અને જાહેરમાં વિશ્વાસની કબૂલાત કરે એ માટે.

**MAY**
**27**
**મંગળવાર**

## Happy Birthday

શ્રી જોસેફ દુરાઈરાજ પી.
શ્રીમતી રેબેકલ જ્ઞાનમ ચાર્લ્સ ચેલ્લાકુમાર
શ્રીમતી અરુલમેરી અનબાઈહ, શ્રી સેમ્યુઅલ જેબાકુમાર એ.
શ્રીમતી માયા સુસાન સુનિલ કે. મેથ્યુ
શ્રી એલિશા ડાઈમ, શ્રી ડેવિડ આર.

## શિરહટ્ટી

### આશા પ્રાપ્ત પાલ અને દીના બેબોર્તા

**સ્તુતિ :** જ્યારે વિશ્વાસીઓએ ઉપવાસ સહિત પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ મંજુલાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ આપી હતી. જ્યારે તેમના લગ્ન જીવનના ૪ વર્ષ સુધી નિસંતાન રહેનાર લક્ષ્મીએ ઈશ્વરને પ્રાર્થના સતત માંગ કરી, ત્યારે પ્રભુએ તેને બાળકનો આશીર્વાદ આપ્યો હતો.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસી પુત્ર મુથુ માટે, જે પાછલા બે વર્ષથી ગુમ થયેલ છે, સલામત રીતે ઘરે પાછા ફરે એ માટે. આપણા વિશ્વાસીઓ મૌનેશ, પ્રકાશ, મંજુ, ધર્મા, રમેશ, દીપા અને મંજુલાને સારા ખ્રિસ્તી અને પ્રભુની બીક ધરાવતા જીવનસાથીઓ પ્રાપ્ત થાય એ માટે.

## ગજેન્દ્રગડા

### લુબિન મુર્મુ અને સલોમી હંસદા

**સ્તુતિ :** પાછલા ૧ વર્ષથી બ્લડ કેન્સરથી પીડીત ૧૦ વર્ષની છોકરી પાર્થિબાને પ્રાર્થનાના જવાબમાં સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી જ્યાં સુવાર્તા માટે વિરોધ છે તેવા વિસ્તારોમાં જીસસ ફિલમ દર્શાવી શક્યા હતા.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા કુર્બા, વાલ્મીકી અને કોન્જીકોરી લોકજૂથોમાં સુવાર્તા પ્રગટ કરવાના પ્રયત્નોને આશીર્વાદ આપે એ માટે. ભરતને થાઈરોઈડની બિમારીમાંથી સંપૂર્ણ સાજાપણું મળે એ માટે.

## હલીયાલ

### થંગલાલ ઝોઉ અને નેમઝવાહ

**સ્તુતિ :** તાલુકા ઓફિસમાં આપણી વિશ્વાસી શોભા મારુતિને સરકારી નોકરી મળી હતી. ઈશ્વરન પર ઈશ્વરપિતાની કૃપા માટે કે જ્યારે તે ઘરની બહાર નીકળ્યો ત્યારે સાપ તેના પગની વચ્ચેથી સરકી ગયો હતો પરંતુ તેણે તેને ડંખ માર્યો ન હતો.

**પ્રાર્થના :** નવા વિશ્વાસીઓ ખ્રિસ્તમાં વૃદ્ધિ પામે એ માટે. ઈશ્વરપિતા ગીતાના પરિવારને દેવામાંથી મુક્ત કરે એ માટે. આપણા નવા વિશ્વાસી નામદેવની પત્નીને શેતાની બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ઈશ્વરપિતા મંજુલા, પ્રેમા અને પાર્વતનીને બાળકનો આશીર્વાદ આપે એ માટે. નંદકટ ક્ષેત્રમાં પ્રભુમંદિરના નિર્માણ માટે યોગ્ય જમીન મળે અને બાંધકામ શરૂ થાય એ માટે.

MAY
28
બુધવાર
ઉપવાસસહિતની પ્રાર્થના

Happy Birthday
શ્રીમતી જયસેલવી મણિમારન

## મુંદરગી

### સેમ્યુઅલ બેબર્તા

**સ્તુતિ :** વાલ્મિકી લોકજૂથ સુવાર્તામાં રસ બતાવે છે. ઈશ્વરપિતાની કૃપાથી અમને કોપાલ ક્ષેત્રમાં સુવાર્તા પ્રગટ કરવા સક્ષમ બનાવ્યા હતા. સન્નાદાસર સમુદાયના દુર્ગપ્પાને વિવિધ શારીરિક બિમારીઓમાંથી સાજાપણું મળે એ માટે. પ્રભુમંદિરમાં આરાધના સંગતોમાં ઘણા નવા લોકો ભાગ લઈ રહ્યા છે.

**પ્રાર્થના :** પંચાયતના વડા પંજામી ઉપર કૃપા કરે અને ગરીબો માટેના સરકારી આવાસ યોજના માટે ભંડોળ મંજૂર કરે અને તેણીને પોતાનું ઘર બાંધવામાં સહાય કરે એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિક સંતોષ લગભગ ત્રણ વર્ષથી કાયદાકીય કેસમાં ફસાયેલા છે, તે કેસમાં અનુકૂળ ચુકાદો આવે અને કેસ બંધ થાય એ માટે. ઈશ્વરપિતા જીસસ ફિલ્મ સેવાકાર્ય માટે વિવિધ સંસાધનો પૂરા પાડે એ માટે. મેગિરશીન બેબર્તાને કિડનીની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

## નિદાગુંડી

### માંજ્યા નાઈક અને એલ રત્ના

**સ્તુતિ :** છેલ્લા બે વર્ષથી શારીરિક બિમારીઓથી પીડાતા નેત્રાને ચમત્કારિક સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી ૪ વર્ષની સારિકાના માથાની ગાંઠને સર્જિકલ પ્રક્રિયા દ્વારા સફળતાપૂર્વક દૂર કરવામાં આવી હતી.

**પ્રાર્થના :** ૧૫ વર્ષીય શિલ્પાને પાંડુરોગને કારણે દર મહિને લોહી બદલવું પડે છે, તેને ઈશ્વરપિતાની કૃપા અને સાજાપણું પ્રાપ્ત થાય એ માટે. આગામી સેવાકાર્યો કોઈપણ અવરોધ વિના સફળતાપૂર્વક આયોજીત થઈ શકે એ માટે.

## ઈસુના શરણે પાછા આવવું

ઉત્તરાખંડના બઝપુર ક્ષેત્રના દેવીપુરા ગામની ચંદુરી વિશ્વાસમાં નબળી પડી હતી અને તેની જૂની ઉપાસના તરફ વળી હતી. તે અન્ય વિશ્વાસીઓને પણ આવુ કરવા દબાણ કરી રહી હતી. તેણી બેંકહેડા ગામમાં રવિવારની સંગતો રોકવા માગે આગ્રહ કરી રહી હતી. અચાનક એક દિવસ તેની બહેન બિમાર પડી અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ડોક્ટરોએ કહ્યું કે તેણીના અડધા પગ કાપી નાખવા પડશે, અને તેઓએ સર્જરી દ્વારા તેણીના અડધા પગ કાપી નાખ્યા. જ્યારે તેણી તેના ગામમાં પરત ફરી ત્યારે તેણીને સમજાયું કે ગામલોકો તેની વિરૂદ્ધ થયા છે અને વિશ્વાસમાં તેના પીછેહઠની અનુભૂતિ કરી, તેણી રડી અને તેના પાપની કબૂલાત કરી અને તેના વિશ્વાસને તાજો કર્યો અને તેણીએ તેની બહેન માટે પ્રાર્થનાનો ટેકો માંગ્યો.

MAY 29 ગુરુવાર

Happy Birthday

*શ્રીમતી શકેના ક્રિપા રક્ષા બર્રે*

*શ્રી ઈમેન્યુઅલ એસ.*

## આંધ્ર પ્રદેશ

### પાલમનેર

### પૉલ કુપ્પુસામી અને શાયલા

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ ગુરુસ્વામી અને તેની પત્નીનું અકસ્માતમાં ચમત્કારિક રક્ષણ કર્યું હતું. વિશ્વાસીઓ સૌમિયા, મદુમાતી, વિકી અને સરવેશ્વરી તેમના વિશ્વાસની જાહેર કબૂલાતની તૈયારી કરી રહ્યા છે. જયરાજ ઘણા વર્ષોથી ચાલવામાં અસમર્થ હતો, તે હવે પ્રાર્થનાના પરિણામે લાકડીની મદદથી ચાલવા માટે સક્ષમ છે.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસી વેંકટાલક્ષ્મીને ઈશ્વરપિતા ગળાની ગાંઠમાંથી સાજાપણુ આપે એ માટે. બાસ્વરાજકંદારિગા પ્રભુમંદિરના નિર્માણ માટે યોગ્ય જમીન ખરીદવામાં આવે એ માટે. બ્લડકેન્સરથી પીડીત દીયાને સાજાપણું પ્રાપ્ત થાય એ માટે. ચિત્તૂર ક્ષેત્રમાં આપણી સંસ્થાના બેનર હેઠળના તમામ પ્રભુમંદિરોને સ્થાનિક વહીવટ તરફથી પટ્ટા દસ્તાવેજ પ્રાપ્ત થાય એ માટે. ગંગુલ્મા માટે જેને પાછલા ૬ મહિનાથી વૃદ્ધો માટેની સહાયના ભાગરૂપે સરકારી ભંડોળને મંજૂરી આપવામાં આવી નથી. તેના પૌત્રને અસ્થિભંગમાંથી સાજાપણું પ્રાપ્ત થાય એ માટે.

### કોઠાચેરેવુ

### દેસાઈ દિલીપભાઈ અને રાંધા લક્ષ્મીબેન નવશુભાઈ

**સ્તુતિ :** નવા ૩ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. સૈનગરમાં મહિલાઓનું સંમેલન આશીર્વાદિત રહ્યું હતું અને પ્રભુના નામનો મહિમા થયો હતો. ૨ ગામોમાં નવી આરાધના ટીમો શરૂ કરવામાં આવી છે. પ્રાર્થના દ્વારા વાઈની બિમારીથી ઈમેન્યુઅલને, છાતીના દુખાવામાંથી અજયને, શારીરિક નબળાઈમાંથી ઓપુલ્લમાને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા વિશ્વાસીઓ અજય અને થાણુજાઈને યોગ્ય નોકરીની તકો પૂરી પાડે એ માટે. ઈશ્વરપિતા શરીરની નબળાઈ અને પગ અને ઘૂંટણની પીડાથી પીડાતા મરિયમ્માથી પીડાતા ઈમેન્યુઅલ ઉબેંડહરને સંપૂર્ણ સાજાપણુ આપે એ માટે. મુથૈયાલમા અને સસીકલાને સારી નોકરી તેમજ યોગ્ય જીવનસાથી મળે એ માટે. નરસિંહા અને ગંગાધરીના પરિવારોએ ખ્રિસ્તી જીવનશૈલી છોડી દીધી છે, તેઓ વિશ્વાસમાં પાછા ફરે એ માટે. પ્રભાવતીને તાવમાંથી સાજાપણું મળે અને તેના પરિવારની આર્થિક સ્થિતિ સુધરે એ માટે.

**MAY 30**
**શુક્રવાર**

## Happy Birthday

શ્રીમતી મેર્લિન જેનેટ ફ્રેન્કલિન
શ્રીમતી ગ્લેડી બેઉલાહ સેમ્યુઅલ જેબાકુમાર
શ્રી ઈઝરાઈલ નાથનીએલ એડવર્ડ એસ.
શ્રી રેઉબેન રવિ એમ., શ્રી વાવાચન એમ. પી.
શ્રીમતી અંજલિ દેવી બેન્ટુમિલી અગગિબાડા
શ્રીમતી ઉષા યેસુબાબુ

### સડુમ

### અનિલ મહાલી અને દિગુમાર્થી પ્રસન્થી

**સ્તુતિ :** મારુદીપલ્લી, મોથવરીપલ્લી, મદુથરપલ્લી અને કંદલાપલ્લીના ગામોમાં પ્રથમ વખત સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ઈશ્વરપિતાની કૃપાથી વ્યક્તિગત વ્યક્તિઓનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો અને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ધમલાચેરુવુના વિશ્વાસીઓ આખી રાત્રિની પ્રાર્થનાઓ અને રવિવારની સંગતોમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે. રામપુરમ ગામના એસમ્માએ ઈશ્વરપિતાની કૃપાથી તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો છે.

**પ્રાર્થના :** કેમન્થરાજુએ એમબીએનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો છે તેને સારી નોકરી પ્રાપ્ત થાય એ માટે. શ્રીકાંત દારૂનું વ્યસન ત્યજી દે અને તારણ પામે એ માટે. સુબ્રમણિયમ, અમ્રિતા, સુગન્યા, ગુરુનાથન, સૌમથી, વિજયકુમાર, યોગેશ, સંધિરમ્મા, અરુણા, શોભના, લોગનાથન, ઓલામ્મા, કુમારી અને કિરિથા વિરોધ સહન કરી રહ્યા છે, તેઓ હિંમતપૂર્વક પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કબૂલ કરે એ માટે.

### તમિલનાડુ

### વેટવલમ

### બ્રાઈટ જેયાકુમાર અને બેઉલાહ

**સ્તુતિ :** થંગરાજ પેરિયા ઓલાપડી ચર્ચ સંકુલની સારી રીતે જાળવણી કરી રહ્યા છે. ઈશ્વરપિતાએ થંગરાજ અને કિશને સુવાર્તા પ્રચાર કરવાની તક પૂરી પાડી હતી. કલાયેસોરથુર અને પેરિયા ઓલાપડી પ્રભુમંદિરોમાં આયોજીત બાળ વર્ગોમાં બાળકો ઉત્સાપૂર્વક ભાગ લે છે. ઈશ્વરપિતાએ સરન્યા અને તેમના પુત્ર લોકેશને ભયાનક સ્વપ્નો અને શેતાનના બંધનોમાંથી મુક્ત કર્યા હતા. તેમના પતિ અનબરાસુને દારૂના વ્યસનમાંથી મુક્ત કર્યા હતા અને તે પરિવાર સાથે શાંતિથી રહે છે.

**પ્રાર્થના :** જે બાળકો ઉત્સાહપૂર્વક સન્ડે સ્કૂલમાં હાજરી આપે છે તેઓ તારણ પામે અને તેમના પરિવારોને પ્રભુ ઈસુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. ઓલાપડ્ડી ગામના વેલ મુરુગન દારૂના વ્યસનમાંથી મુક્ત થાય એ માટે. રાહુલને યોગ્ય જીવનસાથી પ્રાપ્ત થાય એ માટે.

**MAY 31**
**શનિવાર**

## Happy Birthday

શ્રી ચંદ્રન કે.વી., શ્રી વિજયન ટી.
શ્રીમતી સંતાની બર્ધન મનોજ કુમાર પાનિ
શ્રીમતી સ્વાતી શર્મા જગમોહન સિંગ
શ્રી અરુલ અસીર ડી.

## પાવરી બાઈબલ અનુવાદ

### જેન અમુથા કિરુબાઈ

**સ્તુતિ :** ગીતશાસ્ત્ર અને એસ્તરના પુસ્તકોના અનુવાદ સંબંધિત કાર્યની સફળ સમાપ્તિ માટે ઈશ્વરપિતાનો આભાર. ઈશ્વરપિતાની કૃપાથી નિર્ગમનના ૧૦ અધ્યાયો અને નીતિવચનોના પુસ્તકનો અનુવાદ સમાપ્ત થયો હતો.

**પ્રાર્થના :** પાવરી ભાષામાં વીબીએસ અને સન્ડે સ્કૂલ માટે પુસ્તકોના અનુવાદ માટે ઈશ્વર તરફથી જરૂરી ડહાપણ અને કૃપા માટે. અનુવાદના કાર્યમાં સામેલ મિશનરી માટે તેમના જમણા હાથમાં દુખાવો તેમજ તેમના ગર્ભાશયની ગાંઠમાંથી સાજાપણું મળે એ માટે. તમામ વિશ્વાસીઓને ઓડીયો બાઈબલ પ્રાપ્ત કરે અને તેઓ પ્રભુના વચનો સાંભળે અને શીખે એ માટે. પાવરી ભાષામાં નવો કરાર તમામ મંડળીઓમાં વાંચવા અને લોકો પ્રભુના વચનો અનુસાર વાંચન કરે, શીખે અને પાલન કરે એ માટે. મિશનરીની બીજી પુત્રી નાલાથમના ઉચ્ચ શિક્ષણ માટે.

## પ્રભુના ઘરનો દુરૂપયોગ

ઉત્તર પ્રદેશના બર્ધાના ક્ષેત્રના વિરોધને કારણે મેઘન પ્રભુમંદિર બંધ કરી દેવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, પંચાયતના અધિકારી રાણા (વિરોધી અને રાજકારણી) એ આપણા સ્થાનિક સુવાર્તિક વિજયકુમારને ફોન કરીને પ્રભુમંદિરની ચાવી માંગી. તેઓએ તેને સરકારી ગૌશાળા બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી બાંધકામ સામગ્રીને સંગ્રહિત કરવા પ્રભુમંદિર ખોલવા કહ્યું. જ્યારે તેમણે ચર્ચની ચાવી આપવાનો ઈનકાર કર્યો ત્યારે તેઓએ તાળુ તોડીને બંધી બાંધકામ સામગ્રી ચર્ચની અંદર મૂકી. આવો આપણે પ્રાર્થના કરીએ કે આ અપમાનજનક પ્રવૃત્તિમાં સામેલ દરેક અધિકારી પસ્તાવો કરે અને પ્રભુ ઈસુનો સ્વીકાર કરે.

## ઉપવાસનું સામર્થ્ય

મહારાષ્ટ્રના દાદગોઆન ક્ષેત્રના ગાદિકિયા ગામની કરુણા એમબીબીએસ પૂર્ણ કર્યા પછી કાયમી સરકારી નોકરીની રાહ જોઈ રહી હતી. તે કોરોના સમયગાળા દરમિયાન અસ્થાયી નોકરીમાં જોડાઈ. પછી તેણીએ સરકારી પરીક્ષાઓ આપી અને પાસ કરી. તે પછી, કરુણા અને તેના સમગ્ર પરિવારે નવ મહિના સુધી ઉપવાસ કર્યા અને પ્રાર્થના કરી. ત્યાર બાદ તેણીને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવી, પ્રાર્થના સાથે ઈન્ટરવ્યૂમાં ભાગ લીધો અને સફળતા મળી અને મહારાષ્ટ્ર રાજ્ય સરકારમાં તબીબી અધિકારી તરીકે કાયમી ધોરણે નિમણૂંક કરવામાં આવી. હાલેલુયાહ !

404
**મિશનરી આલ્બમ**



# શ્રી ડેનસિંગ અને શ્રીમતી જાસ્મિન કવિતારાની પરિવાર

ડેનસિંગનો જન્મ ૧૬ એપ્રિલ, ૧૯૭૯ ના રોજ તમિલનાડુના થુથુકુડી જીલ્લામાં વેલાલાનવિલાઈ નામના નાના ગામમાં થયો હતો. તેમના પિતા, શ્રી રત્નારાજ અને તેમની માતા શ્રીમતી ગ્રેસ, નિષ્ઠાવાન ખ્રિસ્તીઓ હતા જેમણે તેમને દૈનિક પ્રાર્થના અને શિસ્તબદ્ધ જીવન સાથે ઉછેર્યા હતા. એક બાળક તરીકે, મિશનરીઓની વાર્તાઓએ તેના હૃદયને ઊંડો સ્પર્શ કર્યો હતો જેમણે ખ્રિસ્ત માટે લોહી વહેવડાવ્યું હતું. તે હંમેશાં જાહેર કરતો હતો કે એક દિવસ, તે પણ ઈશ્વર માટે શહીદ તરીકે મૃત્યુ પામશે. જો કે, તેની માતાએ કુશળતાપૂર્વક સલાહ આપી, "પ્રથમ, તારે તારણનો અનુભવ કરવો જ જોઈએ. માત્ર ત્યારે જ તું ખ્રિસ્ત માટે શહાદત આપી શકે છે." તે સમયે, તે હજી સુધી તારણનો અનુભવ કરી શક્યો ન હતો. જેમ જેમ તે મોટો થયો, તે ઈશ્વરથી દૂર ગયો અને દુન્યવી લાલચ અને પાપમાં પડ્યો. જો કે, એક દિવસ, સંપૂર્ણ હતાશામાં, તેણે ઈશ્વરને પોકાર કર્યો. તે ક્ષણે, ઈશ્વરના વચને માથ્થી ૧૧:૨૮ દ્વારા તેમની સાથે સામર્થ્યપૂર્ણ રીતે વાત કરી: "ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ." ત્યારે જ, પ્રભુ ઈસુએ તેમના તમામ પાપોથી તેમના મૂલ્યવાન લોહીથી તેમને મુક્ત કર્યા. ઈશ્વરના તેડાના જવાબમાં, તેમણે તેમનું સેવાકાર્ય કરવાનો નિર્ણય લીધો. તેમણે કર્ણાટકની બે વર્ષની સેવાકીય સફર શરૂ કરી, જ્યાં તેમણે સુવાર્તાની પરિવર્તનશીલ શક્તિની સાક્ષી આપી. ત્યાર બાદ, તેમણે બાઈબલ કોલેજમાં ત્રણ વર્ષનો ઈશ્વરવિદ્યાનો અભ્યાસક્રમ કર્યો, પોતાને ઈશ્વરના સેવાકાર્ય માટે સજ્જ કર્યા. ૨૦૧૦ માં, તે ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયરબેન્ડ (એફએમપીબી) માં જોડાયા.

જાસ્મીન કવિતારાનીનો જન્મ ૨૩ સપ્ટેમ્બર, ૧૯૮૨ ના રોજ ન્યાયધીશ શ્રી મારિયાપ્પન દેવ અસિર્વથન અને પ્રોફેસર શ્રીમતી જિયા તમિલાસીના પરિવારમાં થયો હતો. બોલવામાં અવરોધને કારણે તેણીને શૈક્ષણિક રીતે સંઘર્ષ કરવો પડ્યો હતો. જ્યારે શાળામાંથી ઉઠાડી લેવાની સલાહ આપવામાં આવી ત્યારે તેણી નિરાશ થઈ ગઈ અને ૮માં ધોરણમાં આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. તે ક્ષણે, તેણીએ ઈશ્વરની વાણી સાંભળી : "મારી દીકરી, હું તને પ્રેમ કરું છું, બાઈબલ વાંચ". નરકનું દર્શન તેણીને ખ્રિસ્તની શરણાગતિ તરફ દોરી ગયું. ઈશ્વરપિતાએ રમતગમત દ્વારા તેના જીવનને પરિવર્તિત કર્યું — તે એથ્લેટિક્સમાં ઉત્કૃષ્ટ, રાષ્ટ્રીય હોકી ખેલાડી બની, અને તમિલનાડુ રાજ્યની ટીમની કપ્તાની કરી. પાછળથી, તેણીએ ઈશ્વરના તેડાનું પાલન કર્યું. ૨૦૦૭ માં એફએમપીબીમાં જોડાવા માટે આસામમાં મિશિંગ આદિજાતી મધ્યે સેવાકાર્ય કર્યું.

૧૫ મે, ૨૦૧૦ ના રોજ તેમના લગ્ન પછી, અને ઝાંસીમાં ડેનસિંગની મિશનરી તાલીમ બાદ, ઈશ્વર તેમને પૂર્ણ સમયના સેવાકાર્ય માટે આસામમાં મજુલી આઈલેન્ડ તરફ દોરી ગયા. છ વર્ષ સુધી, તેમને કોઈ સંતાન ન હતું, પરંતુ તેમને આત્મિક બાળકોનો આશીર્વાદ આપ્યો હતો. પાછળથી, તેમને બે પુત્રીઓનો આશીર્વાદ મળ્યો. લિસા મિરક્લિનનો જન્મ ૭ જુલાઈ, ૨૦૧૫ ના રોજ થયો હતો, અને ૧૨ ઓક્ટોબર, ૨૦૧૭ ના રોજ લિયા પ્રેઝલિનનો જન્મ થયો હતો. લિસાના લ્યુકેમિયાની બિમારીના નિદાને તેમના વિશ્વાસની ચકાસણી કરી, પરંતુ પ્રાર્થના અને તબીબી સંભાળ દ્વારા, તે ચમત્કારિકરૂપે સાજી થઈ ગઈ. આજે, તે જીવંત અને સ્વસ્થ છે, ઈશ્વરપિતાના વિશ્વાસુપણા અને પ્રાર્થનાની શક્તિની જીવંત સાક્ષી છે.

આવો આપણે આ પરિવારને આપણી પ્રાર્થનાઓમાં યાદ રાખીએ.

GO INTO ALL THE WORLD AND PREACH THE GOSPEL TO ALL CREATION

**friends missionary prayer band**

Go or Send

## To tend the olive shoots- the second generation believers

# WANTED

Teachers, Medical professionals

# WE ARE HIRING

**PASSIONATE AND QUALIFIED**

Teachers and Medical professionals

**School at Jharkhand (Pandeni)**

Mathematics / Science / History / PET

**School at Gujarat (Jhawda)**

Mathematics / Physics / Biology / Chemistry

**Hospital at Jharkhand**

Nurses / X-ray Technician / Pharmacist / Anaesthesiologist / Pediatrician

### WHY JOIN US?

- It is an opportunity to serve our Lord through your profession for a few years in your lifetime
- This is an investment for The Lord's Kingdom's sake in the life of young believers.
- An opportunity to transform communties by giving good education or medical services.

### WHO CAN APPLY

- A candidate who is bornagain and with a Missionary heart who are willing to stay on campus
- A candidate with good knowledge of the subject
- A candidate with a good communication skill in English

*Join our team as we are involved in shaping the future of the children from the marginalised society!*



**Salary for Teachers**

Any UG degree with BEd. - Rs.25000/-
Any PG degree with BEd - Rs. 27000/-

Send your Resume to the HRD **hrd@fmpb.org**

*For further details please contact:*
**FMPB,** 29, High School Road,
Ambattur, Chennai 53. 8073130527
☎ 044-26570404 / 26573353

***Published by:*** S. John Berlin on behalf of Friends Missionary Prayer Band from 29, High School Road, Ambattur, Chennai 600 053. Tel. 044-2657 0404 E-mail: info@fmpb.org ***Printed by:*** Rasi Graphics (P) Ltd. No. 40, Peters Road, Royapettah, Chennai - 600014. ***Editor: S. John Berlin***